
# જીવનમાંથી જડેલી વાતો

## વિશ્વ-વિભૂતિઓના પ્રેરક પ્રસંગો



શ્રી. એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

# પ્રાર્થના

વિપત્તિમાં મારી રક્ષા કરો, એ મારી પ્રાર્થના નથી,
પણ વિપત્તિમાં હું ભય ન પામું, એ મારી પ્રાર્થના છે.

દુઃખ ને સંતાપથી ચિત્ત વ્યથિત થઈ જાય ત્યારે
મને સાંત્વના ન આપો તો ભલે,
પણ દુઃખ ઉપર હું વિજય મેળવી શકું એવું કરજો.

મને સહાય ન આવી મળે તો કાંઈ નહિ
પણ મારું બળ તૂટી ન પડે,

સંસારમાં મને નુકસાન થાય
કેવળ છેતરાવાનું જ મને મળે,
તો મારા અંતરમાં હું એને મારી હાનિ ન માનું તેવું કરજો.

મને તમે ઉગારો - એવી મારી પ્રાર્થના નથી,
પણ હું તરી શકું એટલું બાહુબળ મને આપજો.

મારો બોજો હળવો કરી મને ભલે હૈયાધારણ ન આપો
પણ એને હું ઊંચકી જઈ શકું એવું કરજો.

સુખના દિવસોમાં નમ્ર ભાવે તમારું મુખ હું ઓળખી શકું,
દુઃખની રાતે, સમગ્ર ધરા જ્યારે પગ તળેથી ખસી જાય
ત્યારે તમે તો છો જ - એ વાતમાં કદી સંદેહ ન થાય, એવું કરજો.

- રવીન્દ્રનાથ ટાગોર

શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશનની
જીવનઘડતર પ્રકાશનશ્રેણીની ૩૫મી ભેટ

# જીવનમાંથી જડેલી વાતો

લેખક : ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

સ્નેહી શ્રી ...........................................................

વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોના જીવનમાંથી જડેલી વાતોનું આ પુસ્તક આપને ઉપયોગી નીવડશે એવી શુભ કામનાઓ સાથે .....

સપ્રેમ
**મંગળભાઈ પી. પટેલ**
**મૂકેશ એમ. પટેલ**

**શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,
**અમદાવાદ - ૩૮૦ ૦૧૩**
ફોન નં. : ૭૫૫ ૧૫૬૪ - ૭૪૫ ૪૩૧૦

શ્રી. એમ.પી.પટેલ ફાઉન્ડેશન
જીવનઘડતર પ્રકાશનશ્રેણીનું પાંત્રીસમું પુસ્તક

# જીવનમાંથી જડેલી વાતો

※ લેખક : ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)
※ © ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)
※ પ્રકાશન-વર્ષ : ઑગસ્ટ, ૨૦૦૨
※ પ્રકાશક : શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન વતી
મૂકેશ એમ. પટેલ
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૧૩

※ મૂલ્ય : સદ્‌ભાવ-સુવાચન-સદુપયોગ
※ પ્રકાશન-આયોજન : મુકુન્દ શાહ, ફોન : ૬૬૦ ૦૯૫૯
※ આવરણ-તસવીર : મૂકેશ એમ. પટેલ, ફોન : ૭૫૫ ૧૫૬૪
※ મુદ્રણશુદ્ધિ : જયંતીભાઈ જાની, ફોન : ૬૬૧ ૨૭૨૮
※ આવરણ મુદ્રણ : ઉમા ઑફ્સેટ, ફોન : ૫૬૨ ૬૩૨૪
※ લેસર કંપોઝ : મીનળ ગ્રાફિક્સ, ફોન : ૭૯૧ ૦૫૧૮
※ મુદ્રક : ઉદય ઑફ્સેટ, ફોન : ૫૬૨ ૧૯૬૭

# આ પુસ્તક વિશે

મારા જીવનના વળાંકરૂપ વર્ષ ઈ.સ. ૧૯૬૦માં વલ્લભ વિદ્યાનગરની કૉલેજ છોડી સાક્ષરભૂમિ નડિયાદની કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાવાનું થયું અને તે જ વર્ષથી ગુજરાતના લોકપ્રિય સાહિત્યિક માસિક 'નવચેતન'માં એના સાહિત્યપ્રિય તંત્રી શ્રી ચાંપશીભાઈ ઉદેશીની ઇચ્છા અને પ્રોત્સાહક પ્રેરણાથી 'જીવનમાંથી જડેલી વાતો' નામક જીવનઘડતરના પ્રેરક પ્રસંગોની લેખમાળા શરૂ થઈ અને એ લેખશ્રેણી ઈ.સ. ૧૯૭૨ સુધી સતત બાર વર્ષ પર્યંત ચાલુ રહેવા પામી. એ પછી તે પ્રગટ થતી રહી હતી, પણ એ અનિયમિત રીતે છૂટક છૂટક.

આમ, એ લેખમાળા વર્ષો સુધી ચાલુ રહેવાને કારણે લોકપ્રિય પણ થઈ પડી હતી અને એનું નામકરણ પણ મારા પરમ શુભેચ્છક મુ. શ્રી ચાંપશીભાઈએ કર્યું હતું. એ દૃષ્ટિએ કર્તવ્યભાવે આ પુસ્તક એમને ચરણે અર્પણ કરી રહ્યો છું.

એમના અવસાન પછી 'નવચેતન'ના વર્તમાન તંત્રી મુ. શ્રી મુકુંદભાઈ શાહનોય સદ્‌ભાવ પણ મારા તરફ એવો ને એવો જ જારી રહેવા પામ્યો છે. મારે માટે એ આનંદની વાત છે.

એમણે આ પુસ્તકનો 'આવકાર' પણ લખી આપવાનું જે સૌજન્ય દાખવ્યું છે તે બદલ તેમનો આભારી છું.

પ્રસ્તુત લેખમાળાના પ્રસંગોની પુસ્તકશ્રેણી પ્રગટ થાય તો તે પણ પ્રેરક, બોધક અને લોકપ્રિય થઈ પડે એ માટે હજુ સાનુકૂળતા થઈ નથી. તે દરમ્યાન શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશનના મુખ્ય ટ્રસ્ટી મુ. શ્રી મંગળભાઈ પટેલનો પરિચય થયો અને સદ્‌ભાવથી એમણે આવું એક પુસ્તક પ્રગટ કરવા સ્વીકાર્યું તે બદલ તેમનો ખૂબ હૃદયપૂર્વકનો આભાર

માનું છું.

આશા છે કે આ રીતે પ્રકાશન થયા પછી કદાચ એની પુસ્તકશ્રેણીના પ્રકાશન માટેની તક ઊભી થવા પામશે.

૪, કલાવિહાર એપાર્ટમેન્ટ,
૫૦, જયનગર, ઉસમાનપુરા,
ઔરંગાબાદ - ૪૩૧ ૦૦૫.
મહારાષ્ટ્ર

**ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)**

## અર્પણ

આ લેખમાળાના પ્રેરક 'નવચેતન'ના આદ્ય તંત્રી સદ્‌ગત શ્રી ચાંપશીભાઈ વિ. ઉદેશીને આદર સહ.

- **ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)**

# આવકાર

સાહિત્યકાર ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) 'નવચેતન'ના લેખક હોવાના નાતે મારા લાંબા સમયથી પરિચિત એવા સન્મિત્ર છે. 'નવચેતન'ના આદ્યતંત્રી સદ્ગત ચાંપશીભાઈનો એમના પ્રત્યે ઘણો પ્રેમ અને સદ્ભાવ હતો અને શ્રી મધુરમ્‌ની 'જીવનમાંથી જડેલી વાતો' નામની પ્રેરક પ્રસંગોની જીવનઘડતર લેખમાળા 'નવચેતન'માં વર્ષો સુધી પ્રગટ થતી રહી હતી અને એ વાચકોમાં સારી એવી પ્રિય પણ થઈ હતી. એ લેખમાળાનું નામ પણ 'નવચેતન' કાર ચાંપશીભાઈએ જ પાડ્યું હતું. એ લેખમાળા માટે શ્રી મધુરમ્‌ને 'નવચેતન રૌપ્ય ચંદ્રક' પણ એનાયત થયો હતો.

એ લેખમાળામાં સાહિત્ય, કલા, રાજકારણ, વેપાર-ઉદ્યોગ, ખેલકૂદ, તત્ત્વજ્ઞાન, ધર્મ, શિક્ષણ, સમાજ, રાજામહારાજા, વિજ્ઞાન આદિ જુદાં જુદાં ક્ષેત્રોમાં ટોચે પહોંચેલ સફળ વ્યક્તિઓના જીવનપ્રસંગોનું આલેખન જે સરળ શૈલીમાં સંક્ષિપ્ત રીતે કરવામાં આવ્યું છે તે પ્રેરક અને પ્રોત્સાહક નીવડે તેવું છે.

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશનની જીવનઘડતર પ્રકાશનશ્રેણીમાં એનું પ્રકાશન થઈ રહ્યું છે તે આનંદપ્રદ ઘટના છે અને તેને હું આવકારું છું. એ બદલ તેના મુખ્ય ટ્રસ્ટી મુ. શ્રી મંગળભાઈ પટેલને તથા તેમના સુપુત્ર શ્રી મૂકેશભાઈ પટેલને અભિનંદન આપું છું.

દૈવયોગે છેલ્લા દસકાથી ગુજરાતની બહાર રહેવાનું થવા છતાં પોતાની સાહિત્યપ્રવૃત્તિ પ્રૌઢવયે પ્રતિકૂળતામાં પણ ચાલુ રાખનાર શ્રી 'મધુરમ્'ને ધન્યવાદ આપી પરમાત્મા તેમને નિરામય દીર્ઘાયુ બક્ષે એવી શુભેચ્છા વાંછી પુનઃ આ સંગ્રહનું સ્વાગત કરું છું.

**મુકુન્દ પી. શાહ - તંત્રી 'નવચેતન'**

# અનુક્રમણિકા


પૃષ્ઠ નં.

૦૧. ધર્મ-સંસ્કૃતિ ........ ૧૧ થી ૬૬

૦૨. સાહિત્ય ........ ૬૬ થી ૯૪

૦૩. શિક્ષણ અને સમાજ ........ ૯૪ થી ૧૦૩

૦૪. રાજામહારાજા ........ ૧૦૩ થી ૧૨૧

૦૫. વિજ્ઞાન-આયુર્વેદ ........ ૧૨૨ થી ૧૨૯

૦૬. રાજકારણ ........ ૧૨૯ થી ૧૪૩

૦૭. તત્ત્વજ્ઞાન ........ ૧૪૩ થી ૧૪૯

૦૮. વેપાર-ઉદ્યોગ ........ ૧૪૯ થી ૧૫૨

૦૯. કલા ........ ૧૫૨ થી ૧૫૯

૧૦. ખેલકૂદ ........ ૧૫૯ થી ૧૬૦


•

# ધર્મ-સંસ્કૃતિ


૦૧. ભગવાન રામચંદ્રજી ........ ૧૧
૦૨. મહર્ષિ નારદ ........ ૧૧
૦૩. ઋષિ અષ્ટાવક્ર ........ ૧૨
૦૪. ઉત્તુંક ઋષિ ........ ૧૪
૦૫. ભગવાન મહાવીર ........ ૧૫
૦૬. ભગવાન બુદ્ધ ........ ૧૬
૦૭. ભીષ્મ પિતામહ ........ ૨૦
૦૮. મહંમદ પયગંબર સાહેબ ........ ૨૦
૦૯. સંત જ્ઞાનેશ્વર ........ ૨૧
૧૦. સંત એકનાથ ........ ૨૨
૧૧. સંત રોહીદાસ ........ ૨૪
૧૨. સંત ઑગસ્ટાઈન ........ ૨૫
૧૩. સંત ફ્રાન્સિસ ........ ૨૫
૧૪. સંત કન્ફ્યુસિયસ ........ ૨૬
૧૫. સંત તિરુવલ્લુવર ........ ૨૮
૧૬. સંત હસન ........ ૩૦
૧૭. સંત જુન્નૈદ ........ ૩૧
૧૮. ભક્ત તુલસીદાસ ........ ૩૨
૧૯. સંત કબીર ........ ૩૪
૨૦. ભક્ત સુરદાસ ........ ૩૫
૨૧. ગુરુ નાનક ........ ૩૬
૨૨. સંત રાબિયા ........ ૩૮

૨૩. મહાત્મા રામાનુજાચાર્ય ........................................ ૩૯
૨૪. સ્વામી દયાનંદ સરસ્વતી ........................................ ૪૧
૨૫. સ્વામી રામકૃષ્ણ પરમહંસ ........................................ ૪૩
૨૬. સ્વામી વિવેકાનંદ ........................................ ૪૮
૨૭. સમર્થ રામદાસ સ્વામી ........................................ ૪૯
૨૮. ભગવાન રમણ મહર્ષિ ........................................ ૫૧
૨૯. ભિક્ષુ અખંડાનંદ ........................................ ૫૩
૩૦. મા શારદાદેવી ........................................ ૫૪
૩૧. સહજાનંદ સ્વામી ........................................ ૫૫
૩૨. પ્રમુખ સ્વામી મહારાજ ........................................ ૫૬
૩૩. સ્વામી રામતીર્થ ........................................ ૫૬
૩૪. શ્રીમદ્ રાજચંદ્ર ........................................ ૫૭
૩૫. ભક્ત તુલાધાર ........................................ ૫૭
૩૬. મહર્ષિ અરવિંદ ઘોષ ........................................ ૫૯
૩૭. મહાત્મા ટૉલ્સ્ટૉય ........................................ ૬૦
૩૮. મહાત્મા ગાંધીજી ........................................ ૬૧
૩૯. મહાત્મા મસ્તરામ ........................................ ૬૪
૪૦. દામા ભગત ........................................ ૬૫

## સાહિત્ય

૦૧. કવિવર ટાગોર ........................................ ૬૬
૦૨. શેક્સપિયર ........................................ ૬૯
૦૩. રસૂલ હપઝાતાવે ........................................ ૭૦
૦૪. કવિ અબ્દુર્રહીમ ખાનખામા ........................................ ૭૦
૦૫. રસ્કિન ........................................ ૭૨

૦૬. કવિ રિલ્કે ........................................ ૭૨
૦૭. જ્યોર્જ બર્નાર્ડ શૉ ........................................ ૭૨
૦૮. ખલિલ જિબ્રાન ........................................ ૭૪
૦૯. ઑસ્કર વાઈલ્ડ ........................................ ૭૫
૧૦. કવિ સ્ટીફન સ્પેન્ડર ........................................ ૭૫
૧૧. લેખિકા સિગ્રિડ અનસેટ ........................................ ૭૬
૧૨. મહાવિદ્વાન કૈયટ ........................................ ૭૬
૧૩. ભક્ત કવિ જયદેવ ........................................ ૭૭
૧૪. કવિ ઇસરદાન ........................................ ૭૮
૧૫. શાયર મિરઝા ગાલિબ ........................................ ૮૦
૧૬. કવિ ભૂષણ ........................................ ૮૦
૧૭. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય ........................................ ૮૧
૧૮. મહાકવિ નિરાલાજી ........................................ ૮૨
૧૯. કાકાસાહેબ કાલેલકર ........................................ ૮૩
૨૦. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ ........................................ ૮૪
૨૧. કવિ કુવેમ્પુ ........................................ ૮૫
૨૨. ચાંપશી ઉદેશી ........................................ ૮૫
૨૩. કવિ પ્રદીપજી ........................................ ૮૭
૨૪. કવિ દોલતરામ કૃ. પંડ્યા ........................................ ૮૮
૨૫. કવિ નરસિંહરાવ દિવેટિયા ........................................ ૮૯
૨૬. રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ ........................................ ૯૦
૨૭. કવિ હરીન્દ્ર દવે ........................................ ૯૧
૨૮. વિનોબા ભાવે ........................................ ૯૧
૨૯. બાળસાહિત્યકાર હરીશ નાયક ........................................ ૯૩

# શિક્ષણ અને સમાજ

૦૧. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ........................................ ૯૪
૦૨. પંડિત મદનમોહન માલવીયજી ........................................ ૯૬
૦૩. દાદા ધર્માધિકારી ........................................ ૯૭
૦૪. સાને ગુરુજી ........................................ ૯૮
૦૫. વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇંદ્રજી ........................................ ૧૦૦
૦૬. દાદા પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજી ........................................ ૧૦૧
૦૭. જોગીદાસ ખુમાણ ........................................ ૧૦૨

# રાજામહારાજા

૦૧. મહારાજા ભરત ........................................ ૧૦૩
૦૨. સમ્રાટ નેપોલિયન ........................................ ૧૦૫
૦૩. સમ્રાટ સિકંદર ........................................ ૧૦૬
૦૪. રાજા ચોથા હેન્રી ........................................ ૧૦૭
૦૫. રાજા જેમ્સ ........................................ ૧૦૮
૦૬. સમ્રાટ ફ્રેડરિક ........................................ ૧૦૯
૦૭. સમ્રાટ અશોક ........................................ ૧૦૯
૦૮. રાજા બિંબિસાર ........................................ ૧૧૦
૦૯. શહેનશાહ અકબર ........................................ ૧૧૧
૧૦. બાદશાહ ઔરંગઝેબ ........................................ ૧૧૨
૧૧. બાદશાહ હારૂન અલ રશીદ ........................................ ૧૧૩
૧૨. રાજા ભોજ ........................................ ૧૧૪
૧૩. રાજવી એભલવાળા ........................................ ૧૧૬
૧૪. મહારાજા ભગવતસિંહજી ........................................ ૧૧૭

૧૫. મહારાજા સયાજીરાવ ગાયકવાડ ........................ ૧૧૮
૧૬. મહારાજા કૃષ્ણકુમારસિંહ ................................ ૧૨૦
૧૭. રાજા રણજિતસિંહ ........................................ ૧૨૧

## વિજ્ઞાન - આયુર્વેદ

૦૧. આલ્બર્ટ આઈન્સ્ટાઈન ...................................... ૧૨૨
૦૨. થોમસ આલ્વા ઍડિસન ..................................... ૧૨૪
૦૩. સર આઈઝેક ન્યુટન ........................................ ૧૨૫
૦૪. ડૉ. હોમી ભાભા ............................................ ૧૨૬
૦૫. પ્રો. ત્રિભુવનદાસ ગજ્જર ................................. ૧૨૭
૦૬. ડૉ. હાનિમાન ................................................ ૧૨૮
૦૭. વૈદ્યરાજ ઝંડુ ભટ્ટ ........................................... ૧૨૮

## રાજકારણ

૦૧. વિન્સ્ટન ચર્ચિલ ............................................ ૧૨૯
૦૨. વિલિયમ ગ્લૅડસ્ટન ......................................... ૧૩૦
૦૩. અબ્રાહમ લિંકન .............................................. ૧૩૧
૦૪. પ્રમુખ રૂઝવૅલ્ટ ............................................... ૧૩૩
૦૫. મહાઅમાત્ય ચાણક્ય ....................................... ૧૩૪
૦૬. માદામ ભિખાઈજી કામા .................................... ૧૩૬
૦૭. નેતાજી સુભાષચંદ્ર બોઝ .................................... ૧૩૭
૦૮. ડૉ. રાજેન્દ્રપ્રસાદ ............................................. ૧૩૮
૦૯. મોરારજીભાઈ દેસાઈ ....................................... ૧૩૮
૧૦. સર પ્રભાશંકર પટ્ટણી ....................................... ૧૪૦
૧૧. સરદારપુત્રી મણિબહેન પટેલ .............................. ૧૪૨

## તત્ત્વજ્ઞાન


૦૧. તત્ત્વજ્ઞાની પ્લેટો ........................................ ૧૪૩
૦૨. સોક્રેટિસ ........................................ ૧૪૪
૦૩. ડાયોજિનિસ ........................................ ૧૪૬
૦૪. તત્ત્વજ્ઞાની પેરિક્લિસ ........................................ ૧૪૭
૦૫. દાર્શનિક જે. કૃષ્ણમૂર્તિ ........................................ ૧૪૮


## વેપાર - ઉદ્યોગ


૦૧. એન્ડ્રુ કાર્નેગી ........................................ ૧૪૯
૦૨. મેકડોનાલ્ડ ........................................ ૧૫૦
૦૩. વિલિયમ કેડબરી ........................................ ૧૫૧


## કલા


૦૧. કલાકાર માઇકલ એન્જલો ........................................ ૧૫૨
૦૨. પંડિત ઓમકારનાથ ઠાકુર ........................................ ૧૫૩
૦૩. ફિલ્મદિગ્દર્શક મહેબૂબખાન ........................................ ૧૫૫
૦૪. લતા મંગેશકર ........................................ ૧૫૬
૦૫. ગઝલગાયક જગજિતસિંહ ........................................ ૧૫૭
૦૬. ભજનગાયક અનુપ જલોટા ........................................ ૧૫૭
૦૭. શિલ્પી કાંતિભાઈ પટેલ ........................................ ૧૫૮


## ખેલકૂદ


૦૧. રમતવીર રૉ ........................................ ૧૫૯
૦૨. ખેલાડી ટૉમ ડેમ્પસ ........................................ ૧૫૯


•

# ધર્મ-સંસ્કૃતિ

## ભગવાન રામચંદ્રજી

ભગવાન રામચંદ્રજીએ રાવણનો સંહાર કરી લંકા ઉપર વિજય મેળવ્યો અને તેની ગાદી વિભીષણને સોંપી હતી ત્યારે વિભીષણે ભગવાન રામચંદ્રજીને વિજયના ઉત્સવરૂપે લંકામાં પધારી લંકાના રાજ્ય-ખજાનામાંથી જોઈએ તેટલી સંપત્તિ ઇચ્છા મુજબ લેવા જણાવ્યું હતું.

તેના જવાબમાં ત્યારે ભગવાને કહ્યું હતું : ''લંકાની સંપત્તિ ઉપર પ્રજાનો અધિકાર છે. પ્રજાના હિત માટે એનો ઉપયોગ કરવાનો છે. માટે એની લૂંટ ન થઈ શકે. એનો મન ફાવે તેવો ઉપયોગ કે દુરુપયોગ પણ ન કરી શકાય. તારી બહુ ઇચ્છા હોય તો થોડાં વસ્ત્રો અને થોડું ધન લઈને લંકા ઉપર વિજય મેળવનાર આપણા સૈન્યમાં વહેંચી દે. બાકી, મારે એ સંપત્તિ ભંડારમાંથી કશુંય જોઈતું નથી. ના, એક ફૂટી બદામ કે કોડી પણ નહિ. હું એને સ્પર્શ પણ નહિ કરું. મારે માટે એ પરધન છે. એ મને નહિ લલચાવી શકે.'' આવો છે રામરાજ્યનો આદર્શ.

• • •

## મહર્ષિ નારદ

એકવાર રાવણની સોનાની લંકામાં મહર્ષિ નારદ ગયા હતા ત્યારે રાવણે એમનો સત્કાર કરીને લંકામાં ફેરવીને એમને જુદાં જુદાં સ્થાનો બતાવ્યાં. ''મહર્ષિ ! જુઓ આ અમારી ગૌશાળા, આ મહાલય, આ મલ્લશાળા, આ અશ્વશાળા, આ ગજશાળા, આ યજ્ઞશાળા અને આ સાધુ અભ્યાગતો માટેની ધર્મશાળા.''

આ બધું જોયા પછી મહર્ષિ નારદે પૂછ્યું : ‘‘મહારાજ દશાનન, આ બધી શાળાઓમાં આચારશાળા ક્યાં છે ?’’

એના જવાબમાં આશ્ચર્ય પામીને રાવણે કહ્યું : ‘‘આવી કોઈ આચારશાળા તો લંકામાં નથી.’’

ત્યારે નારદે સ્પષ્ટ કહ્યું : ‘‘તો પછી મહારાજ, આચારશાળા વિનાની તમામ શાળાઓ એ એકડા વિનાના મીંડા જેવી છે. જ્ઞાન પછી તે ગમે તે પ્રકારનું હોય એ શસ્ત્રાસ્ત્રનું હોય, વેદ-વેદાંતનું હોય કે પરમ સત્યનું હોય, એની પૂર્વશરત આચાર છે અને આચાર શબ્દમાં વિવેકનો સમાવેશ થઈ જાય છે.’’

• • •

## ઋષિ અષ્ટાવક્ર

બાર વર્ષના ઋષિ અષ્ટાવક્ર એકવાર પોતાના પિતા કહોડ ઋષિને હરાવી તેમના જીવનનો ભોગ લેનાર જનક રાજાના રાજપંડિત બંદીને હરાવવાની ઇચ્છાથી જનક રાજાના દરબારમાં જઈ રહ્યા હતા. ત્યાં રસ્તામાં જ તેમનો ભેટો જનક રાજા સાથે થઈ ગયો. અષ્ટાવક્રે પોતાનાં વાંકાં અંગોથી આખો માર્ગ રોક્યો હોવાથી જનક રાજાએ તેને દૂર ખસી જઈ માર્ગ આપવા જણાવ્યું.

તેના જવાબમાં ત્યારે અષ્ટાવક્રે કહ્યું : ‘‘હે રાજા ! માર્ગ વપરાશના શાસ્ત્રીય નિયમનું આપને જ્ઞાન નથી લાગતું. નિયમ એવો છે કે બ્રાહ્મણ ન મળ્યો હોય ત્યાં સુધી જ બીજાનો હક્ક એ માર્ગ ઉપર હોય છે અને જ્યારે બ્રાહ્મણ ન હોય ત્યારે માર્ગ ઉપર પ્રથમ હક્ક આંધળાનો છે ત્યાર પછી બીજો હક્ક છે બહેરાનો. ત્રીજો હક્ક છે સ્ત્રીઓનો, ત્યાર પછી ચોથો હક્ક આવે છે રાજાનો, પણ બ્રાહ્મણ જો

મળ્યો હોય તો તેને જ પ્રથમ માર્ગ કરી આપવો જોઈએ.''

રાજા જનક તો બાર વર્ષના એ કદરૂપા છોકરાનું શાસ્ત્રનું આટલું બધું ઊંડું જ્ઞાન જોઈને વિસ્મિત થઈ ગયા અને તેમણે પોતાની ભૂલ કબૂલ કરી લીધી. એ તરત સમજી ગયા કે આ છે બ્રાહ્મણ, અગ્નિનું સ્વરૂપ. ભલે વયમાં નાનો પણ સ્વભાવ અને સ્વરૂપ તો એ જ. તેથી રાજા જનક નમ્રતાથી બોલ્યા : ''હે બ્રાહ્મણ પુત્ર, લો આ માર્ગ, હું બાજુએ ખસી જાઉં છું. આપને જવું હોય ત્યાં ખુશીથી જાવ.''

જનક રાજાની જિજ્ઞાસા સંતોષવા એમણે કહેલી 'અષ્ટાવક્ર ગીતા'ને આચાર્ય રજનીશ 'મહાગીતા' કહી ભગવદ્‌ગીતાથી ઊંચું સ્થાન આપે છે. એનું સારવાક્ય છે -

**'યુગ બીતે પર સત્ય ન બીતા. સબ હારા પર સત્ય ન હારા'.**

ભાવાર્થ - આપણી સંસ્કૃતિ આત્માની સંસ્કૃતિ છે, દેહની નહિ. ભીતરની જ્યોત જલે પછી બહારના દેખાવની શી કિંમત છે ? બહારની સજાવટ, પ્રસાધન, રંગરોગાન, ફૅશનેબલ વસ્ત્રો અને અલંકારો - એ સર્વ તો આત્માનાં આવરણો છે.

ગાંધીજીએ કસ્તુરબાને આ સત્ય સમજાવેલું અને ત્યારે કસ્તુરબાએ ઘરેણાં ઉતારી નાંખેલાં. સાદાં વસ્ત્રો, સાદું જીવન, સાદો ખોરાક, ઉચ્ચ વિચાર, આત્મભાવ અને આત્મસિદ્ધિ. પરિણામે 'દેહ છતાં વર્તે દેહાતીત' એવી સ્થિતિ. શ્રીમદ્ રાજચંદ્રનો આ આત્મભાવ અને આત્મસિદ્ધિ એ જ આપણી સંસ્કૃતિ.

આજે લોકો અદ્યતન ફેશનેબલ પોશાક પહેરીને ફરે તેના ઉપરથી માણસની મહત્તા અને કિંમત આંકે છે. અને સમાજ માણસના બહારના પોતને જુએ છે, પણ ભીતરના પોતને ઓળખતો નથી. તેથી

ચિંતક કાકા સાહેબ કાલેલકરે એકવાર કહેલું : ''આપણે આજે દરજીએ સર્જેલી સંસ્કૃતિમાં જીવીએ છીએ.''

• • •

## ઉત્તુંક ઋષિ

એકવાર ઉત્તુંક ઋષિ એમની પર્ણકુટિની બહાર બેઠા હતા ત્યારે શિકારીઓથી જીવ બચાવીને નાસી રહેલી એક ગાય દોડતી આવીને તેમની પર્ણકુટિમાં ઘૂસી ગઈ અને થોડી વાર પછી એનો શિકાર કરવા માટે શિકારીઓ ત્યાં આવી પહોંચ્યા અને તેમણે ઋષિને પૂછ્યું :

''મહારાજ, કોઈ ગાયને તમે અહીંથી જતી જોઈ છે ?''

ઉત્તુંક ઋષિ સત્યવાદી હતા. કદીય અસત્ય તેઓ બોલતા નહિ. એટલે તેમને માટે આ ધર્મસંકટ હતું. જો એ સત્ય બોલે તો શિકારીઓના હાથે ગાયની હત્યા થાય અને ત્યાં એ નિમિત્ત થાય અને ગાયને બચાવી લેવી હોય તો તેમને જૂઠું બોલવું પડે.

ઋષિએ ચતુરાઈથી જવાબ આપ્યો : ''જેણે ગાયને જોઈ છે એ બોલી શકે એમ નથી અને જેણે એને જોઈ નથી એ વળી શું બોલે ?''

એટલે ગાયને જોનાર આંખ બોલી શકે તેમ નથી અને બોલી શકે તેમ છે તે જીભ જોઈ શકતી નથી. આમ, ઋષિએ પોતાના સત્ય બોલવાના વ્રતનું પાલન કર્યું અને ગાયનો જીવ પણ બચાવ્યો.

ઋષિનો જવાબ શિકારીઓ બરાબર સમજી ન શક્યા અને તેઓ ત્યાંથી પાછા જતા રહ્યા.

• • •

# ભગવાન મહાવીર

ભગવાન મહાવી સ્વામી એકવાર જ્યારે જંગલમાં વિચરતા હતા ત્યારે એક ગોવાળે આવીને તેમને ચેતવ્યા : ''પ્રભુ, પાછા ચાલ્યા જાવ. કેમ કે તમે જાવ છો એ રસ્તામાં એક ચંડકૌશી સાપ રહે છે અને એ ભયંકર ઝેરવાળો છે. તમને ડંશ દેશે તો મૃત્યુ થશે. તમારા જેવા સંત મહાત્માની જગતને અત્યંત જરૂર છે.''

ભગવાન મહાવીરે કહ્યું : ''અમે કાળથી થોડા ડરીએ ?'' એમ કહી તેઓ તો નિર્ભયતાથી એ જ રસ્તે આગળ વધ્યા અને ચંડકૌશી સાપ આવ્યો. મહાવીર સ્વામી જરા પણ ડર્યા કે વિચલિત થયા નહિ. તેમણે સાપને તેના સ્વભાવ પ્રમાણે વર્તન કરવા દીધું. તેનો તો સ્વભાવ ક્રોધનો અને ડંશ દેવાનો હતો અને મહાવીર પ્રભુનો સ્વભાવ પ્રેમનો એટલે ચંડકૌશિયાએ તો પ્રભુના ચરણમાં ડંખ દીધો, પણ કરુણાની મૂર્તિરૂપ ભગવાન મહાવીર એકદમ શાંત રહ્યા અને પગમાંથી લોહીને બદલે દૂધની ધારા નીકળી. લોકો ત્યાં એકઠા થઈ ગયા અને આશ્ચર્યચકિત થઈ ગયા.

આ બાબતમાં પૂછવામાં આવતાં ભગવાન મહાવીરે સુંદર જવાબ આપ્યો : ''માને પોતાના બાળક ઉપર પ્રેમ હોય છે. આ અસીમ વાત્સલ્ય અને પ્રેમના પરિપાકરૂપે પ્રભુએ માના એક અંગમાં દૂધનું સર્જન કર્યું છે. અમને તો આખા જગત પ્રત્યે અસીમ પ્રેમ છે. એટલે અમારા અંગે અંગમાંથી દૂધ નીકળે તેમાં નવાઈ શી ? માતાને કેવળ પોતાના બાળક પ્રત્યે પ્રેમ હોય છે જ્યારે અમને સંતોને પ્રભુની સૃષ્ટિ ઉપર એટલો જ પ્રેમ હોય છે.''

ભગવાન મહાવીરનું હૃદય તો અસીમ કરુણાથી ભર્યું હતું. એમણે પ્રેમથી સાપને કહ્યું : ''ઉવસમ તો ચંડકૌશિયો.'' આ શાંત અને

કરુણાસભર વાણીએ એને શાંત કરી દીધો. જૈન સ્તવનોમાં આ પ્રસંગ ગવાયો છે - ''દૂધ વહ્યું જ્યાં પ્રભુના ચરણે તો ચંડકૌશિયો આવ્યો શરણે.''

• • •

## ભગવાન બુદ્ધ

ભગવાન બુદ્ધને એકવાર એક શિષ્યે પૂછ્યું : ''ભગવાન, વિશ્વમાં એવી કઈ ચીજ છે, જે પથ્થરથી પણ વધુ કઠોર હોય ?''

ભગવાન બુદ્ધે કહ્યું : ''હા, લોઢું પથ્થરથીય કઠણ-કઠોર છે.''

શિષ્યે ફરીથી પૂછ્યું : ''શું લોઢાથીય કઠોર કોઈ ચીજ છે કે ?''

બુદ્ધે જવાબ આપ્યો : ''હા, અગ્નિ છે. એ લોઢાનેય ઓગાળી શકે છે.''

વળી શિષ્યે પૂછ્યું : ''અગ્નિથી પણ ચડિયાતી કોઈ ચીજ છે કે?''

ભગવાને જવાબમાં કહ્યું : ''હા, પાણી અગ્નિથી ચડિયાતું છે, જે અગ્નિને ઓલવવાની શક્તિ ધરાવે છે.''

જિજ્ઞાસા શાંત ન થયાથી શિષ્યે ફરીથી પ્રશ્ન પૂછ્યો : ''પાણીથી પણ ચડિયાતી કોઈ વસ્તુ હોય છે ખરી ?''

ભગવાન બુદ્ધે જણાવ્યું : ''હા, વાયુ છે, જે પાણીના પ્રવાહને પલટાવી શકે છે.''

શિષ્યે ફરીથી પૂછ્યું : ''અને વાયુથી ચડિયાતી વસ્તુ કઈ છે ?''

ભગવાન બુદ્ધે જવાબ આપ્યો : ''એ છે મનુષ્યની સંકલ્પશક્તિ. એની દ્વારા મનુષ્ય વાયુને પણ વશ કરી શકે છે. એના બળથી સાધારણ

માણસથી ન થઈ શકે તેવાં કઠણ કાર્યો માનવ કરી બતાવે છે અને અસંભવને સંભવ કરી શકે છે.''

એકવાર ભગવાન બુદ્ધે શિષ્ય શોણને સમયનું મહત્ત્વ સમજાવતાં કહેલું : ''શોણ, સાધનામાં આળસ ન ચાલે. એક એક ક્ષણનો સદુપયોગ કરી શ્રેયનો પુરુષાર્થ કરવો જોઈએ. તો જ પરમ સિદ્ધિનો લાભ થાય. શોણ, આળસ એટલે જ અંધકાર અને અજ્ઞાન. એ જ જીવનને ખાઈ જાય છે. પરમ જાગૃતિ એટલે કે આત્મજાગૃતિ જ જીવન છે. માટે તું આળસ છોડી પ્રત્યેક ક્ષણનો સાધનામાં સદુપયોગ કર અને જીવનને તેજસ્વી બનાવ.''

બીજા એક પ્રસંગે તેઓ વૈશાલીનગરમાં આમ્રવનના વિહારમાં બિરાજ્યા હતા ત્યારે ત્યાંની વારાંગના આમ્રપાલી તેમનાં દર્શને આવી અને ઉપદેશ ઈચ્છ્યો. એટલે ભગવાન બોલ્યા : ''ભક્તિભાવથી સાધક થાવ અને પ્રભુભજન કરો.'' આ સાંભળીને આમ્રપાલીએ કહ્યું : ''ભગવાન, હું તો નૃત્યુ, ગીત અને સંગીતમાં ઓતપ્રોત રહેનારી, હું સાધના - ભક્તિ કરવા કઈ રીતે પ્રવૃત્ત થઈ શકું ? આપ મારા વતી ભક્તિચિંતન કરો. સાધના કરો. હું આપને દરરોજ હજાર સુવર્ણમુદ્રા ભેટ તરીકે અર્પણ કરી શકું તેમ છું અને કરીશ.''

આ સાંભળીને મંદ મંદ હસીને કરુણાભાવે ભગવાન બોલ્યા : ''આમ્રપાલી, તમારે ત્યાં મોટાં મોટાં ઝુમ્મરોના દીપ ઝળહળતા હશે. તમે એમ કરજો. અહીં પ્રકાશની ઊણપ છે તો તમે થોડાં વધુ ઝુમ્મરોના દીપ પ્રગટાવશો, જેથી અહીં વિહારને તેનો પ્રકાશ સાંપડે.''

જવાબમાં આમ્રપાલીએ કહ્યું : ''ભગવાન, મારો મહાલય તો આપના વિહારથી ઘણો દૂર છે. ત્યાંનો પ્રકાશ અહીં સુધી ક્યાંથી પહોંચી શકે ?''

અને તરત જ ભગવાન બોલી ઊઠ્યા : ''તમારા મહાલયના દીવાનો પ્રકાશ અહીં વિહાર સુધી ન પહોંચે તો હું સાધના કરું તેનાં ફળ તમારા હૃદય સુધી કઈ રીતે પહોંચે ? સાધના, ભક્તિ, દાનપુણ્ય દરેકે પોતાના હાથે જ કરવું પડે - પોતાના હૃદયભાવે જ કરવું પડે.''

આ સાંભળી આમ્રપાલીની આંખો અને અંતર ઊઘડી ગયાં અને તે સહસા બોલી ઊઠી -

**બુદ્ધમ્ શરણમ્ ગચ્છામિ,**
**સંઘમ્ શરણમ્ ગચ્છામિ,**
**ધમ્મમ્ શરણમ્ ગચ્છામિ,**

એકવાર કોઈકે તેમને પૂછ્યું : ''મરણ પછી તમે ક્યાં જશો ? ક્યાંક હશો કે પછી શૂન્યમાં અલોપ થઈ જશો ?''

ત્યારે જવાબમાં તેમણે કહ્યું હતું : ''આ શ્વેત વાદળની જેમ હું અદશ્ય થઈ જઈશ. આ શ્વેત વાદળ ક્યાં ગયાં ? ક્યાંથી આવ્યાં હતાં ? કઈ રીતે બંધાયાં હતાં અને કઈ રીતે વિલીન થયાં તેની કોઈને ખબર નથી. શ્વેત વાદળ એ રહસ્ય છે તેમ જ મારું પણ.''

બીજી એકવાર એક માણસ તેમનું અપમાન કરવા માટે તેમના ઉપર થૂંક્યા પછી બીજા દિવસે તેમની ક્ષમા માંગવા ગયો ત્યારે તેમણે કહેલું : ''હવે તને કોણ ક્ષમા આપે ? ગઈ કાલે જે માણસ અહીં બેઠો હતો અને જેના ઉપર તું થૂંક્યો હતો તે આજે નથી, એ હોત તો તને ક્ષમા આપત. ગઈ કાલનો એ માણસ તથા એના ઉપર થૂંકનાર પણ મરી ગયો છે. માણસ કોઈ ખાબોચિયું પાણી નથી કે એ ત્યાં ને ત્યાં જ રહે. એ તો વહેતી નદીનો પ્રવાહ છે.''

એકવાર ભગવાન બુદ્ધ વિહાર કરતાં કરતાં શિષ્યો સાથે એક

ગામમાં જતા હતા ત્યારે તેમના સ્વાગતની તૈયારી ગામ લોકોએ કરવા માંડી હતી. એ ગામમાં સુહાસ નામનો ગરીબ માણસ ત્યારે કમોસમમાં ખીલેલું કમળ ફૂલ વેચવા બજારમાં જતો હતો. રસ્તામાં મળેલા નગરશેઠે તેને માટે પાંચસો સુવર્ણમુદ્રા આપીને એ ખરીદવાની ઇચ્છા દર્શાવી. એવામાં ત્યાં આવેલા સેનાપતિએ નગરશેઠના કરતાં પાંચગણી સુવર્ણમુદ્રા આપવા જણાવ્યું. એ વાત ચાલતી હતી ત્યાં તો આવી પહોંચેલા મહારાજાના રથમાં બેઠેલા મહારાજાએ સેનાપતિના કરતાં દસગણી સુવર્ણમુદ્રા આપી એ કમળ ખરીદવાની ઇચ્છા દર્શાવી. કમળ માટે એક સુવર્ણમુદ્રાની આશા રાખનાર સુહાસ તો આ ચડસાચડસી જોઈને આભો બની ગયો. એનું કારણ એણે જ્યારે જાણ્યું કે ભગવાન બુદ્ધના સ્વાગત માટે એ લોકો કમળ ખરીદવા આટલી મોટી કિંમત આપવા ઇચ્છે છે ત્યારે એણે એ વેચવાને બદલે એણે ખુદ એ કમળ ભગવાનના ચરણોમાં ભેટ ધરવા નક્કી કર્યું. બુદ્ધે એ વાત જાણીને જ્યારે સુહાસને ઠપકો આપ્યો ત્યારે સુહાસે કહ્યું : ''ભગવાન, પૈસો પ્રેમથી મોટો નથી. પૈસા માટે આત્માને ન વેચી શકાય. એક સુવર્ણમુદ્રામાં હું જ્યારે કમળ વેચવા નીકળ્યો હતો ત્યારે મારી સામે માત્ર કમળ જ હતું. આપના ચરણોનો ખ્યાલ આવ્યો ત્યારે મારી સમક્ષ માત્ર ચરણો જ રહ્યા, એટલે પછી કમળ વેચવાનો પ્રશ્ન જ ન હતો. દરિદ્ર પણ પ્રેમ દાખવી શકે છે. નિર્ધન પણ કોઈનો આદર કરી શકે છે. તેનામાં પણ શ્રદ્ધા હોય છે.''

આ સાંભળી ભગવાન બુદ્ધે ત્યાં હાજર એવા શિષ્યોને કહ્યું : ''જુઓ, સુહાસ ભણ્યો નથી, પણ વિદ્યાવાન છે. શ્રેષ્ઠ માનવમૂલ્યોનું જેને જ્ઞાન હોય અને તેને માટે નિમ્નકક્ષાનાં મૂલ્યો જે તજી શકે તે વિદ્યાવાન છે. સુહાસે પ્રેમને ખાતર સંપત્તિનો ત્યાગ કર્યો. એને ધન્યવાદ ઘટે.''

તેમણે એક પ્રસંગે ઢીલા મનવાળા શિષ્ય ભટુકને ઉપદેશરૂપે કહેલું : ''ભટુક, પ્રકાશ તો તારી અંદર છુપાયેલો છે. તેને બાહ્ય રીતે, મારામાં કે અન્યત્ર શોધવાની જરૂર નથી. જે અજ્ઞાની છે તે દેવાલયો, તીર્થો, કંદરાઓ અને ગુફાઓમાં ભટકીને શોધવાના યત્નો કરે છે અને અંતે નિરાશ થાય છે. તેથી વિરહ મન, વાચા અને કર્મ વડે એકનિષ્ઠ બની સાધના કરનાર વ્યક્તિનું અંતઃકરણ સ્વયં નિયંત્રિત થઈ જાય છે. 'અપ્પ દીવોભવ' એટલે ખુદ પોતે જ પોતાનો દીપક બની જાવ.''

• • •

## ભીષ્મ પિતામહ

બાણશય્યા ઉપર પડેલા ભીષ્મ પિતામહને યુધિષ્ઠિર પૂછે છે - '' પિતામહ, પુરુષાર્થ અને દૈવમાં શ્રેષ્ઠતા કોની ?''.

ત્યારે જવાબમાં પિતામહ કહે છે - ''પુરુષાર્થ દૈવને અનુસરી રહે છે, એ ખરું પણ પુરુષાર્થ વિનાના મનુષ્યને દૈવ કશું જ આપી શકતું નથી. તમે પાંડવોએ તમારું રાજ્ય પુરુષાર્થથી પાછું મેળવ્યું છે, માત્ર દૈવની કૃપાથી નહિ. તેલ ખૂટી જતાં દીવો હોલવાઈ જાય છે તેમ કર્મ પૂરું થતાં દૈવની સક્રિયતા રહેતી નથી. માટે કર્મફળની ભૂમિકા સ્વસ્થ ચિત્તે સમજવાની છે, કેમ કે વાછરડું એની માતાને સેંકડો ગાયો વચ્ચેથી પણ શોધી લે છે તેમ પૂર્વેનાં કર્મ કર્તાને શોધી લઈ એને અનુસરે છે.''

• • •

## મહંમદ પયગંબર સાહેબ

ખુદાના ફિરસ્તા સમા મહંમદ પયગંબર સાહેબ પ્રેમ, શાંતિ, સહનશીલતા, ત્યાગ અને બલિદાનનો ઉપદેશ આપનાર નમ્ર અને વિવેકી હોવા છતાં મક્કામાં એક સ્ત્રી એમને ખૂબ ધિક્કારતી અને

દરરોજ પોતાના ઘર પાસેથી તે પસાર થાય ત્યારે પોતાના ઘરની બારીમાંથી એમના ઉપર ગંદો કચરો બાલદી ભરીને નાંખતી હતી. છતાં તેઓ એની વિરુદ્ધ એક પણ શબ્દ બોલતા ન હતા. એકવાર તેમના ઉપર ઉપરથી ગંદો કચરો ન નંખાયો ત્યારે એમને ચિંતા તથા આશ્ચર્ય થવા પામ્યાં અને તે ઘરના ઉપલા મજલે ગયા. ત્યાં જોયું તો તે સ્ત્રી બીમાર હાલતમાં ખાટલામાં સૂતી હતી. એમણે એની ખબર પૂછી, પણ એમને આવેલા જોઈને એ સ્ત્રી તો આભી જ બની ગઈ. એ સંતને ઘણી વાર પોતે દૂભવ્યા છતાં એની ખબર જોવા આવેલા જોઈ એ બોલી ઊઠી - ‘‘મેં તમારા ઉપર રોજ ગંદકી નાંખીને તમારું વારંવાર અપમાન કર્યું હોવા છતાં તમે મારી ખબર જોવા આવ્યા. તમારી કેટલી મહાનતા.’’ આટલું બોલી તે રડી પડી અને એ સંતના ચરણોમાં ઝૂકી પડી.

એકવાર તેમને કોઈકે પૂછેલું : ‘‘સદ્‌ગુણ અને દુર્ગુણ એટલે શું ?’’ તેના જવાબમાં તેમણે જણાવ્યું હતું : ‘‘જેને કારણે મનને શાંતિ અને આત્માને ટાઢક થાય તે સદ્‌ગુણ અને જેનાથી હૃદયમાં વલોપાત અને વ્યથા થાય અને આત્મા અશાંતિ અનુભવે તે દુર્ગુણ કહેવાય.’’

• • •

## સંત જ્ઞાનેશ્વર

વય અને સિદ્ધિનું અભિમાન ધરાવનાર ભક્ત ચાંગદેવ એકવાર આડંબરી દેખાવ કરી જ્યારે સંત જ્ઞાનેશ્વરની મુલાકાતે સિંહ ઉપર સવારી કરીને હાથમાં સાપની ચાબુક લઈને ભક્ત સેવકોની મોટી ફોજ લઈને ધામધૂમથી ગયા હતા ત્યારે સંત જ્ઞાનેશ્વર પોતાનાં ભાઈ-બહેનોની સાથે દીવાલ ઉપર બેઠા હતા. એમણે દીવાલને ચલાવીને આગળ જઈ ચાંગદેવનો સત્કાર કર્યાથી તેમનો મદ ઊતરી જવા પામ્યો અને સંત જ્ઞાનેશ્વરને ગુરુ માનીને પોતાને ઉપદેશ આપવા તેમણે વિનંતી

કરી, પણ જ્ઞાનેશ્વરે પોતાની નવ વર્ષની બહેન મુક્તાબહેનને એમના ગુરુ તરીકે કામ કરવા જણાવ્યું.

જ્યારે ચાંગદેવ તેની પાસે જિજ્ઞાસુરૂપે જ્ઞાનોપદેશ માટે ગયા ત્યારે તે બાલસહજ ભાવે વસ્ત્ર વગરની સ્થિતિમાં સ્નાન કરતી હતી. એટલે સંકોચવશ પાછા ફરતાં ચાંગદેવને તેણે કહ્યું : "ચાંગદેવ, તું નગુરો છે. તને હજી સાચા પરમાત્મદર્શી ગુરુની પ્રાપ્તિ નથી થઈ. તેવા મહાન ગુરુના ચરણોનું સેવન કરવાનું સદ્‌ભાગ્ય તને પ્રાપ્ત થયું હોત તો તારી દશા આવી અધકચરી ન હોત. તેવા ગુરુના સમાગમ અને તેમની કૃપાના પ્રભાવથી તને બધે પરમાત્માનો પ્રકાશ દેખાત અને અજ્ઞાનનાં બધાં જ આવરણ દૂર થાત. તેની કૃપાથી તને સમજાત કે શરીરમાં આસક્ત થવા જેવું અને શરીરમાં અહંતા કરવા જેવું કંઈ જ નથી. ઘરમાં જેવી રીતે જુદાં જુદાં બારીબારણાં તૈયાર કરવામાં આવે છે તેવી રીતે આ શરીર પણ જુદા જુદા પદાર્થો અને આકારોનું બનેલું છે. તેમાં રહેલા પરમાત્માના પ્રકાશની ઝાંખી કરવામાં આવે તો શોક અને મોહનું કારણ દૂર થાય છે. પછી જીવન તટસ્થ, નિર્વિકાર, આનંદમય અને મુક્ત બની જાય છે."

આ ઉપદેશથી ચાંગદેવનો મોહ દૂર થયો અને તેણે સંત જ્ઞાનેશ્વરના સાંનિધ્યમાં આલંદી ખાતે નિવાસ કર્યો. આજેય ત્યાં તેમનું સ્મારક નજરે પડે છે.

• • •

## સંત એકનાથ

સંત એકનાથને એકવાર પાકટ વયે ભગવાનનાં દર્શને જવાનું મન થયું. ગરીબીમાં સબડતા પણ ગાઢ ભક્તિથી સભર તેઓ પત્નીની સંમતિ લઈને યાત્રા માટે પગપાળા ચાલી નીકળ્યા. તે જમાનામાં રસ્તા

જૂના, ખરાબ અને ખાડાટેકરાવાળા હતા. આજના જેવા પાકા અને સરસ ન હતા. એટલે મોટી વયને લીધે તેઓ માંડ માંડ અંતર કાપી શકતા. શરીરમાં અશક્તિ હતી અને ગરીબીને લીધે કોઈ સાધનનો ઉપયોગ કરવા તે અસમર્થ હતા. અડધે રસ્તે પહોંચ્યા પછી તો એમને એમ લાગ્યું કે તેમનાથી આગળ જરાય જઈ નહિ શકાય. વળી, પાછા વળવા જેટલીય એમનામાં તાકાત ન હતી. એટલે એ તો રસ્તાની બરાબર વચ્ચે બેઠા અને પંઢરપુરના નાથને પ્રાર્થના કરી : ''ભગવાન! હું ભક્ત સાચો છું. એટલે અશક્તિ છતાં તારાં દર્શન માટે નીકળ્યો છું. અને અડધે રસ્તે તો આવી પહોંચ્યો છું. તું ભગવાન પણ સાચો છે તો મને દર્શન આપવા અડધે રસ્તે આવ, મારા નાથ ! જેમ હું અડધો રસ્તો કાપીને અહીં આવ્યો તેમ તુંય અડધો રસ્તો કાપીને આવ, મારા ભગવાન!''

અને ભક્તની પ્રાર્થના સાંભળીને ખરેખર ભગવાન, અડધે રસ્તે પોતાના ભક્તને દર્શન આપવા આવ્યા અને ભરજંગલમાં ભગવાનનાં દર્શન કરી સંત એકનાથે ત્યાં જ દેહ છોડ્યો.

એકવાર કોઈકે તેમને પૂછેલું : ''મહારાજ, તમારા જેવું સાદું અને નિષ્પાપ જીવન અમારું કેમ નથી ? તમે ક્યારેય ગુસ્સે નથી થતા, તકરાર કરતા નથી અને કેટલા બધા શાંત, પવિત્ર અને પ્રેમાળ છો.''

ત્યારે જવાબમાં તેમણે કહેલું : ''મારી વાત જવા દે. તારા વિશે મને આજે જ ખબર પડી કે સાત દિવસ પછી તારું મરણ છે.''

સંતની એ વાત ખરી માનીને તે ગૃહસ્થ ઝટ ઘેર ગયો અને સૂનમૂન થઈ ગયો. છ દિવસ વીત્યે સાતમે દિવસે એ પાછો સંતનાં દર્શને ગયો અને કહ્યું : ''નાથ, હવે જાઉં છું. વિદાય આપો.''

એ વખતે સંતે તેને પૂછ્યું : ''આ છ દિવસમાં કેટલું પાપ થયું ? પાપના વિચારો મનમાં ઊઠ્યા ?''

જવાબમાં તે સજ્જને કહ્યું : ''પાપનો વિચાર કરવાનો વખત જ ક્યાં હતો ? નજર સામે મરણ જ એકસરખું ઘૂમ્યાં કરતું હતું.''

એ સાંભળી એકનાથે કહ્યું : ''જુઓ, અમારું જીવન નિષ્પાપ કેમ હોય છે તેનો જવાબ હવે સ્વાનુભવથી મળી ગયોને ?''

• • •

## સંત રોહીદાસ

ઉદયપુરના અભિગ્રહધારી તપસ્વી સાધક સંત રોહીદાસ હંમેશાં હાથમાં ઝોળી લઈને પાત્ર સાથે ભિક્ષા માટે જતા, પણ ભિક્ષા લીધા વગર પાછા ફરતા. એ રીતે તેમણે ૪૪ દિવસ નિરાહાર પસાર કર્યા અને ૪૫મા દિવસે તેઓ પોતાના જીવનને હોડમાં મૂકી કર્મો સાથે યુદ્ધ ખેલતાં ખેલતાં રસ્તા ઉપર આગળ વધી રહ્યા હતા ત્યારે મહારાણાનો મદોન્મત્ત બનેલો હાથી મહેલમાંથી નીકળી છૂટીને ગાંડો બનીને રસ્તા ઉપર અનિયંત્રિત હાલતમાં દોડતો હતો અને રાજ્યના સિપાહીઓ બૂમો પાડી પાડી લોકોને હાથીથી સાવધ કરી રહ્યા હતા. હાથી ગર્જના કરી શહેરમાં ઘૂમી રહ્યો હતો અને રાજમાર્ગ બિલકુલ સૂનો થઈ ગયો હતો.

એ વખતે મદમસ્ત બની ગર્જના કરી માર્ગ ઉપર દોડતા હાથીની સામે ૪૫ દિવસના નિરાહારી સંત રોહીદાસ શાંત મુદ્રામાં આવી રહ્યા હતા. અને લોકોને ડર હતો કે ગાંડો બેકાબૂ હાથી મુનિને કચડી જ નાંખશે, પણ અચાનક શાંત નીડર મુનિને જોઈ હાથી શાંત થઈ ગયો અને એક કંદોઈની દુકાનમાં પડેલી લાડુ ભરેલી ટોપલી ઉપાડીને મુનિની સામે ધરી ત્યારે મુનિએ પોતાની ઝોળીમાંથી પાત્ર કાઢીને હાથી સામે ધર્યું અને હાથીએ એ પાત્રમાં લાડુ નાંખ્યા. એટલે મુનિ પાછા ફર્યા અને પછી હાથી શાંત રીતે રાજમહેલ તરફ જવા લાગ્યો.

આ રીતે મુનિએ જે પ્રતિજ્ઞા કરી હતી કે જો મહારાણાનો હાથી

પોતાની સૂંઢથી પોતાને આહાર ખવડાવશે તો જ આહાર ગ્રહણ કરવા માંડવો નહિ તો ૬૦ દિવસ સુધી નિરાહાર રહેવું.

આમ, સંતની એ પ્રતિજ્ઞા અજબ રીતે પરિપૂર્ણ થઈ ગઈ અને એ જોઈ લોકો સ્તબ્ધ થઈ ગયા. શો સંતનો પ્રભાવ !

• • •

## સંત ઑગસ્ટાઈન

એકવાર તેમના એક શિષ્યે પૂછ્યું : ''તમે ભગવાનનો આભાર માનવામાં કેટલો બધો સમય વ્યતીત કરો છો ? એ રીતે આભાર ન માનનારાઓને પણ ભગવાન બધું જ આપે છે તો પછી તેનો આભાર માનવા પાછળ સમય બગાડવાનું શું કારણ ?''

ત્યારે સંત ઑગસ્ટાઈને જવાબમાં કહ્યું : ''ભગવાન તો સહુનો બેલી છે. તે બધાંને બધું જ આપે છે. તેની કૃપા તો બધાં ઉપર છે જ. પરંતુ આપણે તેની જે પ્રાર્થના કરીએ છીએ તે તેની કૃપા મેળવવા માટે નથી. પરંતુ પ્રાર્થના તો આપણા માટે કરવાની છે. આપણી તેના પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે છે અને કૃતજ્ઞતાપૂર્વક પ્રભુનો આભાર વ્યક્ત કરતી પ્રાર્થના આપણાં નજીવાં કર્મને પણ કંચન જેવું બનાવે છે. સાચું આધ્યાત્મિક જીવન જ એ છે કે જીવનમાં મળેલા નાનામાં નાના આનંદ પાછળ પ્રભુનો હાથ દેખાય.''

• • •

## સંત ફ્રાન્સિસ

સંત ફ્રાન્સિસે પોતાના જીવનમાં બધું જ છોડી દીધું હતું અને માત્ર બાઈબલ જ પોતાની પાસે રાખ્યું હતું. પોતાની પાસે કોઈ સંપત્તિ કે ગજવામાં કોઈ નાણું એમણે નહિ રાખેલ. એક વખત એવું બન્યું કે એક

ભિખારણ તેમની પાસે આવીને પોતાને બહુ ભૂખ લાગી હોવાથી ખાવાનું માંગવા લાગી, કેમ કે એણે બે દિવસથી કંઈ ખાધું ન હતું.

એ સાંભળીને સંતનું હૃદય ખૂબ દ્રવિત અને વ્યથિત થયું, પણ પાસે પૈસા ન હોવાથી શું કરે અને શું આપે ? છેવટે ન રહેવાયું ત્યારે તેમણે પોતાની પાસેનું બાઈબલ વેચી નાંખ્યું અને એ વેચવાથી આવેલ રકમ ભિખારણને આપી દીધી. એ મળતાં ભિખારણની આંખમાં ચમક આવી ગઈ.

એ ક્ષણે પછી સંત ઘૂંટણિયે પડી ભગવાનને પ્રાર્થવા લાગ્યા : ''હે પ્રભુ ! તારા શબ્દોનું પાલન કરવા માટે મેં તારા શબ્દો - આદેશોને વેચી દીધા છે. મારી ભૂલ થઈ હોય તો ક્ષમા આપજે.''

• • •

## સંત કન્ફ્યુસિયસ

ફકીર જેવા, શસ્ત્ર, સૈન્ય અને ધનસંપત્તિવિહોણા હોવા છતાં જગવિખ્યાત સંત કન્ફ્યુસિયસ પોતાને સમ્રાટ તરીકે ઓળખાવતા હતા. એ અંગે તેમને પૂછવામાં આવતા તેમણે જવાબમાં કહ્યું હતું : ''હું આળસુ નથી, પણ શ્રમ કરું છું. પછી મારે સેવકની શી જરૂર ? જેને શ્રમ નથી કરવો અને જે આળસુ છે તેને સેવકો જોઈએ. હું કર્મણ્ય છું, અકર્મણ્ય નથી. સેવકો ન હોવાથી હું શા માટે સમ્રાટ ન હોઈ શકું ? વળી, હું કાયર કે ડરપોક નથી. એવી વ્યક્તિને જ શસ્ત્રોની જરૂર પડે છે. તદુપરાંત હું શક્તિશાળી છું. મારી ઉપર કોઈ આક્રમણ કરી શકે તેમ નથી. મને કોઈનોય ભય નથી. માટે મારે સેના રાખવી જરૂરી નથી. સૈન્ય તો તેને જોઈએ, જે ભયભીત હોય અને બીજાઓના આક્રમણની જેને સતત ચિંતા હોય. મને આવી કોઈ ચિંતા નથી. આ ઉપરાંત ધન-સંપત્તિની દરિદ્ર માણસોને જરૂર પડે. હું ક્યાં ગરીબ છું ? હું તો આંતરિક

સંપત્તિથી સંપન્ન અને ભરપૂર છું. આ રીતે હું બધી દૃષ્ટિએ સમ્રાટ છું.''

એકવાર એમના એક શિષ્યે તેમને પૂછ્યું : ''લૂ રાજ્યમાં વાંગતાઈ નામનો એક લંગડો પુરુષ છે. તે કોઈને ઉપદેશ આપતો નથી છતાં, જે લોકો એની પાસે જાય છે તે હૃદયમાં અમૃત ભરીને પાછા ફરે છે. આવું કેમ બની શકે ?''

જવાબમાં કન્ફ્યુસિયસે કહ્યું : ''એ વાણીથી નહિ, પણ મૌનથી ઉપદેશ આપે છે. એ સંત છે.'' મૌનનો મહિમા સમજાવતાં ગાંધીજીએ કહ્યું છે - ''મૌન એ સર્વોત્તમ ભાષણ છે. જો બોલવું જ પડે તો ઓછામાં ઓછું બોલો. એક શબ્દથી ચાલે તો બે ન બોલો.'' ચિંતક કાર્લાઈલે પણ કહ્યું છે - ''આ જગત એવું જટિલ છે કે માણસે બોલબોલ કરીને એની જટિલતામાં વધારો ન કરવો જોઈએ. આપણે હંમેશાં મૌન જ પાળવું જોઈએ. સિવાય કે આપણી પાસે કહેવા જેવું કંઈ ખરેખર હોય.''

એકવાર કોઈકે તેમને પૂછેલું : ''તમારા હાથમાં રાષ્ટ્રનું સુકાન સોંપવામાં આવે તો તમે સર્વ પ્રથમ કયું કામ કરો ?''ત્યારે તેમણે જવાબ આપેલો - 'ભાષાશુદ્ધિ'નું કામ હું સહુથી પહેલાં કરું, કેમ કે ભાષાશુદ્ધિ દ્વારા વિચારશુદ્ધિ આવે, વિચારશુદ્ધિ દ્વારા આચારશુદ્ધિ આવે, આચારશુદ્ધિ દ્વારા ન્યાયશુદ્ધિ આવે અને ન્યાયશુદ્ધિ દ્વારા રાષ્ટ્રશુદ્ધિ આવવા પામે. આમ, ભાષાશુદ્ધિ એ પાયાનું મહત્ત્વનું કામ છે. વળી, તેમને જીવનમાં ઉતારવા માટે બે ઉત્તમ શબ્દો આશા અને ઉત્સાહ શીખવીશ.

એકવાર તેમણે કહેલું : ''પ્રામાણિક મનુષ્યોને ઊંચી પદવીએ ચડાવો અને દુષ્કૃત્ય કરનારાઓને પાણીચું આપો. એટલે પ્રજા પૂર્ણ સંતોષમાં રહેશે. દુષ્કૃત્ય કરનારાઓને ઊંચી પદવીએ ચડાવો અને પ્રામાણિક માણસોને હઠાવી દો તો પ્રજામાં અસંતોષ વધશે. પ્રજાની સાથે રાજ્યકર્તાઓએ ગૌરવભર્યું વર્તન રાખવું જોઈએ. જો એમ થશે તો

પ્રજા પણ રાજ્યનો આદર કરશે. સદ્ગુણી રાજ્યકર્તા ધ્રુવતારક જેવો છે - જે બીજાની વંદના પ્રાપ્ત કરે છે. પ્રજાનો વિશ્વાસ હોવો એનું નામ શુભ શાસન છે. રાજાનું ચારિત્ર્ય પવનના જેવું છે. વળી, પ્રજા ઘાસના જેવી છે. ઘાસનો સ્વભાવ એવો છે કે એના ઉપર પવનનો ફરફરાટ થાય એટલે એ અવશ્ય વાંકું વળે જ.

જો શાસક જાતે સીધો અને પ્રામાણિક હશે તો એની પ્રજા વગર કહ્યે પોતપોતાની ફરજ બજાવશે. જો એ જાતે સીધો અને પ્રામાણિક નહિ હોય તો તેઓ એના ફરમાનને માન નહિ આપે - પછી તે ફરમાન ગમે તેવું કેમ નથી હોતું.

સારા રાજા કે પ્રધાન થવું ઘણું અઘરું છે. દેશનો વડો એ કહેવાય, જેનું દરેક પગલું એટલું નિર્મળ હોય કે જેની સામે પ્રજાએ કશો અવાજ ઉઠાવી વિરોધ ન કરવો પડે. સારું રાજ્ય એ છે કે જે રાજ્યમાં રહેનાર સહુને સુખ મળે અને રાજ્યની બહાર રહેનારા દૂરના લોકોને પણ એ પોતાની તરફ આકર્ષે. 'યથા રાજા તથા પ્રજા' એ યાદ રાખવું ઘટે. રાજા ભ્રષ્ટ, લબાડ, પ્રપંચી તો પ્રજા પણ એવી જ લબાડ, ભ્રષ્ટ અને પ્રપંચી.''

• • •

# સંત તિરુવલ્લુવર

દક્ષિણ ભારતના વિખ્યાત સંત તિરુવલ્લુવર કાપડ વણીને તે વેચવાનો ધંધો કરીને પોતાનું જીવન ગુજરાન ચલાવતા અને ભક્તિમાં સમય પસાર કરતા.

એકવાર તેઓ કાપડ વેચવા નીકળ્યા હતા ત્યારે એક તોફાની જુવાનને ટીખળ કરવાનું મન થયું. તે જુવાને એ સંતને ઊભા રાખીને એક સાડીની કિંમત પૂછી.

સંતે તેની કિંમત બે રૂપિયા જણાવી એટલે તે જુવાને એ સાડી લઈને તેના ફાડીને બે ટુકડા કર્યા અને પછી પૂછ્યું : "આમાંના એક ટુકડાની કિંમત શી ?" સંતે તેની કિંમત એક રૂપિયો જણાવી.

પેલા જુવાને પછી તો એ ટુકડાના પણ પાછા બે ટુકડા કર્યા અને એ ટુકડાની કિંમત પૂછી. સંતે તેની કિંમત અડધો રૂપિયો જણાવી.

વળી, એ જુવાને એ ટુકડાઓને ચીરી કાઢીને તેનાય ટુકડા કર્યા અને એની કિંમત પૂછી ત્યારે સંતે એનીય કિંમત કહી.

એ પછીય એ જુવાન એ સાડીના ટુકડાઓને વધુ ને વધુ ફાડતો ગયો અને આખરે બોલ્યો : "હવે તો આ ટુકડા ઘણા નાના થઈ ગયા અને મારે કોઈ કામના રહ્યા નથી. એટલે એ ખરીદીને શું કરું ?"

ત્યારે સંતે કહ્યું : "તારી વાત બરાબર છે. તારે આ ટુકડા કશા કામમાં ન આવે, પણ હું એને સાંધીને ફરીથી આખી સાડી બનાવી દઈશ. પછી તો એને ખરીદનાર કોઈ મળશે જ."

આવો જવાબ સાંભળીને એ જુવાન ખિસિયાણો પડી ગયો. એ બોલ્યો : "મહારાજ, આ ટુકડા તમને પણ કંઈ કામમાં નહિ આવે. મને માફ કરો. લો હું તમને આખી સાડીની કિંમત ચૂકવી દઉં."

પરંતુ સંતે એ પૈસા લેવાની ના પાડતાં એ જુવાનને કહ્યું : "ભાઈ, જે વસ્તુ તને કામમાં આવવાની ન હોય તેના પૈસા તારી પાસેથી મારાથી ન લેવાય. તું શું એમ માને છે કે એ રીતે પૈસા આપીને તેં કરેલું નુકસાન ભરપાઈ કરી શકશે ? આ કાપડ કઈ રીતે તૈયાર થાય છે તે તું જાણે છે ? રાતદિવસ મહેનત કરીને ખેડૂતે કપાસ ઉગાડ્યો, એમાંથી રૂ તૈયાર થયું, અને દિવસો સુધી મહેનત કરીને મારી પત્નીએ કાંત્યું. પછી એને રંગ્યું અને વણ્યું ત્યારે આખરે આ સાડી તૈયાર થઈ. ભાઈ, આટલી મહેનતના

અંતે બનેલી સાડી પાછળના શ્રમની સફળતા તો તે કોઈના પહેરવાના કામમાં આવે તેમાં જ ગણાય.''

આટલું કહી જુવાનના માથે હાથ મૂકી સંતે આગળ કહ્યું : ''દીકરા, આપણું જીવન પણ આપણે આ સાડીની જેમ જ અવિચારી પણે વેડફી નાંખીએ છીએ. એક સાડી બગડે તો બીજી સાડી તો લાવી શકાય, પણ જીવન બગડે તો બીજું ક્યાંથી લાવી શકાય ?''

એ જુવાન તો સ્તબ્ધ થઈ ગયો અને સંતના ચરણોમાં નમી પડ્યો.

• • •

## સંત હસન

સંત હસનને મળવા માટે એકવાર તેમનો એક ભક્ત આવ્યો અને પગે લાગીને તે બોલ્યો : ''આપ સાક્ષાત્ પ્રભુના અવતાર છો અને જ્ઞાનનું સાકાર રૂપ છો. આપનાં દર્શનથી મારું જીવન ધન્ય બની ગયું.'' સંત કશું બોલ્યા વગર પ્રશંસા સાંભળી જ રહ્યા.

થોડીવાર પછી તેમની પાસે એક બીજો માણસ આવ્યો. તેને કંઈક વાંકું પડ્યું હશે. એટલે આવતાંની સાથે જ તેણે સંતને ગાળો ભાંડવા માંડી, કટુ વચનો કહ્યાં અને ગાળો આપતાં થાકી ગયા પછી તે ચાલ્યો ગયો, પણ સંત તો કશું જ બોલ્યા નહિ.

સંત પાસે હાજર રહેલા ભક્તોએ તેમને ત્યારે કહ્યું : ''પેલો માણસ આટલી બધી ગાળો ભાંડી ગયો છતાં તમે કેમ કશું ન બોલ્યા ? તેનો આવો ખરાબ વહેવાર કેમ સાંખી લીધો ?'' જવાબમાં સંતે કહ્યું : ''તે ખાતું સરભર કરી ગયો. તેણે મારી સમક્ષ અભદ્ર વહેવાર કર્યો નથી. તેણે માત્ર બૅલેન્સિંગ કર્યું છે. હમણાં જ એક માણસ મને પ્રભુનો સાક્ષાત્ અવતાર કહી ગયો. એટલી બધી પ્રશંસા તે કરી ગયો કે સમતુલન ડગી

ગયું. આ માણસે હવે તેને બૅલેન્સિંગ કરી લીધું. હવે સમતુલા પાછી આવી ગઈ છે. આ બે માણસો આવ્યા પહેલાં હું જે હતો તે પાછો થઈ ગયો છું.''

જીવનમાં આવું સમતુલન કેળવવું જરૂરી છે.

• • •

## સંત જુન્નૈદ

સંત જુન્નૈદને એક દેવદૂત જેવા ભલા વૃદ્ધ પુરુષે માર્ગદર્શન આપતાં કહેલું : ''સદ્ગુરુ તને મક્કાના એક વૃક્ષ નીચે બેઠેલા દેખાશે. તેમની આંખોમાંથી તેજનાં કિરણો નીકળતાં હશે. તેમના શરીરમાંથી સુગંધ ફેલાતી હશે. આવા સદ્ગુરુને પામવા માટે તારે ધીરજ અને શ્રદ્ધા રાખવી પડશે. મનમાં એમના સ્વરૂપનું ચિંતન કરવું પડશે.''

એ પછી જુન્નૈદ સદ્ગુરુના સ્વરૂપનું સ્મરણ કરતાં કરતાં મક્કાના વૃક્ષો પાસે ફરવા લાગ્યા. વર્ષો વીતી ગયાં, તોય દર્શન ન થયાં છતાં તેણે ધૈર્ય - શ્રદ્ધા ન ગુમાવ્યાં અને શોધ જારી રાખી ત્યારે વીસ વર્ષ પછી એ વિભૂતિનાં દર્શન થયાં. એ તો પેલા જ વૃદ્ધ હતા - જેણે તેને માર્ગદર્શન આપેલું. એ વખતે પોતાને તેમના એ સ્વરૂપનો સાક્ષાત્કાર કેમ ન થયો? તેના ઉત્તરમાં એ વિભૂતિએ કહ્યું : ''બેટા, એ વખતે તારી આંખો બરાબર ખૂલી ન હતી. તારી ઘ્રાણેન્દ્રિય આટલી તીવ્ર ન હતી, પણ વીસ વર્ષના સતત શ્રમ અને સ્મરણથી તેમ જ અખૂટ ધૈર્યથી આજે તારામાં સદ્ગુરુના સાક્ષાત્કારનું સામર્થ્ય આવી ગયું છે. હવે તું સાચો 'ફકીર' બની ગયો છે.''

આમ કહીને તે સદ્ગુરુ તો અદશ્ય થઈ ગયા. તે દિવસથી જુન્નૈદ સૂફી સંત બની ગયા. કબીરે કહ્યું જ છે -

કબીર ગુરુ ગરવા મિલ્યા, રલિ ગયા આટૈ લૂણ,
જાતિપાઁતિ કુલ સબ મિટે, નાઁવ ધરોંગે કોણ ?

• • •

# ભક્ત તુલસીદાસ

મહાકવિ ભક્ત તુલસીદાસ માતાના ગર્ભમાં બાર માસ રહ્યા હતા. એ જન્મ્યા અને ત્રીજે દિવસે જ તેમની માતાનો સ્વર્ગવાસ થવાથી તેમના પિતાએ તેમને અપશુકનિયાળ ગણીને ચૂનિયા નામની દાસીને દઈ દીધો. એ જન્મ્યા ત્યારે મોંમાં દાંત હતા અને રડ્યા ન હતા, પણ મોંમાંથી 'રામ' નામનો ધ્વનિ નીકળ્યો હતો. છતાં લોકો એમને રાક્ષસ સમજતા હતા. એ પછી એની સાચવણ કરનાર દાસી ચૂનિયાને પણ સાપ કરડવાથી તેનું અવસાન થવા પામ્યું અને બાળક તુલસીદાસ નિરાધાર થઈ ગયા.

ઈ.સં. ૧૫૫૪માં શ્રાવણ સુદ સાતમના દિવસે જન્મેલા એવા તેમનું બાળપણ તિરસ્કારમાં વીત્યું હતું. તે અનાથ બન્યાથી ચિત્રકૂટના સંત નરહરિ એમને પોતાને ત્યાં લઈ ગયા. ઉપવીત સંસ્કાર દઈ સંસ્કૃત-પ્રાકૃતનું શિક્ષણ આપી તેમને સંસ્કારી પુરુષ બનાવ્યા. વળી, કાશી મોકલીને તેમને શાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ પણ કરાવ્યો. રામાયણનો અભ્યાસ કરી તે 'તુલસીદાસ' બન્યા અને અનેક ગામોમાં રામાયણની કથા કહીને આજીવિકા રળવા લાગ્યા હતા.

એમની રામાયણકથા સાંભળીને મુગ્ધ થયેલા એક બ્રાહ્મણે તેમની કન્યા રત્નાવલી તેમને પરણાવી. એકવાર રત્નાવલી અચાનક પિયર ગઈ. ઘેર આવ્યા ત્યારે ઘરમાં પત્નીને ન જોતાં બેબાકળા થઈ એ તો તરત દોડતાં દોડતાં 'પત્નીને પિયર' પહોંચી ગયા. પતિને અચાનક આવેલા જોઈને આભી થયેલી રત્નાવલીએ તેમને કટાક્ષ પ્રહાર

કરી કહ્યું :

**“લાજ ન લાગત આપુકો દૌરે આયે હું સાથ.**
**ધિક્‌ધિક્ ઐસે પ્રેમ કો, કહા કહોં મૈં નાથ ?**
**અસ્થિચર્મમય દેહ મમ, તામેં જૈસી પ્રીત**
**તૈસી જો શ્રીરામ મેં, હોત ન તૌ ભવભીત.”**

ભાવાર્થ - સ્વામી, તમને જરાય શરમ ન આવી. મારી માટી જેવી નશ્વર કાયામાં મોહાંધ બની પાછળ પાછળ આવ્યા ! ધિક્કાર છે તમારા મોહમયી પ્રેમને ! તમને શી રીતે વીનવું ? તમારા જેવા જ્ઞાનીને શું કહું ? મારો દેહ તો હાડચામનું માળખું છે. તેમાં મોહાસક્ત બની આટલો જીવ રાખો એના કરતાં ભગવાન રામમાં પ્રેમ રાખો તો ભવસંસારનો ભય ટળે અને તે તરી જાવ. આવાં કટુ વચનો સાંભળી તુલસીદાસની આંખો ઊઘડી ગઈ અને તે રામભક્ત સંત તુલસીદાસ બની ગયા.

એકવાર એ સંતને મળવા માટે તેમના સમકાલીન રાજા ટોડરમલ ગયા અને તેમણે પોતાની જે જમીનમાં કશું પાકતું ન હતું તેમાં કંઈ પાકે તેવા આશીર્વાદ આપવા માટે તુલસીદાસને વિનંતી કરી ત્યારે સંતે એ જમીનમાં ભગવાન રામનું નામ દઈને રાઈ વાવવાનું સૂચન કર્યું.

એ મુજબ રાજા ટોડરમલે કર્યું અને પરિણામે એ જમીનમાં પુષ્કળ રાઈનો પાક થવાથી હજારો રૂપિયાની આવક થવા પામી. એ બધી આવક સંતના સૂચનથી થયેલી હોવાથી ટોડરમલે તો એ સઘળી આવક તુલસીદાસના ચરણોમાં ધરી દીધી ત્યારે તે સ્વીકારવાની ના પાડી. સંતે કહ્યું : “હું ધનની સાથે સંબંધ નથી રાખતો. મને આ ધન ન ખપે. હું તો ભગવાન શ્રીરામના કૃપાધનથી જ સંતુષ્ટ છું.”

બીજી તરફ ટોડરમલ પણ એ ધન પોતાની પાસે રાખવા ઇચ્છતા

ન હતા, છેવટે એમણે એ દાન એ સંતના ચરણોમાં સમર્પી એમની સંમતિથી કાશીના તુલસીઘાટ ઉપર સંતને રહેવા માટે પથ્થરનું મજબૂત ઘર બનાવ્યું અને તેમાં હનુમાનજીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી, પછી એમાં સંત રહેવા માંડ્યા. આજેય તે ત્યાં જોઈ શકાય છે.

એકવાર સમ્રાટ અકબરને સત્સંગ કરવાની ઇચ્છા થવાથી તુલસીદાસને દરબારમાં આવવાનું નિમંત્રણ મોકલ્યું. તે નિમંત્રણ આપવા ગયેલા સૂબેદારને સંતે દરબારમાં આવવા ના પાડી ત્યારે સૂબેદારે હાથી ઘોડા જરજમીન સમ્રાટ તરફથી મળવાની લાલચ આપી ત્યારેય સંતે ના પાડી. એટલે સૂબેદારે તેમને હાથીના પગ નીચે કચડાવાની ધમકી આપી. એ વખતે તુલસીદાસ બોલી ઊઠ્યા :

**"બન હી તો રઘુવીર સે ઔર બિગડે તો ભરપૂર,**
**તુલસી જગ સે બિગરી જો, બની જો સર કી ધૂર."**

ભાવાર્થ - જો સારું બને તો રામજી સાથે અને જામે તોય રામજી સાથે, દુનિયા સાથે દોસ્તી કે દુશ્મનાવટ એ તો માથાને વળગેલી ધૂળ સમાન છે. તેને ખંખેરી શકાય.

• • •

# સંત કબીર

સંત કબીરના અનેક શિષ્યો પૈકી બલ્ખ બુખારાના બાદશાહ પણ એક શિષ્ય તરીકે હતા. તેઓ અઢળક સંપત્તિના માલિક હતા. સંત કબીરને ત્યાં અધ્યાત્મવિદ્યા મેળવવા અને આત્મજ્ઞાનની અનુભૂતિ માટે તેઓ બાર વર્ષ સુધી તેમને ત્યાં રહ્યા હતા. છતાં તેમની પાસે વિદાય વખતે અયાચકવ્રતી એ સંતે ગુરુદક્ષિણા માંગી ન હતી, કેમ કે તેઓ માનતા હતા કે

**મર જાઉં પર માગું નહિ, અપને તનકે કાજ,**
**પરહિત કે કારણ, માગું ન આવે લાજ.**

• • •

## ભક્ત સુરદાસ

એકવાર ભક્ત કવિ સુરદાસ ભજન ગાતાં ગાતાં માર્ગ ઉપર ચાલ્યા જતા હતા, પણ અંધ હોવાથી ઊંડા ખાડામાં પડ્યા અને છતાં ભગવાન શ્રીકૃષ્ણનાં ભક્તિભજનો તો ગાયાં જ કરતા હતા. તેમની ભક્તિપ્રાર્થનાને પ્રતાપે મોડી રાત હોવા છતાં એક નાનકડા બાળરૂપે અચાનક ભગવાન શ્રીકૃષ્ણે આવીને તેમને ખાડામાંથી બહાર કાઢ્યા. ભક્ત સુરદાસ તરત જ એ બાળપ્રભુના સ્પર્શને પામી ગયા અને મનોમન ઉદ્ગાર કાઢ્યા : ''જરૂર પ્રભુએ જ બાળસ્વરૂપે આવીને મને ઉગાર્યો છે.''

એટલે તેમણે પેલા બાળકનો હાથ જોરથી પકડી રાખ્યો, પણ યુક્તિથી એ બાળપ્રભુ તો એમનો હાથ છોડાવીને છટકી ગયા ત્યારે સુરદાસ રડી પડ્યા, પણ કરુણ સ્વરે તેમનું હૈયું ગાઈ ઊઠ્યું :

**''કર મરોડ કે જાત હો, નિર્બળ જાણો મોય,**
**મુજ હૃદય સે જો ખાંસો, સબળો જાણું તોય.''**

ભાવાર્થ - ''યુક્તિથી હાથ છોડાવી તમે છટકી જાવ છો, કેમ કે હું નિર્બળ છું, પણ મારા હૃદયમાંથી જો ખસી શકો તો તમને ખરા માનું.''

એકવાર સમ્રાટ અકબરે તાનસેનના કંઠે ભક્ત સુરદાસનું પદ સાંભળીને એમણે એ ભક્તના મુખે તેમનાં પદ સાંભળવાની ઇચ્છા દર્શાવી.

એટલે ત્યારે મથુરામાં રહેતા એ ભક્ત પાસે બાદશાહ અકબર ગયા અને તેમને પોતાને ત્યાં પધારવાનું નિમંત્રણ આપ્યું. એટલે

પ્રેમવશ નિમંત્રણથી તેઓ તો બાદશાહના દરબારમાં ગયા અને ત્યાં 'મન રે ! માધવ સે કર પ્રીતિ'નું પદ તેમને સંભળાવ્યું.

એ વખતે બાદશાહે સુરદાસને પોતાની પ્રશંસાનાં પદ રચીને ગાઈ સંભળાવવા વિનંતી કરી અને બદલામાં તેમને મોં માંગી ચીજો બક્ષિસમાં આપવા જણાવ્યું.

જવાબમાં ત્યારે એ ભક્તે કહ્યું : ''મારો માલિક શ્યામસુંદર તો તમારા જેવા અનેકોનો માલિક છે. અને મને દાન કે માન અકરામ મેળવવાની જરાય ઈચ્છા નથી. ભલા, હું શા માટે તમારા યશોગાન ગાઉં ?'' આમ કહી તેમણે બીજું સુંદર ભક્તિપદ બાદશાહને સંભળાવ્યું.

એટલે તે વખતે પ્રસન્ન થઈ બાદશાહે ભક્તના હૃદયભાવની કદરરૂપે કેટલાંક ગામોની જાગીર બક્ષિસ તરીકે આપવાની તૈયારી બતાવી ત્યારે ભક્ત સુરદાસે કહ્યું : ''ભલા માણસ, મને તો અનંત કોટિ બ્રહ્માંડના સ્વામીની સેવાની જાગીરી મળી છે તો ચાર ગામની તુચ્છ જાગીરીનું પ્રલોભન મને શી રીતે લોભાવી શકે ?''

એમ કહી બાદશાહની બક્ષિસ લેવાની ભક્ત સુરદાસે સાભાર ના પાડી દીધી.

• • •

## ગુરુ નાનક

જ્યારે મોગલ સમ્રાટ બાબર ભારતમાં આવ્યા ત્યારે તે શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકની ખ્યાતિ સાંભળીને તેમને મળવા ગયા હતા અને આશીર્વાદ યાચ્યા હતા.

જવાબમાં ત્યારે ગુરુ નાનકે કહ્યું હતું : ''હું તને શું આશીર્વાદ આપું ? ઈશ્વરે તારે માટે જે નક્કી કર્યું છે તે જ થવાનું છે. તું દિલ્હીની

ગાદી ઉપર બેસે એવી ઈશ્વરની ઇચ્છા છે.''

બીજી એકવાર ગુરુ નાનક એક ગામમાં ગયા. ત્યાંના કેટલાક ગામવાસીઓ ત્યારે તેમને ઇચ્છતા ન હતા. એટલે તેમણે તેમની સમક્ષ ગામની ખીચોખીચ વસ્તી બતાવવા દૂધથી ભરેલો પ્યાલો મોકલી આપ્યો, જેથી સાધુસંતોથી ભરચક ગામમાં તેઓ ન પ્રવેશે.

પણ ગુરુ નાનકે તો પોતાના શિષ્યને એ દૂધ ભરેલા પ્યાલામાં સાકર નાંખી ઉપર તુલસીપાન મૂકવા જણાવ્યું અને એ દ્વારા સૂચવ્યું : ''તમારું ગામ આખું સાધુસંતોથી ભરેલું છે, પરંતુ એ સંતોમાં મીઠાશ નથી. એ આ મોળા દૂધ જેવા છે. એમની વચ્ચે હું સાકરની જેમ રહીશ અને એમનામાં મીઠાશ લાવીશ.''

એ સાંભળી એમને ન ઇચ્છનારા ગામ લોકો સડક થઈ ગયા. એ રીતે ગામમાં દાખલ થયા પછી સાધુ લોકો તેમને મળવા આવ્યા હતા. તે વખતે તેમને સંબોધીને તેમણે કહેલું : ''ભાઈઓ, સાધુ શીલથી જ સાધુ કહેવાય છે. સરળતા, નમ્રતા અને સેવાવૃત્તિ સાધુની સદૈવ સહચરી છે અને ઈશ્વરપ્રેમ એમનું આભૂષણ છે. જેના હૃદયમાં સાગરની જેમ સૌને સ્થાન છે તે જ સાચો સાધુ છે.''

એક દિવસ તેમના પિતાજીએ ખેતરની રખેવાળી કરવા તેમને મોકલ્યા ત્યારે તેમણે પક્ષીઓને ઉડાડવાને બદલે ચણવા બોલાવ્યાં અને ગાયું :

**''રામકી ચીડિયા રામ કા ખેત, ખા લો ચીડિયા ભરભર પેટ.''**

એકવાર તેઓ ખેતરમાં સૂતા હતા ત્યારે તેમના શિર ઉપર નાગરાજ ફણા ધરી છત્ર ધરી રહ્યા હોવાનું જોઈ લોકો તેમને મહાન અવતાર માનતા હતા. જ્યારે એક દિવસ તેમના પિતાએ તેમને ખેતરનું

કામ ન થઈ શકે તો વેપારનું કામ કરવા જણાવ્યું ત્યારે તેમણે કહેલું : ''પિતાજી, હું વેપાર-ધંધો તો કરું જ છું. મારા ગ્રાહકોને સત્ય તેમ જ ઇંદ્રિય નિગ્રહનો માલ આપું છું. મને તેમાં સારો ફાયદો થાય છે.''

એકવાર તેમના પિતાજીએ વેપાર માટે તેમને વીસ રૂપિયા આપ્યા ત્યારે શહેરમાં જતાં રસ્તામાં ભૂખ્યા સંતોને બેઠેલા જોઈને એમણે એ રૂપિયા ખર્ચીને એમને ભોજન કરાવી આનંદ લીધો હતો.

● ● ●

## સંત રાબિયા

ધરતીનું નમકરૂપ સંત રાબિયાને એકવાર હસન નામના ખુદાપરસ્ત એક વ્યક્તિએ નમાજ પઢવા માટે તેનું કુરાન આપવા વિનંતી કરી. એટલે તેણે તો પોતાનું કુરાન એમને આપ્યું.

એ કુરાનમાં થયેલા ફેરફારો જોઈને હસન તો ડઘાઈ જ ગયો અને તેણે એ સંતને કહ્યું : ''આવા ફેરફારો કુરાનમાં કરવાની રજા નથી. પ્રભુના આખરી દૂત જેવા મહંમદ પયગંબર સાહેબના કુરાનમાં ફેરફારો ન કરી શકાય.''

એના જવાબરૂપે રાબિયાએ હસીને કહ્યું : ''પરંપરાની મને કોઈ પરવા નથી. મેં ખુદાને આમને સામને નિહાળ્યા છે અને તેથી મારા અનુભવ પ્રમાણે મેં પુસ્તકમાં ફેરફાર કર્યા છે. આખરે તો આ કુરાન તે મારું પોતાનું પુસ્તક છે. તેના ઉપર મારી માલિકી છે. તમે કોઈ એ માટે વાંધો ન લઈ શકો. મેં તમને કુરાન આપ્યું તે બદલ તમારે મારો આભાર માનવો જોઈએ. મારે બીજાના અનુભવને નહિ, પણ મારા પોતાના અનુભવને વફાદાર રહેવાનું હોય છે. તેથી મારા અનુભવ પ્રમાણે મેં મારા કુરાનમાં ફેરફાર કર્યા છે, કેમ કે આ કુરાન તો મારું પોતાનું છે.''

આ સાંભળીને હસન ચૂપ થઈ ગયો.

• • •

## મહાત્મા રામાનુજાચાર્ય

મહાત્મા રામાનુજાચાર્ય એકવાર શારીરિક દુર્બળતાને લીધે લોકોનો ટેકો લઈને નદીએ સ્નાન કરવા જતા હતા. જતી વખતે તેઓ બ્રાહ્મણનો અને સ્નાન કરી પાછા ફરતી વખતે શૂદ્રનો ટેકો લેતા. આ જોઈ કોઈકે તેમને પૂછ્યું : ''ભગવાન ! શૂદ્રનો ટેકો સ્નાન કર્યા પછી લેવાથી તમે અપવિત્ર ન થઈ જાવ ? આમ, સ્નાન કરવાનો શો અર્થ ?''

જવાબમાં તેમણે હસીને કહ્યું : ''ભાઈ, સ્નાન કરવાથી તો ફક્ત મારો દેહ શુદ્ધ થાય છે, પણ મનનો મેલ અહંકાર જો માણસમાં રહે તો એ મનથી મેલો જ કહેવાય. એટલે હું શૂદ્રનો ટેકો લઈ તેના સ્પર્શ દ્વારા મનની મલિનતા ધોઉં છું. હું કોઈથી મોટો નથી, પણ બધાં મારા કરતાં મોટા છે. અરે, શૂદ્ર પણ મારાથી શ્રેષ્ઠ છે. આ ભાવનાને સ્થિર કરવા માટે શૂદ્રનો ટેકો લઉં છું.''

બીજા એક પ્રસંગે તેમની પાસે આવીને એક ભક્તે કહ્યું : ''તમને પરમ તત્ત્વનો સાક્ષાત્કાર થયો છે. મારે પણ પરમ તત્ત્વને પામવાની ઇચ્છા છે. મને તેની અનુભૂતિ ન કરાવી શકો ?'' થોડીવાર મૌન રહ્યા પછી તે ભક્તને તેમણે પૂછ્યું : ''તેં કોઈને ક્યારેય પ્રેમ કર્યો છે ?''

ભક્તે એ સાંભળી આશ્ચર્ય ચકિત થઈ કહ્યું : ''મને પ્રેમમાં નહિ, પરમાત્મામાં રસ છે.''

ત્યારે રામાનુજાચાર્યે કહ્યું : ''જે માણસ આંતરિક રીતે શુષ્ક હોય, અંદરથી બિલકુલ કોરોકટ હોય, પથ્થરદિલ હોય, એવા અંતરાત્મામાં વળી પરમાત્માનો પ્રવેશ કેવી રીતે થઈ શકે ? તેં ક્યારેય પ્રેમ નથી કર્યો

તો પછી ભાવવિભોર થઈને પ્રભુની પ્રાર્થના કેવી રીતે કરી શકીશ ? પ્રેમ વગરના મનહૃદયમાં પરમાત્માની પધરામણી કેવી રીતે થઈ શકે ? પ્રેમ વગરનો માનવી પરમાત્માથી ઘણો દૂર હોય છે.'' પછી એ ભક્ત તો પાછો જતો રહ્યો.

• • •

બીજી એકવાર તેઓ પોતાના શિષ્યો સાથે ભગવાન રંગનાથના મંદિરમાં દર્શને ગયા હતા. ત્યાં તેમણે મંદિરનાં પગથિયાં ઉપર એક માણસને એક સ્ત્રીના માથા ઉપર છત્રી ધરીને ઊંધે પગલે પગથિયાં ચડતો જોયો. એ હતો પહેલવાન ધનુર્દાસ અને સ્ત્રી હતી એની પત્ની હેમામ્બા વેશ્યા. આ રીતે ઊંધે પગલે ચાલતો જોઈ લોકો તેને હસતા હતા, પણ તેની તે પરવા કરતો ન હતો. તે તો પોતાની પત્નીની સુંદરતા જોવા ખાતર ઊંધે પગલે ચાલતો હતો.

આ જોયા પછી રામાનુજાચાર્યે સાંજના તે પહેલવાનને પોતાના મઠમાં બોલાવ્યો અને આમ કરવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે જણાવ્યું : ''મને મારી પત્ની હેમામ્બા ખૂબ જ ગમે છે. એના જેવું સૌંદર્ય જગતમાં મેં જોયું નથી. તેની સુંદરતા તાપતડકાથી કરમાઈ ન જાય તે માટે હું તેને માથે છત્રી ધરીને ચાલતો હતો. વળી, તેના રૂપનું સતત રસપાન કરી શકાય એટલા માટે તેની તરફ મોઢું રાખીને ઊંધે પગલે પગથિયાં ચડી રહ્યો હતો.''

તેની આવી મનોવૃત્તિ જોઈ તેમણે એ પહેલવાનને કહ્યું : ''તારી રૂપપિપાસા અને તલ્લીનતા મને ગમી, પરંતુ માણસે ઉત્તરોત્તર વધુ ને વધુ સુંદર રૂપ જોવાની ઇચ્છા રાખવી જોઈએ. તારી પત્ની કરતાં પણ અતિ મનોહર સૌંદર્ય ભગવાનનું જોવા માટે તેને લઈને મંદિરમાં તું આરતીટાણે આવજે.''

સંતના કહેવા મુજબ પહેલવાન ધનુર્દાસ તો મંદિરમાં આરતી - ટાણે જઈ પહોંચ્યો. તેણે આરતી સમયે પ્રભુ રંગનાથનું મૂર્તિસ્વરૂપ ધ્યાનથી જોયું અને અંતરમાં ઉતાર્યું. તે વખતે રામાનુજાચાર્યે પણ ભગવાનને પ્રાર્થના દ્વારા અદ્‌ભુત રૂપ દેખાડવા વિનંતી કરી, જેથી જગતનાં બધાં રૂપ ફિક્કાં લાગે.

અને ખરેખર ભગવાને અનન્ય રૂપ દેખાડી પહેલવાન ધનુર્દાસને એવો મુગ્ધ કર્યો કે જેથી તે એ રૂપની રસસમાધિમાં જ લાંબો વખત રહ્યો અને જ્યારે એ સમાધિ છૂટી ત્યારે તેની પાસે એ રૂપને વર્ણવવાના શબ્દો જ ન હતા. પરિણામે પહેલવાન ધનુર્દાસ પ્રભુનો મોટો ભક્ત બન્યો અને હેમામ્બાની જગ્યાએ તેણે હૈયામાં હરિને બેસાડ્યા. તેને ત્યારે ભગવાનના રૂપ સમક્ષ આખું જગત ઝાંખું અને ફિક્કું લાગ્યું અને તેને થયું કે

**તન મન કા મધુ સબ રીત ચૂકા, અબ મધુ કેવલ મધુસૂદનમેં.**
**અવશેષ હુઈ રસકી ચર્ચા, અબ રસ કેવલ રસનંદનમેં.**
**મન મિત કરો મધુ કી બાતેં, અબ મધુ કેવલ મધુસૂદનમેં.**

આમ, સત્સંગથી કામાસક્ત ધનુર્દાસ મોટા હરિભક્ત બની ગયા.

• • •

## સ્વામી દયાનંદ સરસ્વતી

સ્વામી દયાનંદ સરસ્વતી આત્મોન્નતિ માટે હિમાલયના કોઈક શાંત સ્થળે બેસી તપશ્ચર્યા કરવા જઈ રહ્યા હતા. જતાં જતાં રસ્તામાં કોઈક સ્થાને વિશ્રાંતિ માટે તેઓ રોકાયા. ત્યાં પાસે જ પતિતપાવની ગંગામૈયા વહેતી હતી. તેમાં સ્નાન કરવા નદીના નીરમાં થોડે અંદર જઈને ઊભા ત્યારે તેમણે થોડે દૂર એક યુવાન કંગાળ માતા હાથમાં મૃત બાળક લઈને ઊભેલી જોઈ. તે ગંગાજીમાં બાળકને પધરાવવા આવી હતી. તેણે બાળકને તો ગંગાજીમાં પધરાવી દીધું, પણ તેને ઓઢાડેલું

વસ્ત્ર પાછું લઈ લીધું, કારણ કે એ વસ્ત્ર તેને માટે અમૂલ્ય અને ઉપયોગી હતું અને તે લઈ રડતી રડતી એ પાછી ફરી ગઈ.

આ જોઈ સ્વામીજીને વિચાર આવ્યો : ''જે દેશમાં પોતાના વહાલા બાળકને આખરી મંજિલે પહોંચાડવા માટેનું એકમાત્ર વસ્ત્ર પણ પાછું લઈ લેવું પડે એવી ભયંકર ગરીબી છે ત્યાં કેવળ પોતાની જ આત્મોન્નતિ માટે હિમાલયને કોઈ ખૂણે બેસી રહેવામાં તો નર્યો અંગત સ્વાર્થ જ ગણાય.''

આમ વિચારી તરત જ તેઓ હિમાલયની તળેટીમાંથી નીચે ઊતરી ગયા અને અજ્ઞાન, અંધશ્રદ્ધા અને અંધકારમાં સબડતા પોતાના દેશબંધુઓને બેઠા કરવાનો તેમણે નિરધાર કર્યો. આખા દેશમાં તે ફર્યા અને વેદનો ટંકાર કરીને હિંદુ ધર્મ અને સમાજની કાયાપલટ કરી.

ઈ.સ. ૧૮૭૭માં પંજાબમાં વિજયડંકો વગાડી આર્યસમાજની સ્થાપના કર્યા બાદ ઈ.સ. ૧૮૮૩માં તેઓ રાજસ્થાનના જોધપુરના મહારાજાને ત્યાં ગયા. મહારાજાએ સ્વામીજીના પ્રભાવ હેઠળ વ્યસનો અને વિલાસ તજવા માંડ્યાં હતાં. એટલે તેમની માનીતી વારાંગના નન્નીજાનને ચિંતા થવા માંડ્યાથી એણે સ્વામીજીનું કાસળ કાઢી નાંખવા કાવતરું કર્યું.

રોજ રાત્રે સૂતી વખતે એક કટોરો દૂધ પીવાનો સ્વામીજીનો નિયમ હતો. એ મુજબ ઈ.સં. ૧૯૩૯ની કાળીચૌદસની રાતે તેમનો રસોઈયો જગન્નાથ એમને ઝેર ભેળવેલું દૂધ પીવા માટે આપી ગયો. એ પીધાથી તેમને પેટમાં બળતરા થવા માંડી અને ઊલટીઓ થવા માંડી. એમને ઝેરની શંકા જવાથી રસોઈયાને બોલાવીને પૂછ્યું તો તેણે વારાંગનાની ચઢવણીથી ઝેર આપ્યાની વાત કબૂલી અને પશ્ચાત્તાપ કરીને તે ખૂબ રડ્યો અને માફી માંગી. સ્વામીજીએ ત્યારે ઉદારદિલે

કહ્યું : ''જગન્નાથ, મને મરવાનો અફસોસ નથી પણ મારું કાર્ય અધૂરું રહી ગયું. તને ખબર નથી કે લોકહિતને આથી કેટલી હાનિ થશે. ખેર, જેવું મારું ભાગ્ય. પણ મારી પાસે થોડા રૂપિયા છે. તું એ લઈને નાસી છૂટ. જોધપુરના મહારાજા જાણશે તો તારા રાઈ રાઈ જેટલા ટુકડા કરાવી નાંખશે. તું નેપાળ નાસી જા. મારા તરફથી કોઈ ભય રાખીશ નહિ.'' બીજી પળે તેમનો જીવનદીપ બુઝાઈ ગયો.

• • •

## સ્વામી રામકૃષ્ણ પરમહંસ

સ્વામી રામકૃષ્ણ પરમહંસે એકવાર તેમને મળવા આવેલા કોઈ પંડિતજીને સંત-મહાત્માઓ વિશે કહેલું : ''મહાત્માઓની કસોટી બહારના દેખાવ ઉપરથી કરવી નહિ. બની શકે તો તેમના હૃદયમાં ડૂબકી મારવી. તેમના હૃદયને ઓળખવા પ્રયાસ કરવો અને તે ઉપરથી તેમના વિશે નિર્ણય કરવો. નહિ તો તેમને નમસ્કાર કરીને રસ્તે પડવું. બાકી, પૂરતી તપાસ વિના બેત્રણ બાહ્ય વસ્તુઓની મદદથી તેમના વિશે મત બાંધવો એ અપરાધ છે.''

તેમને બીજા એક પ્રસંગે એક જિજ્ઞાસુએ પ્રશ્ન પૂછ્યો : ''આ દુનિયામાં ભૂતપ્રેત જેવું કંઈ છે ખરું ?'' ત્યારે જવાબમાં તેમણે તરત કહ્યું : ''ભૂતકાળ એ જ મોટું ભૂત છે.''

એકવાર એક સિદ્ધ યોગી તેમને મળવા આવ્યા અને કહ્યું : ''તમે જોયુંને ? હું પાણી ઉપર ચાલીને તમને મળવા આવ્યો. આ સિદ્ધિ મેળવવા માટે મેં સોળ વર્ષ તપ કર્યું.''

જવાબમાં પરમહંસે કહ્યું : ''અરે, તમે જીવનનાં અમૂલ્ય એવાં સોળ વર્ષો આવી ક્ષુલ્લક સિદ્ધિ મેળવવા માટે વેડફી દીધાં. કોઈ પણ

હોડીવાળો તમને માત્ર મામૂલી દામે ગંગા પાર કરાવીને લઈ આવ્યો હોત.''

તેમણે એકવાર સત્સંગી ભક્તોને ઉપદેશરૂપે કહેલું : ''આ જગત ઈશ્વરનું ઐશ્વર્ય છે, પણ એ ઐશ્વર્ય જોઈને જ બધા ભૂલ ખાઈ જાય. જેનું આ ઐશ્વર્ય છે તેને શોધે નહિ. કામિનીકાંચન ભોગવવા સૌ કોઈ દોડે, પરંતુ તેમાં દુઃખ, અશાંતિ જ વધુ.

સાધુસંગ કરતાં કરતાં ઈશ્વરને માટે પ્રાણ આકુળવ્યાકુળ થાય, જેમ કે ઘરમાં કોઈ બીમાર હોય તો મન હંમેશાં વ્યગ્ર રહ્યાં કરે કે કેમ કર્યે એ સાજું થાય. તેમ જો કોઈની નોકરી છૂટી ગઈ હોય તો એ વ્યક્તિ જેમ ઑફિસે ઑફિસે ધક્કા ખાધા કરે. તેવી આતુરતા ઈશ્વરને માટે હોવી જોઈએ. આતુર થઈને ઈશ્વરની પ્રાર્થના કરવી. ઈશ્વર તો આપણો પોતાનો, તેને પ્રાર્થના કરવી જોઈએ કે તમે કેવા છો ? દર્શન આપો, દર્શન દેવાં જ પડશે. તમે મને શા માટે ઉત્પન્ન કર્યો ?

સત્સંગથી લાભ થાય. સત્-અસત્નો વિચાર આવે. સત્ એટલે નિત્યપદાર્થ એટલે કે ઈશ્વર. અસત્ એટલે કે અનિત્ય. અસત્ માર્ગે મન જાય તેની સાથે જ વિચાર કરવાનો. ઈશ્વરનો નિયમ જ એવો છે કે પાપ કર્યે જ તેનું ફળ ભોગવવું પડે. મરચું ખાધે તીખું ન લાગે ?

સંસારમાં રહીનેય ભગવાનને જરૂર પામી શકાય, પણ જે કહ્યું તે સાધુસંગ અને નિરંતર પ્રાર્થના કરવાં જોઈએ. ઈશ્વરની પાસે રડવું જોઈએ. મનનો મેલ બધો ધોવાઈ જાયં તો ઈશ્વરનાં દર્શન થાય. મન જાણે કે ધૂળ ચડેલી લોઢાની સોય, ઈશ્વર જાણે કે લોહચુંબક પથ્થર. ઉપરની ધૂળ ધોવાઈ ગયા વિના લોહચુંબકની સાથે સોય જોડાય નહિ. રુદન કરતાં કરતાં સોય ઉપરની માટી ધોવાઈ જાય. સોય ઉપરની માટી એટલે કામ, ક્રોધ, લોભ, પાપી વિચારો અને વિષય વાસના. એ માટી

ધોવાઈ જતાં વેંત સોયને લોહચુંબક ખેંચી લે. અર્થાત્ ઈશ્વરદર્શન થાય. ચિત્તશુદ્ધિ થાય ત્યારે ઈશ્વરની પ્રાપ્તિ થાય. તાવ આવ્યો હોય, દેહમાં કેટલાય ઝેરી રસો ભેગા થયા હોય ત્યારે માત્ર ક્વિનાઇનથી શું વળે ? સંસારમાં ઈશ્વરદર્શન શા માટે ના થાય ? સત્સંગ, રડી રડીને પ્રાર્થના, વચ્ચે વચ્ચે એકાંત નિર્જન સ્થળમાં વાસ - આ બધાંથી થાય. જેમ વાડ ન કરીએ તો રસ્તા ઉપરના નાના છોડને ગાયબકરાં ખાઈ જાય, તેમ મનને આ બધાંની વાડ કરવી જોઈએ.

ગમે તે માણસ ગુરુ થઈ શકે નહિ. જંગી લાકડું પોતેય તરતું ચાલ્યું જાય અને કેટલાંય જીવજંતુઓ પણ તેના ઉપર બેસીને જઈ શકે. પણ પોલું ફોફાં જેવું લાકડું, જો તેના ઉપર કોઈ બેસે તો તે પોતેય ડૂબી જાય અને જે બેસે તેય ડૂબી જાય. એટલા માટે ઈશ્વર પોતે યુગે યુગે લોકોને ઉપદેશ આપીને માર્ગ બતાવવા માટે ગુરુરૂપે અવતાર લે. સચ્ચિદાનંદ ગુરુ.

જ્ઞાન કોને કહે ? અને હું કોણ ? ઈશ્વર જ કર્તા, બીજા બધા અકર્તા - એ અનુભવવાનું નામ જ્ઞાન. હું અકર્તા, ઈશ્વરના હાથનું યંત્ર એટલે હું કહું કે ''મા, તમે યંત્ર ચલાવનાર, હું યંત્ર, તમે ઘરમાલિક, હું ઘર, હું ગાડી, તમે ગાડી ચલાવનાર, જેમ ચલાવો તેમ ચાલું, જેમ કરાવો તેમ કરું, જેમ બોલાવો તેમ બોલું, 'नाहं नाहं, तू हिं तू हि'

• • •

ઘણાં ઝાડને પહેલાં ફૂલ આવે અને પછી ફળ આવે તો કેટલાંક વૃક્ષ એવાં પણ હોય કે જેને પહેલાં ફળ આવે અને પછી ફૂલ આવે. આમ ઘણા સાધકોને સમાધિ અવસ્થાનો અનુભવ થયા પછી દિવ્ય અનુભવો થાય, તો કેટલાક વિરલ સાધકોને પહેલાં દર્શન થાય અને પછી આધ્યાત્મિક વિકાસ થતાં સમાધિ અવસ્થાએ પહોંચે. જેનું જેવું પૂર્વ કર્મનું ભાથું અને ઈશ્વરની ઇચ્છા તેમ જ કૃપા.''

એકવાર સ્વામીજી દરિયાકાંઠે ફરતા હતા ત્યારે એક યુવક ભયથી થરથરતો દોડતો જતો હતો અને તેની પાછળ વાંદરો દોડતો હતો. એની બીકથી એ યુવક વધારે જોરથી દોડતો હતો.

એ વખતે પરમહંસે તેને ઊભા રહેવા જણાવ્યું, પણ તેમ કરવાની ના પાડતાં તેણે કહ્યું : ‘‘જો એમ કરું તો મારી પાછળ આવતો વાંદરો મને પકડી પાડે અને મારા ઉપર હુમલો કરે.’’

ત્યારે સ્વામીજીએ ફરીથી આદેશરૂપે કહ્યું : ‘‘તમે વાંદરાને જોઈને બીકના માર્યા દોડ્યા કરો છો. એટલે જ વાંદરો તમારી પાછળ પડ્યો છે. તમે હિંમતથી વાંદરાને પડકારો.’’

એ સમજીને એ યુવક વાંદરા તરફ જવા લાગ્યો. એને પોતાના તરફ આવતો જોઈને પેલો વાંદરો પીછેહઠ કરીને ત્યાંથી ભાગી ગયો. એ જોઈને પરમહંસે એ યુવકને કહ્યું : ‘‘આપણી આ દુનિયા પેલા વાંદરા જેવી છે. આપણે આ દુનિયાની બીક રાખીએ તો દુનિયા આપણને ડરાવશે અને ધમકાવશે, પરંતુ આપણે દુનિયાની બીકને મનમાંથી કાઢી નાંખીશું તો આપણે ભય વિના હિંમતથી જીવનમાં આગળ વધી શકીશું.’’ એ યુવક એ જ ભવિષ્યમાં પરમહંસના પટ્ટશિષ્ય બની પંકાયેલા સ્વામી વિવેકાનંદ.

આમ, કોઈ પ્રકારના ડર કે ક્ષોભ વિના હિંમત અને ધીરજથી દુનિયાનો સામનો સત્ય માટે કરવામાં જ જીવનનો વિજય અને તેની સફળતા છે.

એક પ્રસંગે કોઈ ભક્તજને તેમને પૂછ્યું : ‘‘ઠાકુર, અમારે સંસારમાં કેવી રીતે રહેવું ?’’

ત્યારે જવાબમાં તેમણે કહેલું : ‘‘બધાં કામ કરવાં, પણ મન

ઈશ્વરમાં રાખવું. પત્ની, પુત્ર, માબાપ - એ બધાંની સાથે રહેવું, સેવા કરવી, પોતાના માણસ છે એવો ભાવ રાખવો, પરંતુ મનમાં સમજવું કે એમાંથી આપણું કોઈ નથી. હોડી પાણીમાં રહે તેનો વાંધો નહિ, પણ હોડીમાં પાણી રહેવું જોઈએ નહિ. સાધક ભલે સંસારમાં રહે, પણ સાધકના મનમાં સંસાર રહેવો જોઈએ નહિ. પ્રભુના સાંનિધ્યમાં જ મુક્તિનો અનુભવ થઈ શકે. આ માટે મોહને તજીને પ્રેમ અને ભક્તિનો માર્ગ એ જ કલ્યાણનો માર્ગ છે.

કવિ રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે

**મુજ મોહ સઘળો જે બધો, મુક્તિરૂપે સળગી ઊઠો,**
**મુજ પ્રેમ સઘળો જે બધો, ભક્તિરૂપે વ્યાપી રહો.**

ગદાધર નામથી ઘરમાં ઓળખાતા એમને એકવાર રાતના ઊંઘ ન આવતાં તેમણે અકળાઈને કહેલું : ''કેટલી બધી દુર્ગંધ આવે છે. જરૂર ખાટલામાં ક્યાંક ધન પડ્યું હશે.''

તરત એમણે પથારી ઊંચી કરીને જોયું તો તેની નીચે કોઈકે સંતાડેલી બે આની મળી આવી. આમ તેમને ધનની દુર્ગંધ આવતી. ધનને તેઓ માટી સમજતા. તેમની પાસે જે થોડું ઘણું સોનું હતું તે તેમણે દરિયામાં પધરાવી દીધું હતું.

પિતા ખુદીરામ ચટ્ટોપાધ્યાય અને માતા ચંદ્રમણિના તેઓ ત્રીજા સંતાન હતા. ન્યાતજાતના ભેદ તેમને પસંદ ન હતા અને સુંદર વસ્ત્રો પહેરવાં તેમને ગમતાં નહિ. મોટા ભાઈ સાથે તેઓ કાલીમાતાના મંદિરમાં પૂજારી તરીકે રહ્યા હતા. તેમને મન તો તે હાજરાહજૂર કાલીમાતા હતા. કલાકો સુધી ત્યાં બેસતા અને માનાં દર્શન ન થતાં રડ્યા કરતાં. એકવાર કાલીમાતાનાં દર્શન ન થતાં જીવન નિરર્થક સમજી તેઓ મંદિરમાં પડેલી તલવાર લઈને પોતાનો શિરચ્છેદ કરવા તૈયાર થયા હતા ત્યારે તેમને કાલીમાતાએ દર્શન આપ્યાં હતાં. તેમને ભગવાન

શ્રીકૃષ્ણનાંય દર્શન થયેલાં. તા. ૧૬ ઑગસ્ટ, ૧૮૮૬ના રોજ ધ્યાન સમાધિમાં ત્રણ વાર 'કાલી' શબ્દના ઉદ્‌ગાર સાથે તેઓ પરમધામ સંચર્યા હતા.

• • •

## સ્વામી વિવેકાનંદ

સ્વામી વિવેકાનંદને એકવાર તેમના ગુરુ સ્વામી રામકૃષ્ણ પરમહંસે પૂછ્યું : ''ધાર કે લોકો તારી નિંદા કરતા હોય તો તને કેવું લાગે ? તારા ઉપર એની શી અસર થાય ?''

જવાબમાં સ્વામી વિવેકાનંદે કહ્યું હતું : ''હું તો એમ માનું કે મારી આસપાસ કૂતરાં ભસ્યાં કરે છે અને હું હાથીની જેમ મારાં કર્તવ્ય અને ઉદ્દેશની દિશામાં આગળ ને આગળ વધું છું.''

તેઓ એકવાર જ્યારે વિદેશના પ્રવાસે ગયા હતા ત્યારે તેમની સુંદર આકર્ષક મુખમુદ્રા જોઈને આકર્ષાયેલી એક લલનાને મનમાં મહેચ્છા જાગી કે આ મહાનુભાવ દ્વારા પોતાને એક પુત્ર થાય તો તે કેટલો બધો તેજસ્વી થાય અને પોતે પણ કેવી ધન્ય થઈ જાય.

એની આવી ઇચ્છાની જાણ તેમને થઈ ત્યારે તેમણે એ લલનાને સ્નેહપૂર્વક કહ્યું : ''મા, મારા જેવો જ પુત્ર તમને શા માટે જોઈએ ? હું પોતે જ તમારો પુત્ર છું. મને જ તમારો પુત્ર માની લોને !''

એક વખત વિદેશમાં વ્યાખ્યાન આપતાં તેમણે કહ્યું હતું : ''તમારે ઈશ્વરને શોધવા ક્યાં ? બધાં જ ગરીબ, દુ:ખી અને નિર્બળ મનુષ્યો શું ઈશ્વર નથી ? સહુથી પહેલાં તેમને શા માટે ન પૂજવા ? એ લોકોને તમારા ઈશ્વર બનવા દો - તેમને વિશે વિચારો, તેમને માટે કાર્ય કરો - અવિરત અને નિરંતર અને ઈશ્વર પોતે તમને સાચો માર્ગ

સુઝાડશે.''

તેમના ગુરુ સ્વામી રામકૃષ્ણ પરમહંસે મહા સમાધિ લીધી ત્યારે તેમના માનીતા શિષ્યો સમક્ષ તા. ૨૪ ડિસેમ્બર, ૧૮૮૬ના રોજ તેમણે કહેલું : ''આપણું એકમાત્ર ધ્યેય માનવઘડતરનું બની રહો. 'શિવજ્ઞા અને જનસેવા'ને જ આપણી આધ્યાત્મિક સાધના આપણે બનાવીએ, એ રીતે ઈશ્વરનો સાક્ષાત્કાર કરીએ. આપણા ગુરુ રામકૃષ્ણના જીવનનો એ જ સંદેશ છે !''

• • •

## સમર્થ રામદાસ સ્વામી

છત્રપતિ શિવાજી મહારાજના ગુરુ ગણાતા સમર્થ રામદાસ સ્વામી હંમેશાં બાળકો સાથે પ્રેમથી રમતા હતા. કોઈકે એમને એનું કારણ પૂછતાં તેમણે જણાવેલું કે

**વધી પોર તે થોર હોઉંની ઘેલે,**
**વધી થોર તે ચોર હોઉંની ઘેલે !**

તાત્પર્ય કે, નાના હતા તે મોટા થયા અને કેટલાક મોટા થઈને ચોરવૃત્તિ શીખ્યા.

આ જ વાતને ઉમાશંકર જોશીએ જુદી રીતે કહી છે :

**''મોટાઓની અલ્પતા જોઈ થાક્યો,**
**નાનાઓની મોટાઈ જોઈ જીવું છું.''**

કવિ શ્રી નરસિંહરાવ દિવેટિયાએ પણ નાનાં બાળકોને ફૂલ જોડે સરખાવ્યાં છે. અને પોતાની સાથે રમવામાં સંકોચ અનુભવતાં બાળકોને ઉદ્દેશીને કહેલું :

**"તમમાંનું હું પણ રે, કુસુમ એક કોમળિયું,**
**રહી મનુજ સમૂહેરે, વદન કરમાઈ ગયું,"**

આ ઉપરથી સમજાય છે કે સરળતાની સરવાણી સંબંધના વૃક્ષને લીલુંછમ રાખે છે, જ્યારે કુટિલતાના કંટકો સ્નેહસંબંધોને છિન્નભિન્ન કરી નાંખે છે.

સંત એકનાથના ભાણેજનું મૂળ નામ નારાયણ, પિતાનું નામ સૂર્યજી પંત અને માતાનું નામ રણુબાઈ. તેમનો જન્મ ઈ.સ. ૧૬૦૮માં જાંબ ગામે મહારાષ્ટ્રમાં થયેલો. તેમની ૫-૬ વર્ષની વયે વૈરાગ્યથી ઘર છોડી તેમણે નાસિકના રામમંદિરમાં આશરો લીધેલો. ગુરુ બનવાનું તેમના સ્વભાવમાં જ નહિ. 'રામદાસ' નામ પણ ખુદ તેમણે જ પસંદ કરેલું.

એકવાર એમના શિષ્યો સાથે બહારગામ જતી વખતે શિષ્યો પરવાનગી વિના એક ખેડૂતના ખેતરમાં ઘૂસીને ચોરી છૂપીથી શેરડી ખાતા હતા ત્યારે ખેડૂત તેમને પકડવા ગયો ત્યારે શિષ્યો ભાગી ગયા. ઝાડ નીચે સૂતેલા રામદાસ સ્વામી પકડાઈ ગયેલા ત્યારે એ ખેડૂતે તેમને બેચાર લાકડીના ફટકા મારી દીધા હતા.

થોડી વાર પછી શિષ્યો ત્યાં આવ્યા અને પોતાના ગુરુને મારવા બદલ તેમણે ખેડૂતને ઝાડ સાથે બાંધ્યો. એ વખતે ન્યાયપરાયણ એ ગુરુએ શિષ્યોને કહેલું : "તમે એ ખેડૂતને છોડી મૂકો. એણે મને જે શિક્ષા કરી છે તે યોગ્ય જ કર્યું છે. તમારો ગુનો એ મારો જ ગુનો ગણાય. એની રજા વિના તમે એના ખેતરમાં ગયા અને ચોરીને શેરડી ખાધી એ અપરાધ બદલ એણે મને સજા કરી એમાં ખોટું શું છે ?" અંતે ખેડૂતને ખ્યાલ આવતા તેણે સ્વામીજીની માફી માંગી વંદન કર્યાં હતાં.

● ● ●

# ભગવાન રમણ મહર્ષિ

ભગવાન રમણ મહર્ષિને એકવાર પશ્ચિમના એક મહાન તત્ત્વજ્ઞાની પંડિત મળવા ગયેલા અને તેમણે તેમની સમક્ષ ઈશ્વર વિશે સતત એક કલાક સુધી ભાષણ કર્યાં પછી એ વિશે એમનો અભિપ્રાય ઇચ્છ્યો ત્યારે ઘણી વાર મૌન રહ્યા પછી વારંવાર પૂછીને પ્રમાણપત્ર માંગ્યું ત્યારે મહર્ષિએ માત્ર એટલું જ કહ્યું : ''તમે ઈશ્વર વિશે જાણો છો, પણ ઈશ્વરને જાણતા નથી.''

સંત કબીરે આવા પોથી પંડિતો માટે જ કહ્યું છે : ''તૂ કહતા કાગદ કી લેખી. મૈં કહતા અખિયન કી દેખી.''

એકવાર ડૉ. રાજેન્દ્રપ્રસાદ તેમની મુલાકાતે ગયા હતા અને ત્યાંથી પાછા ફરતી વખતે તેમણે ગાંધીજી માટેનો સંદેશો જ્યારે મહર્ષિ પાસે ઇચ્છ્યો ત્યારે તેમણે કહેલું : ''હૃદય હૃદય સાથે વાત કરતું હોય ત્યારે કયા સંદેશની જરૂર રહે છે ? જે શક્તિ અહીં કામ કરી રહી છે તે જ શક્તિ ત્યાં પણ કામ કરે છે.''

તેમના જન્મદિવસે એકવાર એમણે 'એકાત્મપંચકમ્' કવિતાની રચના તદ્દન સામાન્ય શાહીસૂચના કાગળ ઉપર મોતીના દાણા જેવા અક્ષરે લખેલી જોઈને કોઈકે એના રદ્દી કાગળ વિશે ટકોર કરી ત્યારે તેમણે કહેલું : ''હું તો વર્તમાનપત્રોના કાગળોને ફાડીને એમની કાપલીઓને સંભાળપૂર્વક રાખીશ અને એની ઉપર લખતો રહીશ.'' એ વખતે એક વર્તમાનપત્રમાંનો એક બાજુનો ચારેક ઈંચ જેટલો કોરો કાગળ ફાડીને કહ્યું : ''જુઓ, આ કાગળનો મારા લખાણ માટે હું ઉપયોગ કરીશ. શું આ લખવા માટે બરાબર નથી ?''

વળી, તેઓ ટપાલમાં આવતાં પુસ્તકોના 'રેપર' સાચવી રાખવા

જણાવતા - ''જુઓ, આને સંભાળપૂર્વક સાચવી રાખજો. એનો ઉપયોગ બીજા પુસ્તકને પૂઠું ચડાવવા માટે કરી શકાશે. આપણને જરૂર હોય ત્યારે આવો કાગળ થોડો જ મળવાનો છે ? આવી રીતે જે પણ મળે તે આપણે માટે લાભદાયક જ છે.'' કાગળો સાથે આવતી ટાંકણીઓ પણ તેઓ કાઢી લઈને ઉપયોગમાં લેવા કહેતા - ''એમની જરૂર પડશે ત્યારે એ કામ લાગશે. એમને આમ તો ફેંકી દેવામાં આવે છે, પણ એમ કરવાને બદલે આપણે એમનો ઉપયોગ કરવો જોઈએ. નવી ટાંકણીઓ ક્યાંથી લાવવી ? એને માટે પૈસા ક્યાં છે ?''

તેઓ પોતાના હાથે નાળિયેરની કાછલીમાંથી ચમચા, કડછી અને પ્યાલા જેવી ચીજો બનાવી તેને પૉલિશ કરી આશ્રમવાસીઓને ઉપયોગમાં લેવા જણાવતા - ''જુઓ, આને સંભાળપૂર્વક સાચવી રાખો. અવસર આવ્યે એ ઉપયોગી થઈ પડશે. આપણે સોનાચાંદીની વસ્તુઓ કેવી રીતે મેળવી શકીએ ? આ જ આપણે માટે ચાંદીના પ્યાલા તથા સોનાના ચમચા છે. એનાથી હાથ દાઝશે નહિ. બીજી ધાતુની પેઠે એમને ડાઘ પડશે નહિ.'' આવી હતી તેમની સૂક્ષ્મ ઉપયોગી દૃષ્ટિ અને વિચારધારા.

• • •

એકવાર એક યુવકે તેમની પાસે જઈને તેમને પૂછ્યું : ''મને ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકા છે, કેમ કે મને તે દેખાતા નથી. જ્યાં સુધી આપણે ઈશ્વરને નજરોનજર જોઈ શકીએ નહિ ત્યાં સુધી આપણે કેવી રીતે કહી શકીએ કે ઈશ્વર છે ? મને ભગવાન દેખાતા નથી. એટલે જ હું ભગવાનમાં માનતો નથી.''

જવાબમાં ત્યારે મહર્ષિએ કહ્યું : ''તારી વાત સાચી હશે, પણ હું તને બીજી વાત કહું. હું તારું મગજ જોઈ શકતો નથી, તેથી હું માનું કે તારે મગજ નથી. એ વાત શું સાચી છે ? આવું જ તું ભગવાનના

અસ્તિત્વ વિશે વિચાર. એટલે ભગવાનના અસ્તિત્વ વિશે તને લેશ પણ શંકા રહેશે નહિ.''

• • •

## ભિક્ષુ અખંડાનંદ

'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય'ના સ્થાપક સ્વામી ભિક્ષુ અખંડાનંદજીનું મૂળ નામ લલ્લુભાઈ ઠક્કર હતું. નાનપણમાં એ બહુ જ રમતિયાળ અને અભ્યાસમાં રસરુચિ નહિવત્. એટલે પાંચ ધોરણના અભ્યાસ પછી તેમને ઉઠાડી લેવામાં આવ્યા અને દુકાને બેસાડ્યા હતા. આઠ વર્ષની વયે તેમનાં લગ્ન રૂદેલ ગામનાં સદાબહેન સાથે થયેલાં.

પણ જતે દહાડે વૈરાગ્ય તરફ ઢળતાં એમણે જાનકીદાસ મહારાજ પાસે સંન્યાસ લેવાની વાત કરી ત્યારે મહારાજે તેમને ટોણો માર્યો - ''જે બીડી છોડી ન શકે તે સંસાર શું છોડવાનો હતો ?'' આની જબરી અસર થઈ અને તરત જ તેમણે બીડી છોડી દીધી. પછી ઘેરથી જતા રહી શિવરાત્રિને દિવસે તેમણે સંન્યાસ ગ્રહણ કર્યો અને તેઓ સ્વામી અખંડાનંદગિરિ બન્યા.

એકવાર મુંબઈના એક ગ્રંથવિક્રેતાને ત્યાં તેઓ ગયા. ભજનની ચોપડીની બહુ ઊંચી અને મોંઘી કિંમત જોઈ તેમણે ગુજરાતી પ્રજાને સસ્તા દરે ઉચ્ચ, સારાં અને શિષ્ટ પુસ્તકો પૂરાં પાડવાની યોજના વિચારી અને તેના પરિણામે 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય'ની સ્થાપના થઈ.

એક પ્રસંગે એક ગુંડાએ તેમનું કાંડું પકડીને તેમની પજવણી કરવા માંડી ત્યારે તેમણે એનું કાંડું પ્રબળતાથી પકડી તેને એવી છક્કડ ખવડાવીને કહ્યું : ''ભાઈ, મારામાં શારીરિક બળ અપ્રતિમ છે, પણ હું રહ્યો સંન્યાસી, મારા એ બળનો ઉપયોગ બીજાને હેરાન કરવામાં વાપરતો નથી, પણ બીજાનું રક્ષણ કરવામાં, લોકોનાં કલ્યાણકાર્યો

કરવામાં વાપરું છું. અમે સંન્યાસી કોઈને હેરાન કરવામાં અમારું બળ વાપરતા નથી. અમે સર્વ પ્રતિ દયાભાવ રાખીએ છીએ. એટલે જ એ દયાભાવથી તને જવા દઉં છું, પણ એક નિયમ હવેથી કર કે કોઈ ભગવાધારી સાધુને તથા નિર્દોષ પ્રજાજનને તું હેરાન કરીશ નહિ.'' આમ, તે ગુંડા પાસે તેમણે પ્રતિજ્ઞા લેવડાવી હતી.

• • •

## મા શારદાદેવી

સ્વામી રામકૃષ્ણ પરમહંસનાં ધર્મપત્ની મા શારદાદેવીને એકવાર આશ્રમના અંતેવાસી સ્વામી વિશ્વેશ્વરાનંદે પૂછ્યું : ''આપ અમને કેવી દૃષ્ટિથી જુઓ છો ?''

તરત જ માતાજીએ જવાબ આપ્યો : ''નારાયણ સ્વરૂપે જોઉં છું.'' અને પછી ઉમેર્યું : ''વળી, સંતાન તરીકે પણ જોઉં છું.''

એકવાર શારદા માને ડૉ. કાજીલાલનાં પત્ની મળવાં આવ્યાં અને તેમણે પ્રણામ કરીને પોતાના પતિનું દવાખાનું સરસ ધમધોકાર ચાલે એવા આશીર્વાદ માગ્યા. એ સાંભળીને માતા થોડી વાર સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈ જ રહ્યાં અને પછી બોલ્યાં : ''હું શું એવા આશીર્વાદ આપું કે લોકો માંદા પડ્યા કરે અને દુઃખી જ થયા કરે ? એ તો હું નહિ કરી શકું. બધાં જ સારાં રહે અને બધાંનું મંગળ થાય એ જ હું તો પ્રાર્થું છું.''

વળી, માતાજી એમને મળેલી મામૂલી ભેટો પણ ખૂબ જતન કરીને રાખતાં અને કહેતાં : ''વસ્તુની વળી શી કિંમત છે ? કિંમત છે યાદગીરીની, ભાવની.'' એકવાર એમણે રાખેલી ભેટમાં મળેલી જાડા રેશમની જૂની ચાદર ફેંકી દેવા માટે સ્વામી ગૌરીશ્વરાનંદે કહ્યું ત્યારે તેમણે જણાવ્યું હતું : ''ના રે દીકરા, ના, એમ ન ફેંકી દેવાય. કેટ કેટલા પ્રેમથી ભગિની નિવેદિતાએ એ મને ભેટરૂપે આપી છે. એટલે એ નાંખી

ન દેવાય.''

• • •

# સહજાનંદ સ્વામી

અમદાવાદમાં જ્યારે પેશ્વાનું રાજ્ય હતું ત્યારે એકવાર લોકોએ સહજાનંદ સ્વામી વિરુદ્ધ પેશ્વાના કાન ભંભેર્યા અને તેમને પાખંડી અને જાદુગર કહ્યા. આથી પેશ્વાએ સ્વામીજીનું કાસળ કાઢવા માટે પોતાના દરબારમાં આવી ઉપદેશ આપવા આમંત્રણ આપ્યું હતું. એટલે સ્વામીજી દરબારમાં ગયા. ત્યાં તેમને માટે જે ખાસ ઊંચું આસન ગોઠવવામાં આવ્યું હતું તેના ઉપર બિરાજવા સ્વામીજીને કહેવામાં આવ્યું ત્યારે સ્વામીજીએ કહ્યું : ''હું આ ઊંચા આસન ઉપર બેસીશ નહિ, કારણ કે રાજગાદી કરતાં ઊંચા આસને સાધુથી બેસાય નહિ.''

આમ કહી તેમણે નીચે બેઠક લીધી. સભા પૂરી થયા પછી તેઓ ઊભા થયા અને તેમને માટે ખાસ તૈયાર કરેલા એ ઊંચા આસનની ગાદીમાં પોતાની લાકડી દબાવી તો તેમાં ખાડો પડી ગયો. હકીકતમાં તો તેની નીચે તેલનું મોટું ટાંકું હતું.

આ રીતે સ્વામીજી બચી ગયા. પેશ્વા તો ભોંઠા પડી જવાથી ઘણા ગુસ્સે થઈ ગયા અને એમણે સ્વામીજીને તરત જ રાજ્ય છોડી જવા હુકમ કર્યો. એ મુજબ રાજ્ય છોડતી વખતે સ્વામીજીએ પૂછ્યું : ''ક્યાં સુધી રાજ્યમાં ન આવું ?''

પેશ્વાએ જવાબમાં કહ્યું : 'મારું રાજ્ય રહે ત્યાં સુધી.''

એટલે સ્વામીજી તો ડભાણ ગયા, પણ બીજે જ વર્ષે અમદાવાદમાં બ્રિટિશ રાજ્ય આવી ગયું અને પેશ્વા પદભ્રષ્ટ થયા.

એ ભગવાન સ્વામીનારાયણે મૂળ સંસ્કૃતમાં રચેલો 'શિક્ષાપત્રી'

ગ્રંથ એ સંપ્રદાયનો પાયાનો ગ્રંથ છે. એમાં ધર્મનાં ગૂઢ રહસ્યો જે સમાયેલાં છે તેનું યથાર્થ પાલન કરવાથી મનુષ્ય આલોક અને પરલોકમાં સુખી થાય છે. એ ગ્રંથ માટે સરદાર વલ્લભભાઈ પટેલ કહેતા - ''સ્વામીનારાયણ સંપ્રદાયની આ 'શિક્ષાપત્રી'નું જો યથાર્થ પાલન કરવામાં આવે તો ભારતમાં કોર્ટ-કચેરીની જરૂર ન રહે.''

• • •

## પ્રમુખ સ્વામી મહારાજ

સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રમુખ સ્વામી મહારાજને એકવાર એક તેજસ્વી યુવકે પૂછ્યું : ''માણસ મરવાનો જ હોય તો પછી જીવે છે શા માટે ?''

જવાબમાં સ્વામીજીએ કહ્યું : ''બીજાને મદદ કરવા અને ભક્તિ કરીને પોતાના આત્માનું કલ્યાણ કરવા. વળી, પ્રભુને ભજવા માટે આ શરીર છે. એની સેવા કરવાની છે. એમાં અહમ્ ન આવવો જોઈએ. હું કશું કરતો નથી. ભગવાન જ બધું કરે છે. ભક્તિ ભગવાનની જ આપેલી છે. આવી ભાવના સાથે જીવવાનું છે. વળી, જીવનમાં મૂંઝવણ તો આવે. દુઃખ પણ આવે. તેને સહન કરવાની શક્તિ પામવી. મનમાં મૂંઝવણ થાય, પણ આત્મા - પરમાત્માનું જ્ઞાન દૃઢ થશે તો મૂંઝવણ નહિ થાય. મૂંઝવણ તો આવશે પણ સમજણ કરીને ટાળવી.''

• • •

## સ્વામી રામતીર્થ

સ્વામી રામતીર્થ એકવાર જ્યારે અમેરિકા ગયા હતા ત્યારે કોઈકે તેમને પૂછ્યું : ''તમે કોણ છો ?'' ત્યારે જવાબમાં તેમણે કહેલું : ''હું સમ્રાટોનોય સમ્રાટ છું.''

એ સાંભળી તેમને વળી પૂછવામાં આવ્યું : ''તમારી પાસે તો કશું નથી. પછી તમે સમ્રાટ શાના ?''

ત્યારે જવાબમાં તેમણે સ્પષ્ટ રીતે નીડરતાથી કહેલું : ''તમે તો કેટલીય ચીજોના ગુલામ અને પરવશ છો. હું એ ચીજો વગર રહી શકું છું. માટે સમ્રાટ છું.''

• • •

## શ્રીમદ્ રાજચંદ્ર

એકવાર ગાંધીજીએ જેમને પોતાના આધ્યાત્મિક ગુરુ ગણ્યા છે તેવા શ્રીમદ્ રાજચંદ્રે સત્સંગ માટે આવેલા કાવિઠા ગામના વિદ્યાર્થીઓને પૂછ્યું : ''બાળકો, જો તમારા એક હાથમાં છાશનો લોટો અને બીજા હાથમાં ઘીનો લોટો હોય અને રસ્તે જતાં કોઈનો ધક્કો વાગે તો તમે કયા લોટાને સાચવશો ? ઘીનો જ સાચવશોને ? બંને એક જ દૂધના પદાર્થમાંથી બન્યા હોવા છતાં છાશ તો ઘણા વિનામૂલ્યે આપે અને ઘી તો મોંઘા દામથી મળે એટલે ઘીનો જ લોટો આપણે સાચવીએ છીએ, કેમ કે છાશના જેવો આ દેહ છે અને આત્મા તો ઘી જેવો મૂલ્યવાન છે. છતાં માણસો દેહને સાચવ સાચવ કરે છે અને આત્મા તરફ બેધ્યાન રહે છે, પણ આ અવળી સમજ છે. આત્માને ઘી જેવો મહામૂલ્યવાન સમજીને સાચવવો જોઈએ અને આંચ આવે ત્યારે છાશની માફક દેહને જતો કરવો જોઈએ, કેમ કે દેહ તો એની મેળે જ કર્મ ઉપાર્જન થયાથી ભોગવવા માટે વિનામૂલ્યે મળવાનો જ છેને ?''

• • •

## ભક્ત તુલાધાર

નિષ્કામ ભગવદ્ભક્ત તુલાધાર સત્યવાદી, નિર્લોભી, વૈરાગી

તથા પ્રભુનો અનન્ય ભક્ત હતો. તે શૂદ્ર જાતિનો હતો. તેના જીવનમાં એકવાર ભગવાને તેની કસોટી કરવા નદીમાં સ્નાન કરીને પાછા ફરવા ટાણે તેમના માર્ગમાં સોનાના દસ દડા ટોપલામાં મૂક્યા હતા, જેથી તે લેવાથી પોતાના ભક્તની ગરીબી દૂર થાય, પણ નિર્લોભી તુલાધારે એ ન લીધા. એ પહેલાં સ્નાન કરીને આવ્યા બાદ તેમને પહેરવા માટે તદ્દન નવાં નકોર ઉત્તમ વસ્ત્રો ત્યાં કિનારા ઉપર મૂક્યાં હતાં. એય તુલાધારે ન લીધાં અને પોતાનાં જ જૂનાં વસ્ત્રો તેણે લીધાં, કેમ કે બીજાની ચીજ લેવામાં તે પાપ માનતા હતા.

આથી ભગવાને જ્યોતિષીનું રૂપ લઈ તેને ગામ જઈ તેની પત્નીને પતિને શિખામણ આપવા જણાવ્યું. જેથી તે રસ્તામાંના સોનાના દડા લઈ લે. એવામાં ત્યાં તુલાધાર જ જઈ પહોંચ્યો અને વાત જાણીને તેણે કહ્યું : ‘‘મને એવા ધનમાં જરાય રસ કે મોહ નથી. હું તો માનું છું કે ધન મનુષ્યને ફસાવનાર એક ભારે જાળ છે. જેની ધન ઉપર આસક્તિ થાય છે તેની મુક્તિ કદી થતી નથી. ધનમાં માદકતા, મોહમાયા અને અસત્ય છે. ધન મળતાં જ વ્યક્તિ અને ચોર, રાજા અને ખુદ પોતાનાં જ કુટુંબીજનોનોય ભય લાગવા માંડે છે. તેને દરેક ઉપર શંકા અને અવિશ્વાસ આવે છે. ધન માટે બધા લોકો એકમેકનો દ્વેષ કરે છે. કામ, ક્રોધ અને અહંકારનું નિવાસસ્થાન જ ધન છે. ધન માનવીની દુર્ગતિ કરનાર છે. જ્યારે મારે તો જોઈએ છે સદ્‌ગતિ. માટે મને એ ધન ન જોઈએ.’’

જ્યોતિષરૂપે આવેલ ભગવાને પછી ધનથી બધી વસ્તુઓ અને પુણ્ય તથા છેવટે મુક્તિપણ મેળવી શકાતી હોવાનું જણાવતાં ભક્ત તુલાધારે વળી કહ્યું : ‘‘ભગવાન ! આ સંસારનાં ભોગ અને સ્વર્ગ બંને અનિત્ય હોય છે. મારા મતે ઉપભોગમાં સુખ માનવું એ જ મોહ છે. અહિંસા જ પરમ ધર્મ છે. અયાચકવૃત્તિ જ ઉત્તમવૃત્તિ છે. શાકાહાર જ

મારે માટે અમૃતસમાન ઉત્તમ છે. ઉપવાસ જ મારું તપ છે. જે કંઈ સહજ ભાવે મળે તેમાં સંતુષ્ટ રહેવું એ જ મારા માટે ઉપભોગ છે. મારે માટે પરાઈ સ્ત્રી માતા-સમાન છે અને પારકું ધન માટીનાં ઢેફાં સમાન છે. હું તમે કહો છો તે અણહક્કનું સુવર્ણધન નહિ લઉં. કીચડને હાથ લગાડીને પછી હાથ ધોવા તેના કરતાં તો તેનાથી પ્રથમથી જ દૂર રહેવું બહેતર છે. તેમાં વધુ શાણપણ છે.''

ભગવાનની કસોટીમાં પાર ઊતરતાં ભક્તને ભગવાને પોતાના સ્વરૂપના સાક્ષાત્કાર કરાવ્યા અને ભક્તનું જીવન ધન્ય થયું. અને સ્વર્ગમાંથી આવેલા વિમાનમાં બેસી ભક્ત પતિપત્ની પ્રભુના દિવ્ય ધામમાં ગયાં. તેમની ભક્તિ એક તપસ્યા જ હતી.

• • •

# મહર્ષિ અરવિંદ ઘોષ

મહર્ષિ અરવિંદ ઘોષે એકવાર કહેલું : ''જગતનું કલ્યાણ કરવાની વાસના જેટલી ભયંકર વાસના બીજી એકે નથી. સદ્‌ગુણની પાછળ તો એટલું અભિમાન રહેલું છે કે તેને ચલિત કરવું એ મહાવિકટ કામ બની રહે છે, કારણ કે સદ્‌ગુણની વૃત્તિ એમ માની લે છે કે પોતે સંપૂર્ણપણે સાચી છે. વળી, બીજા માણસો પણ તે વૃત્તિને ખરેખર સાચી માની લે છે. પરંતુ સદ્‌ગુણની વૃત્તિમાં એવું જ્ઞાન નથી કે એનાથી મહાન એવું એક ઊર્ધ્વ સત્ય આવેલું છે અને તેની સમક્ષ તેને ઝૂકવાનું છે. આત્મકલ્યાણનો માર્ગ તલવારની ધાર જેવો છે. અંતઃકરણની શુદ્ધિ વિના તેવો લાભ મેળવી શકાતો નથી.''

• • •

# મહાત્મા ટૉલ્સ્ટૉય

પ્રાર્થના કરવા માટે દેવળમાં ન જવાની બાબતમાં મહાત્મા ટૉલસ્ટૉયને કોઈકે પૂછ્યું ત્યારે તેમણે જવાબમાં કહ્યું હતું : "સજ્જન, પ્રાર્થના કેવળ ભ્રમણા છે. કેટલાક લોકો દેવળમાં પ્રભુપ્રાર્થના કરવા જે જાય છે એ પોતે ધાર્મિક છે એવું કહેવડાવવા અને બતાવવા માટે જાય છે. તે બીજા ઉપર પ્રભાવ પાડવા આમ કરતા હોય છે. એનાથી બાહ્યાડંબર વધે છે અને ભગવાન પ્રત્યે જે સાચો ભક્તિભાવ હોવો જોઈએ તે ઓસરી જાય છે. પ્રાર્થના તો ઘરના આંગણે એકાંત સ્થળે પણ થઈ શકે છે. સજ્જન, પ્રભુનો વાસ તો સર્વત્ર છે. ઘરમાં પણ છે અને દેવળમાં પણ છે અને દરેકના હૃદયમાં પણ છે. એટલે સાચી પ્રાર્થના તો હૃદય મંદિરમાં જ થઈ શકે એ કદી ભૂલવું ન જોઈએ."

એકવાર મહાત્મા ટૉલ્સ્ટૉય રોજના નિયમ મુજબ ફરવા નીકળ્યા હતા. એ વખતે એકાંત રસ્તા ઉપર એક ભિખારીએ હાથ ઊંચો કરીને તેમને ઊભા રાખ્યા.

ભિખારી ચીંથરેહાલ અને દૂબળો હતો. ફાટેલાં કપડાંમાં તેનાં હાડકાં-પાંસળાં બહાર દેખાતાં હતાં. તેની આ દુર્દશા જોઈ ટૉલ્સ્ટૉય દયાર્દ્ર થયા.

ભિખારીએ ધ્રૂજતા હાથે ટૉલ્સ્ટૉય પાસે ભીખ માંગી એટલે ટૉલ્સ્ટૉયે પોતાનાં ખિસ્સાં ફંફોળ્યાં પણ અંદરથી કંઈ ન મળ્યું.

ભિખારીનો હાથ તો લંબાયેલો જ રહ્યો, પણ પોતાની લાચાર સ્થિતિને કારણે ટૉલ્સ્ટૉય શરમ અનુભવા લાગ્યા. પણ બીજી જ પળે તેમણે ભિખારીનો ધ્રૂજતો હાથ પોતાના હાથમાં પકડીને સ્નેહભર્યા ગળગળા અવાજે કહ્યું : "ભાઈ, માઠું ન લગાડતો તને આપવા માટે

મારી પાસે અત્યારે કશું નથી.''

ભિખારી બોલ્યો : ''કાંઈ નહિ, સાહેબ એમાં શું ? તમે મારા પ્રત્યે સ્નેહભર્યું વર્તન દાખવ્યું છે તે કાંઈ ઓછું છે ? મને કેટલો આનંદ થયો. અને દિલનો સાચો પ્રેમ આપવો એ પણ એક પ્રકારનું દાન જ છેને સાહેબ ? અમે તો પ્રેમ અને હૂંફના જ ભૂખ્યા છીએ, સાહેબ !''

ભિખારીની દરિદ્રતામાંય દિલાવરી જોઈને મહાત્મા ટૉલ્સ્ટૉયની આંખમાં આંસુ આવી ગયાં. એકવાર તેમને કોઈકે માણસના ઘડતરના મૂલ્યની બાબતમાં પૂછ્યું ત્યારે તેમણે જણાવ્યું હતું : ''લોઢાનો ટુકડો વેચો તો એક રૂપિયો ઊપજે, પણ જો એમાંથી ઘોડાની નાળ બનાવો તો અઢી રૂપિયા ઊપજે. જો ઘડિયાળની ઝીણી ઝીણી કમાનો બનાવીને વેચો તો હજારો રૂપિયા ઊપજે. લોઢું તો એનું એ જ છે અને એટલું જ છે, પણ એનું જેવું ઘડતર કરો એવું એનું મૂલ્ય અંકાય. માણસ વિશે પણ આવું જ છે. માણસનું જેટલું ઘડતર વધે એટલું એનું મૂલ્ય વધે.

માણસના ઘડતર ઉપર એના ભવિષ્યનો આધાર છે. જે નાનપણથી હાર અને નિષ્ફળતાના વિચારો કરે છે તે હાર અને નિષ્ફળતા મેળવે છે. એનું ઘડતર હાર અને નિષ્ફળતાને આકર્ષે છે. પણ જે માને છે કે હું કદી હાર પામીશ નહિ, હું કદી નિષ્ફળ જઈશ નહિ, તે હંમેશાં જીતે છે અને સફળતા પ્રાપ્ત કરે છે. સફળતા એ એના જીવનનો ભાગ બની જાય છે. આમ આત્મવિશ્વાસ શક્તિ પેદા કરે છે.''

• • •

## મહાત્મા ગાંધીજી

ગાંધીજી જ્યારે સાબરમતી આશ્રમમાં નિવાસ કરતા હતા ત્યારે તેમણે આશ્રમવાસીઓને કપડાં ધોવા માટે સાબુનો ઉપયોગ કરવાની

મનાઈ ફરમાવી હતી, કેમ કે તે માનતા હતા કે જો હિંદનાં ગામડાંનો આમ આદમી સાબુ ખરીદી શકતો ન હોય તો પોતાના આશ્રમમાં રહેતા પોતાના અનુયાયીઓ એ વાપરે તે બરાબર ન ગણાય. એટલે તેમણે સાબુ ન વાપરવાની આજ્ઞા કરી હતી.

પણ આશ્રમમાં રહેતા વિદ્યાર્થીઓને એ આજ્ઞા ન રુચતા એક વિદ્યાર્થીએ એ અંગે ફરિયાદ કરી ત્યારે ગાંધીજીએ જણાવેલું : ''ગામડાંનો સામાન્ય ગરીબ માણસ સાબુ વાપરવાનો વિચાર સુધ્ધાં જ્યારે ન કરી શકતો હોય અને થોડા સોડાનો ઉપયોગ કરી કપડાં ધોતો હોય ત્યારે મારા આશ્રમવાસીઓ એ વાપરે એ મારી દૃષ્ટિએ યોગ્ય નથી, પણ બીજા વિદ્યાર્થીઓએ તો જરાય ફરિયાદ નથી કરી ત્યારે તને શો વાંધો છે ? છતાં તારી વાતને ટેકો આપનાર આશ્રમના ૭૦ જેટલા વિદ્યાર્થીઓની સહી લઈ આવ તો સાબુ વાપરવા દઈશ.''

એ પછી તે વિદ્યાર્થી તો પોતાની વાતના ટેકામાં ૭૦ને બદલે ૯૦ વિદ્યાર્થીઓની સહી લઈ આવ્યો ત્યારે લોકશાહીમાં માનનાર ગાંધીજીએ પોતાના વચન મુજબ સાબુ વાપરવાની છૂટ આપી હતી.

એમની આત્મકથામાં એમણે લખ્યું છે કે 'સંસ્કૃતે મને ભૂમિતિ કરતાં પણ વધારે મુશ્કેલી પાડી. ભૂમિતિમાં ગોખવાનું કંઈ જ ન મળે ત્યારે સંસ્કૃતમાં તો મારી દૃષ્ટિએ બધું જ ગોખવાનું જ રહ્યું. વિદ્યાર્થીઓ માંહોમાંહે વાત કરે છે કે ફારસી તો બહુ સહેલું છે. એમ સાંભળી લોભાયો અને એક દિવસ ફારસીના વર્ગમાં જઈ બેઠો. સંસ્કૃત શિક્ષકને દુઃખ થયું. તેમણે મને બોલાવ્યો અને કહ્યું : ''તું કોનો દીકરો છે, એ તો સમજ. તારા ધર્મની ભાષા તું નહિ શીખે ? હું તો બધા વિદ્યાર્થીઓને સરસ સંસ્કૃત શીખવવા ઇચ્છું છું. આગળ જતાં તો તેમાં રસના ઘૂંટડા પીવાના છે. હું શરમાયો. શિક્ષકના પ્રેમની અવગણના ન કરી શક્યો.

આજે મારો આત્મા કૃષ્ણશંકર માસ્તરનો ઉપકાર માને છે, કેમ કે જેટલું સંસ્કૃત હું તે વેળા શીખ્યો તેટલું પણ ન શીખ્યો હોત તો આજે મારાથી સંસ્કૃત શાસ્ત્રમાં રસ લઈ શકાય છે તે ન લઈ શકાત. મને તો એ પશ્ચાત્તાપ થાય છે કે હું વધારે સંસ્કૃત શીખી ન શક્યો, કેમ કે પાછળથી હું સમજ્યો કે કોઈ પણ હિંદુ બાળકે સંસ્કૃતના સરસ અભ્યાસ વિના ન જ રહેવું જોઈએ.''

એક પ્રસંગે એક વિદ્વાન સ્વામીજી પ્રભાવિત થઈને તેમને મળવા ગયા અને તેમની સાથે રહીને સેવાકાર્યમાં જોડાવાની વિનંતી કરી ત્યારે ગાંધીજીએ કહ્યું : ''તમે ખુશીથી સેવાકાર્યમાં જોડાવ, પણ જ્યાં સુધી તમારાં આ ભગવાં વસ્ત્રો હશે ત્યાં સુધી તમે સેવા નહિ કરી શકો, કારણ કે લોકો તમારા પગમાં પડશે, લાંબા દંડવત્ પ્રણામ કરશે અને તમને સેવા જરાય નહિ કરવા દે.''

સ્વામીજીને ગાંધીજીની વાત સાચી લાગવાથી તેમણે ભગવાં વસ્ત્રોનો ત્યાગ કર્યો અને તેમની સાથે રહી જીવનપર્યંત સેવાકાર્ય કરતા રહ્યા. એ સ્વામીજી તે સ્વામી આનંદ.

એકવાર તેમનાં પત્ની કસ્તુરબાની તબિયત બગડવાથી તેમને સારવાર માટે અલાયદા આવાસમાં રખાયાં હતાં. ત્યાં ગાંધીજી અવારનવાર રોજ ખબર જોવા અને સેવા-ચાકરી કરવા જતા હતા, પણ એકવાર તેમનાથી ખૂબ કાર્યવ્યસ્ત હોવાથી ન જવાયું. તો બીજે દિવસે તેઓ જ્યારે ગયા ત્યારે કસ્તુરબા રિસાઈ જઈ પડખું ફેરવીને બોલ્યાં : ''તમે તો મોટા માણસ. મારી શી દરકાર ? તમે તો મહાત્મા ગાંધી. દુનિયામાં પૂજાવ, ભલેને અમે તમારી રાહ જોઈએ તોય તમે ક્યાંથી આવો ?''

ત્યારે જવાબમાં નમ્રભાવે નિખાલસ રીતે ગાંધીજીએ કહેલું :

“અરે ! અરે ! આમ વાત છે ! કસ્તુરબા, દુનિયા ભલે મને મહાત્મા કે મોટો માણસ માને, પણ તમારે માટે તો હું એ જ પોરબંદરનો મોહન કરમચંદ ગાંધી છું.” એ સાંભળીને કસ્તુરબાની રીસ ગાયબ થઈ ગઈ હતી.

• • •

## મહાત્મા મસ્તરામ

ભાવનગરમાં અઢારમી સદીમાં થયેલ મહાત્મા મસ્તરામજીને ઝાડ નીચે કે નદી-તળાવ કિનારે રહેતા અને પડી રહેલા જોઈને તત્કાલીન ભાવનગરના મહારાજા તખ્તસિંહજીએ તેમને મકાન બાંધી આપી દાનમાં આપવા કહ્યું ત્યારે તેમણે તે સ્વીકારવાની ના પાડી હતી.

એ પછી બીજી એકવાર મહારાજાએ તેમની સાર-સંભાળ રાખવા માટે નોકર-સેવક પૂરા પાડવાની ઑફર કરી ત્યારે એ મહાત્માએ હસીને જવાબ આપેલો - “જુઓ, મારે આ દશ ઇંદ્રિયો છે. એ મારા દશ સેવકો છે. એ સેવકો મારી આજ્ઞાનું કદીય ઉલ્લંઘન કરતા નથી. આંખને જોવાનો હુકમ કરું તો તે બરાબર જુએ છે. કાનને સાંભળવા કહું તો તે બરાબર સાંભળે છે. આટલા બધા દશ આજ્ઞાંકિત સેવકો છે તો પછી વધારે સેવકની શી જરૂર ? એવો બોજો અને ઠઠારો શો વધારવો ?”

એકવાર તેઓ ચાલતા જતા હતા ત્યારે પાસેથી મોટરમાં જતા મહારાજાએ તેમને પોતાની સાથે મોટરમાં બેસવા વિનંતી કરી ત્યારે એ સંતે કહ્યું : “ભગવાને આપેલા પગ જ મારું ઉત્તમ વાહન છે.” આમ કહી તે મોટરમાં ન જ બેઠા. એકવાર ઠંડીની ઋતુમાં સમાધિમાં બહાર બેઠેલા એમને જોઈને ત્યાંથી પસાર થતાં મહારાજાએ એમને ગરમ શાલ ઓઢાડી હતી, પણ એ રસ્તેથી પાછા ફરતાં એમણે જોયું તો એ શાલ પાસે

સૂતેલા કૂતરાને ઓઢાડીને તેની બાજુમાં એ સંત શાલ વગર જ બેઠા હતા.

એ અંગે પૂછતાં તેમણે કહેલું : ''આ શરીર ઠંડીથી ધ્રૂજતું જોઈને તમે શરીર ઉપર શાલ લપેટાવી હતી, પણ પછી તરત આ કૂતરું ઠંડીથી ધ્રૂજતું મારી પાસે આવ્યું, એટલે મને વિચાર આવ્યો કે જીવાત્મા તો કૂતરામાં અને માણસમાં સરખો જ છે. મારો ધર્મ ભૂત દયાનો છે. તો મારે આ શાલ એને જ ઓઢાડી દેવી જોઈએ. તેમાં જ મારો ધર્મ સમાયેલો લાગવાથી મેં તેમ કરીને ધર્મ બજાવ્યો છે. એમાં વધારે પડતું કે અણઘટતું કાંઈ જ કર્યું નથી.''

કોઈ ભાવિક ભક્ત એમને ભોજન માટે બોલાવતા તો તે જતા, પણ મિષ્ટાન્ન આરોગતા જ નહિ. મિષ્ટાન્ન આપે તો તે કહેતા : ''અમારા જેવા ત્યાગી સાધુને આવાં મિષ્ટાન્ન વડે ઇંદ્રિયો વકરાવીને શું કામ છે ?'' એક શેઠે લાડુ ખવડાવવાની ઇચ્છા રાખી તો તે ભાણા ઉપરથી ઊઠી ગયા અને છેવટે રોટલો અને છાશ જ ત્યાં ખાધા.

• • •

## દામા ભગત

સૌરાષ્ટ્રમાં થયેલા દામા ભગતના આંગણેથી કોઈ અભ્યાગત ભૂખ્યો કે તરસ્યો જતો નહિ. એમનો એ નિયમ પણ હતો. એકવાર તેમને આખા ગામમાં ફરવા છતાં કંઈ ન મળ્યું અને ઘેર આવ્યા તો દરવાજે વૃદ્ધ સંન્યાસી ઊભા હતા. ભગતે તેમને પ્રણામ કર્યા, આસન આપી બેસાડ્યા અને પાણી પિવડાવ્યું, પણ તેમને ભોજન કરાવવા માટે ઘરમાં જરાય અનાજ ન હતું. પત્નીને તરત જ પતિની મૂંઝવણનો ખ્યાલ આવ્યો. ઘરમાં ન તો અનાજ કે ન અનાજ આણવા માટે પૈસા. એટલે પત્નીએ પતિને કહ્યું : ''તમે એક કામ કરો. ભગવાને મને જે રેશમ જેવા વાળ આપ્યા છે તે કાપીને તેની મઝાની સરસ દોરી ગૂંથી આપું છું. તમે

એ બજારમાં જઈને વેચી આવો અને તેના પૈસામાંથી અનાજ-પાણી લઈ આવો.''

ભગતે એવું કર્યું અને શહેરમાં જઈ એ રેશમ જેવી દોરી વેચીને અનાજ વગેરે લઈ આવ્યા. તેમાંથી સરસ રસોઈ બનાવીને એ સંન્યાસીને જમાડ્યા.

જમ્યા બાદ સત્સંગમાં મોડું થતાં એ સંન્યાસી રાતના એ ભગતને ત્યાં જ સૂઈ રહ્યા. પરોઢિયે એ તો ઊઠીને ચાલ્યા ગયા, પણ બીજી બાજુ ભગતે જોયું તો પત્નીના માથા ઉપર અગાઉની જેમ જ રેશમ જેવા વાળ શોભતા હતા. વળી, તેના શરીર ઉપર સુંદર આભૂષણો પણ હતાં. અને ભગતની ઝૂંપડી આખી બદલાઈ ગઈ હતી.

પેલા સંન્યાસી તો જતા રહ્યા હતા, પણ ભગતને ખ્યાલ આવી ગયો : ''એ સાધારણ સંન્યાસી ન હતા. ખુદ ભગવાન હતા. ભગવાન મને છેતરી ગયા.''

• • •

# સાહિત્ય

## કવિવર ટાગોર

ઈ.સ. ૧૯૦૧માં નોબેલ ફાઉન્ડેશનની સ્થાપના થયા પછી સાહિત્ય માટે એશિયન લેખકોમાં પહેલવહેલો પુરસ્કાર જ્યારે ઈ.સ. ૧૯૧૩માં ભારતના સુવિખ્યાત કવિવર ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરને એનાયત થયો ત્યારે આખું બંગાળ જાણે ગાંડું થઈ ગયું અને કલકત્તાવાસીઓનાં ટોળેટોળાં એમને અભિનંદન આપવા ઊમટી પડ્યાં. તેમને ફૂલહાર પહેરાવવા માટે બૌદ્ધિકોએ જાણે પડાપડી કરી મૂકી.

એ વખતે કવિવર ટાગોરે ઉદ્‌ગાર કાઢ્યા : ''ભાઈઓ, આજે વળી કયો મહત્ત્વનો પ્રસંગ બની ગયો છે ? આટલાં વર્ષોથી હું તમારી વચ્ચે જીવું છું અને લખું છું. મેં લખેલાં કાવ્યગીતો ગામડાંના શ્રમજીવીઓ અને નૌકા હાંકનારાઓ ગાય છે, પણ તમારામાંથી કોઈ બૌદ્ધિકને મારી સાથે વાત કરવાની ઇચ્છાય થઈ ન હતી, પણ સ્વીડનમાં બેઠેલા થોડા માણસોને લાગ્યું કે ટાગોરે કંઈક સારું સારું લખ્યું છે અને એ વાતની જાહેરાત થઈ ત્યારે તમે સૌ દોડી આવ્યા. સાચું કહું તો આજે મારે મન તમારી પ્રશંસાઓની કોઈ કિંમત નથી. કદાચ નોબેલ ઇનામ મળ્યાં પહેલાં તમે આવ્યા હોત તો મને આનંદ થયો હોત.''

બીજા એક પ્રસંગે તેમણે ઉદ્‌ગાર કાઢ્યા હતા : ''પહેલાં ગુરુ, ગુરુ હતો, આજે એ શિક્ષક બની ગયો છે. પહેલાં આપણે શિક્ષણ પૂરી સાધનાથી ગુરુને ગુરુ માનીને ગ્રહણ કરતા હતા, પણ હવે આપણે શિક્ષણ ખરીદીએ છીએ. જેવાં પૈસા અને વૃત્તિ તેવો માલ, પણ ધ્યાન રાખો, તમારું શિક્ષણ કદી નિષ્પ્રાણ ન થઈ જાય.''

એકવાર કવિવરે ઑસ્કર એવૉર્ડ વિજેતા પ્રખ્યાત ફિલ્મદિગ્દર્શક સત્યજિત રેને એમના વિદ્યાર્થીકાળ દરમ્યાન એમની 'ઓટોગ્રાફ-બુક'માં બંગાળી કવિતા લખી આપી હતી -

**''બહુ દિન ધરે, બહુ કોશ દૂરે**
**બહુ વ્યય કરી, બહુ દેશ ઘૂરે**
**દેખિતે ગિયાછી પર્વતમાલા, દેખિતે ગિયાછી સિંધુ**
**દૈખા હૌય નહીં ચક્ષુ ખોલિયા,**
**ઘર હોતે શુદ્ધ દયા ફેલિયા એક હિ ધાનેર બિંદુ''**

ભાવાર્થ - બહુ દિવસો સુધી કોશો દૂર ફર્યો. બહુ વ્યય કરી પર્વતમાળાઓ જોવા ગયો. અનેક સાગર જોયા, પણ આંખો ખોલી તૃપ્ત

થઈ નિજ ઘરથી બે કદમના અંતરે ઝૂમીને ધાન્યના ઢગ ઉપર ઝલમલતાં ઝાકળ બિંદુના સૌંદર્યને કદી ન જોઈ શક્યો.

અન્ય પ્રસંગે કવિવરે ગાયું છે -

**યાત્રી આયી ઓરે, પારખે ના કેઉ, રાખતે આમાય ઘરે !**

ભાવાર્થ - હું તો યાત્રી છું રે, મને કોઈ પકડીને મૃત્યુથી રોકી શકે તેમ નથી.

એમને કોઈકે સ્વચ્છ શણગારેલો તેમનો ઓરડો રાખવાનું કારણ પૂછ્યું ત્યારે તેમણે કહેલું : ''મારા ભગવાનને સ્વચ્છતા અને સૌંદર્ય ખૂબ ગમે છે. માટે જ હું મારો બેઠકખંડ સ્વચ્છ રાખું છું અને શણગારું પણ છું. કોઈક દિવસ મારા ભગવાન અહીં પધારે અને મારો ખંડ ગંદો જુએ તો તે પાછા ચાલ્યા જાય અને મારી સાથે એમનો મેળાપ ન થાય. મારા ભગવાનની પ્રસન્નતા માટે જ હું મારો ખંડ સ્વચ્છ અને સુંદર રાખું છું.'' એકવાર એક વિદ્યાર્થી ગુરુદયાળ મલિક પાસે 'ઓટોગ્રાફ' માગવા ગયેલો ત્યારે તેમણે હસ્તાક્ષર કરીને લખી આપેલું *'Know they self'*. (તારી જાતને ઓળખ) પછી એ જ વિદ્યાર્થી ગુરુદેવ ટાગોર પાસે ગયો ત્યારે તેમણે સહી કરીને લખ્યું : *'Forget they self'*. (તારી જાતને ભૂલી જા. અહંકાર ઓગાળ) કવિવર મૃત્યુશય્યા ઉપર હતા ત્યારે કોઈકે તેમને કહ્યું : ''તમે તો ભાગ્યશાળી છો. તમે છ હજાર ગીતો લખ્યાં છે. આટલાં ગીતો વિશ્વમાં બીજા કોઈ મહાકવિએ નથી લખ્યાં. પશ્ચિમમાં શેલી નામે એક મહાકવિ થઈ ગયાં. એણે પણ માત્ર ત્રણ હજાર જ લખ્યાં છે. અને તમારાં બધાં ગીત એવાં છે કે તે સંગીત બદ્ધ થઈ શકે. તમે અપૂર્વ છો. તમે શાંતિથી વિદાય થાવ.''

ત્યારે કવિવરે આંખ ઉઘાડીને કહ્યું : ''કેવી શાંતિ ? હું તો પરમાત્માને પ્રાર્થના કરી રહ્યો છું કે હે પ્રભુ, આ તું શું કરી રહ્યો છે ?

હજી તો મેં માંડ સૂર મેળવ્યા છે અને મારી વિદાયની ઘડી આવી ગઈ ? ક્યાં ગીતોની વાત કરી રહ્યા છો ? જે ગીત મેં ગાયાં, તે એ ગીત નથી, જે હું ગાવાં ઇચ્છતો હતો, તે તો હજી વણગાયાં મારી ભીતર પડ્યાં છે, જે હું ગાવાં ઇચ્છું છું, એ હજી પણ હું ગાવાં ઇચ્છું છું.''

''હજી તો હું સૂર મેળવી રહ્યો છું. હજી તો આ જે ઠોકઠાક, તબલાં વગેરે ઠોકી રહ્યો છું, તાર કસી રહ્યો છું. એનો જ અવાજ થઈ રહ્યો છે - એ જ આ છ હજાર ગીત છે. હવે તાર કસાઈ ગયા છે. તબલાં મેળવાઈ ગયાં છે, હવે ઘડી નજીક આવી રહી છે અને લાગે છે, હવે ગાઈ શકીશ, જે ગાવું છે તે - અને એવામાં તો આ જવાની ઘડી આવી ગઈ.''

કવિવરે પોતાના અંતિમ જન્મદિન નિમિત્તે લખેલી કવિતામાં પોતે મૃત્યુવેળાએ શું શું લઈ જવા ઇચ્છે છે તે જણાવતાં કહેલું : ''માનવનો અંતિમ આશીર્વાદ લેતો જાઉં. આજે મારી ઝોળી ખાલી છે. જે કંઈ આપવા જેવું હતું તે નિઃશેષ આપી દીધું છે. પ્રતિદાનમાં જો કંઈ પામું - થોડોક સ્નેહ, થોડીક ક્ષમા - તો તેને ભાષાહીન છેવટના ઉત્સવ વખતે પેલે પારની નાવમાં જઈશ ત્યારે સાથે લેતો જાઉં.''

• • •

## શેક્સપિયર

વિશ્વવિખ્યાત સાહિત્યકાર વિલિયમ શેક્સપિયરનું નિધન એના જન્મદિનની તા. ૧૬ એપ્રિલના રોજ ઈ.સ. ૧૬૧૬માં થવા પામ્યું અને ટ્રિનિટી દેવળમાં તેની અંતિમ વિધિ થઈ. એ દેવળની દીવાલમાં હાથમાં કલમ સાથે એ કવિની અર્ધ પ્રતિમા મૂકવામાં આવી છે અને તેની ઇચ્છાનુસાર ચાર કાવ્ય પંક્તિઓ ત્યાં કોતરવામાં આવી છે -

*'Good friend, for Jesus sake for bear, to dig the dust enclosed here. Blest be the man that spares these stones and*

*cursed be he that moves my bones.'*

ભાવાર્થ - હે મિત્ર, જિસસને ખાતર અહીંની માટીને ખોદીને રગદોળ નહિ, જે અહીંના પથ્થરોને યથાવત્ રાખે છે તેનું ભલું થાવ અને જે મારા અસ્થિઓને ખસેડે તેના ઉપર અભિશાપ વરસો.

• • •

## રસૂલ હપઝાતાવે

રશિયન ભાષાના લેખક રસૂલ હપઝાતાવે પોતાના પહાડી અને આદિવાસી પ્રદેશની પ્રજાના જીવન ઉપર લખેલા 'મારું દાધેસ્તાન' નામના ગ્રંથમાં લખ્યા મુજબ એકવાર આદિવાસી સંસ્કૃતિની બે પહાડી સ્ત્રીઓ વચ્ચે ઝઘડો થાય છે અને તે બોલાચાલી પછી ગાળાગાળીમાં પરિણમે છે અને એ બંને સ્ત્રીઓ પરસ્પરના સર્વનાશની ફાળવણી ઉચ્ચારે છે.

તે પૈકી એક સ્ત્રી બહુ જ કપરી બદદુઆ આપતાં કહે છે - ''તારાં સંતાનો એની માતૃભાષા ભૂલી જાય.'' સર્વનાશ કરતાંય વધારે ખતરનાક શાપરૂપ આવી બદદુઆ જેને આપવામાં આવી હતી તે સ્ત્રી તરફ ઝઘડો જોઈ રહેલ લોકટોળાંની સહાનુભૂતિ વળે છે.

• • •

## કવિ અબ્દુર્રહીમ ખાનખામા

સમ્રાટ જહાંગીર અને અકબરના દરબારમાં અબ્દુર્રહીમ ખાનખામા નામના એક કવિ હતા. તે એક અજોડ દાનવીર તરીકે ત્યારે પંકાયેલા. એ જે કમાતા તેમાંથી ઘણું બધું તો તે દાનમાં જ આપી દેતા, પણ દાન આપતી વખતે તેઓ ઊંચું નહિ પણ નીચું જોતા હતા. એટલે કોઈકે એમને આમ કરવાનું કારણ પૂછ્યું તો તેમણે જવાબમાં જણાવ્યું

હતું : ''મારા ભાઈ, દાન લેનાર કોઈ અન્ય છે અને દાન દેનાર પણ અન્ય છે. હું તો છું જ નહિ. લોકો મને દાનવીર સમજે છે અને કહે છે કે હું દાન આપું છું. એ સાંભળીને મને શરમ આવે છે. એટલે દાન આપતી વખતે હું નીચી નજર રાખતો હોઉં છું.''

એ જ અરસામાં કવિ તુલસીદાસ પણ થઈ ગયા. રહીમ અને તુલસીદાસ બંને મિત્રો હતા. એકવાર તુલસીદાસે દોહરાની એક પંક્તિ લખીને રહીમ પાસે વિનંતી સાથે મોકલી હતી.

''સુરતિય, નરતિય, નાગતિય સબ ચાહતિ અસ હોય. આ દોહરાની બીજી પંક્તિ લખીને દોહરો પૂરો કરી આપો.''

દોહરાની પંક્તિનો ભાવાર્થ - દેવતાઓ, માનવો અને નાગ લોકોની પત્નીઓ એ ઇચ્છે છે કે -

એની બીજી પંક્તિ રહીમે લખી મોકલી હતી -

**ગોદલિયે હુલસી ફિરૈ, તુલસી સો સુત હોય''**

સમગ્ર ભાવાર્થ - દેવતા, માનવો અને નાગ લોકોની પત્નીઓ ઇચ્છે છે કે અમારી ગોદમાં તુલસીદાસ જેવો પુત્ર થાય.

હુલસી એ તુલસીદાસની માતાનું નામ હતું. એટલે એ નામ પણ રહીમે યુક્તિથી એમાં જોડી દીધું. એ શબ્દના બે અર્થ થાય છે - પહેલો અર્થ તે તુલસીદાસની માતાનું નામ અને બીજો અર્થ થાય છે ઉલ્લાસપૂર્વક તુલસીદાસ જેવું બાળક પોતાની ગોદમાં રમાડવાની તીવ્ર ઇચ્છા.

આમ, તુલસીદાસનો મહિમા બીજી પંક્તિ રચીને દર્શાવ્યો. પણ તુલસીદાસને તો જરાય અભિમાન ન હતું. તેમણે તો કહેલું જ છે કે

તુલસી તુલસી ક્યા કરૈ, તુલસી બનકી ઘાસ,
કૃપા ભઈ રઘુનાથ કી સો બન ગયે તુલસીદાસ.

• • •

## રસ્કિન

મહાન રશિયન સર્જક રસ્કિન પોતાના લેખન કાર્ય માટેના મેજ ઉપર 'પેપર વેઈટ' તરીકે જે એક નાના પથ્થરનો ઉપયોગ કરતા હતા. તેના ઉપર એમણે એક જ શબ્દ કોતરાવેલો હતો અને તે શબ્દ હતો - *'Today'* એટલે તેમની દૃષ્ટિએ તો 'આજની ઘડી રળિયામણી, કાલ કોણે દીઠી છે?'

• • •

## કવિ રિલ્કે

પ્રસિદ્ધ જર્મન કવિ રિલ્કેએ એક યુવાન કવિને લખેલા થોડાક પત્રો પૈકી એક પત્રમાં તેમણે એ યુવાન કવિને સલાહ આપી હતી - ''બને ત્યાં સુધી પ્રેમની કવિતા લખવાનું રાખજો. એ લખવું ઘણું કઠિન છે.''

• • •

## જ્યોર્જ બર્નાર્ડ શૉ

વિખ્યાત સાહિત્યકાર જ્યોર્જ બર્નાર્ડ શૉ પાસે એકવાર એક યુવતીએ જઈને પૂછ્યું : ''સાહેબ, મને પરણવા માટે એક ઉમરાવ તૈયાર છે અને એક ડૉક્ટર પણ તૈયાર છે - તો હું બેમાંથી કોને પરણું ?''

જવાબમાં શૉએ કહ્યું : ''બાનુ, તમે કોઈક 'માણસ'ને પરણજો.''

આ દૃષ્ટિએ જ કદાચ જિગર મુરાદાબાદી નામના શાયરે કહ્યું છે કે

**આદમી કે પાસ સબકુછ હૈ મગર**
**એક તનહા આદમી અત હી નહીં**

ભાવાર્થ - માનવી પાસે બધું જ છે, પણ એક છાંટા જેટલીય માનવતા નથી.

એટલે જ ચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને પણ યોગ્ય કહ્યું છે કે ''આજનો માનવી પંખીની જેમ હવામા ઊડતાં અને માછલીની જેમ પાણીમાં તરતાં શીખ્યો, પણ માણસની જેમ પૃથ્વી ઉપર રહેતાં અને જીવતાં તેણે હજુ શીખવાનું છે.''

બીજી એકવાર એમને ભોજનસમારંભમાં હાજર રહેવાનું નિમંત્રણ મળ્યું. એ નિમંત્રણપત્રમાં ખાસ વિશિષ્ટ પ્રકારનો પહેરવેશ જ પહેરીને આવવાની ખાસ સૂચના હતી. એ મુજબ ખાસ જાતનાં કોટ-પાટલૂન પહેરીને એ તો તે ભોજનસમારંભમાં ગયા.

ત્યાં ભોજનના મેજ ઉપર જમતી વખતે ખાદ્ય વાનગીઓના ટુકડા કરી એ તો પોતાના વિશિષ્ટ પ્રકારના પોશાક ઉપર મૂકવા લાગ્યા અને 'લે ખા, લે ખા' કહેવા લાગ્યા, પણ પોતે જરાય ન ખાધું.

આ વિશે તેમને પૂછવામાં આવતાં ફરીથી તેઓ પોતાનાં વસ્ત્રોને જમાડવા લાગ્યા : ''હે મારાં વિશિષ્ટ વસ્ત્રો ! તમે જમો ! આ નિમંત્રણ તમને છે, મને નહિ.'' આવા ઉદ્‌ગારો ઉપરથી લોકો તેમનો કટાક્ષ-મર્મ સમજી ગયા કે તેમની દૃષ્ટિએ વસ્ત્રો તો ગૌણ અને વળગણરૂપ છે, પણ મહત્ત્વની અસલી ચીજ તો વ્યક્તિ જ છે.

એક પ્રસંગે ગંભીર માંદગીમાં પટકાઈ પડેલા તેમના જેવા ચુસ્ત શાકાહારીને ડૉક્ટરોએ કહ્યું હતું : ''તમારે ગાયનું માંસ ખાવું પડશે. અન્યથા મોતને ભેટવું પડશે.'' ત્યારે તેમણે સ્પષ્ટ રીતે જવાબ આપેલો :

''મારાથી ગાયનું માંસ ખાઈ શકાય નહિ. હું સહર્ષ મોતને ભેટવા તૈયાર છું.'' તરત જ તેમણે 'ડેઈલી ક્રોનિકલ દૈનિક'માં નિવેદન પ્રગટ કર્યું : ''મારી સ્થિતિ ગંભીર છે. મને એક જ શરતે જીવતદાન મળે તેમ છે. હું ગાય - વાછરડાનું માંસ ખાઉં તોપણ મેં પ્રાણીનું માંસ ખાવા કરતાં મોતને ભેટવાનું પસંદ કરેલ છે. જો હું મરણ પામું તો મારા મરણનો શોક પ્રાણીઓ ન કરે એવી મારી અંતિમ ઇચ્છા છે.''

• • •

## ખલિલ જિબ્રાન

જાણીતા ચિંતક ખલિલ જિબ્રાન અને અમેરિકન કવયિત્રી બાર્બરાયંગ મિત્રો હતાં. બંને સહકારથી સાથે રહી જીવન પસાર કરતાં હતાં.

એકવાર જિબ્રાને તેને કહ્યું : ''જો તને એવી ફરજ પાડવામાં આવે કે તને આવડે છે એ બધા શબ્દો ભૂલી જા અને માત્ર સાત જ શબ્દો સાચવી રાખ. તો એ કયા શબ્દો તું સાચવે ?''

થોડી મૂંઝવણ અનુભવ્યા પછી કંઈક વિચાર કરીને બાર્બરાએ કહ્યું : ''પ્રભુ, જીવન, પ્રેમ, સૌંદર્ય અને પૃથ્વી.'' આમ, પાંચ શબ્દ કહીને તે અટકી ગઈ. બીજા બે શબ્દો તે ન કહી શકી.

એટલે જિબ્રાને ફરીથી પૂછ્યું : ''બીજા બે શબ્દો કયા હોઈ શકે ? તમે બહુ જ મહત્ત્વના શબ્દો ભૂલી ગયાં છો, જેના વગર બાકીના શબ્દો નિરર્થક અને વ્યર્થ છે. એ બે મહત્ત્વના શબ્દો છે - તું અને હું. હું અને તું, તું અને હું - હૃદયમાં આવા ભાવ જન્મે કે જ્યાં હું ત્યાં તું અને તું ત્યાં હું. અન્યોન્યના સહવાસમાં 'હું અને તું' મળી જાય, ભળી જાય, ગળી જાય, ઓગળી જાય એનું સાયુજ્ય સધાય પછી માણસને જીવનમાં

ભલા કંઈ મેળવવાનું બાકી રહે ખરું ?''

• • •

## ઑસ્કર વાઈલ્ડ

વિશ્વવિખ્યાત સાહિત્યકાર ઑસ્કર વાઈલ્ડ એકવાર ઈ.સ. ૧૮૮૨ના જાન્યુઆરીમાં ન્યૂયોર્કના બારામાં ઊતર્યા ત્યારે ત્યાંના જકાત ખાતાના અધિકારીએ તેમને રાબેતા મુજબ પ્રશ્ન પૂછ્યો હતો - ''સાહેબ, તમારે કંઈ જાહેર કરવાનું છે ?'' *'Have you anything to declare, sir ?'*

ત્યારે જવાબમાં તેમણે કહ્યું હતું - *'I have nothing to declare, but my genious.'* મારે મારી પ્રતિભા શક્તિ સિવાય કશુંય જાહેર કરવાનું નથી.

• • •

## કવિ સ્ટીફન સ્પેન્ડર

આઝાદીબાદ ભારતની મુલાકાતે આવેલા બ્રિટિશ કવિ સ્ટીફન સ્પેન્ડરે એમના માનમાં યોજાયેલ એક સમારંભમાં ઉદ્‌ગાર કાઢેલા : ''ભારતે હજી માત્ર રાજકીય સ્વાતંત્ર્ય મેળવ્યું છે. સાંસ્કૃતિક સ્વાતંત્ર્ય મેળવવાનું હજુ બાકી છે. એટલું જ નહિ, પણ એ તરફ હજી આઝાદીનાં આટલાં વર્ષો પછીય કોઈનું ખાસ કશું ધ્યાન ગયું હોય એમ લાગતું નથી. ૧૯૪૭ પૂર્વે આવેલો ત્યારે અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ અને ભણેલાઓમાં એ ભાષાનો મોહ મેં જે જોયેલો એ જ પ્રભુત્વ અને એ જ મોહ હજી આજેય રાજકીય આઝાદીનાં આટલાં વર્ષો પછીય યથાવત્ રહ્યાં છે. એવું હું અનુભવી શકું છું અને વધુ ખેદ અને આશ્ચર્યજનક વાત તો એ છે કે આ દિશામાં આઝાદી મેળવવાનો કોઈ ગંભીર પ્રયાસ પણ થયો

નથી.'' કેવો ચિંતનીય વિચાર !

• • •

## લેખિકા સિગ્રિડ અનસેટ

નોર્વેની સુપ્રસિદ્ધ લેખિકા અને નોબેલ પારિતોષિક વિજેતા શ્રીમતી સિગ્રિડ અનેસેટને જ્યારે નોબેલ ઇનામ મળ્યાંની જાહેરાત થઈ ત્યારે રાત્રે ઘણા પત્રકારો તેમને ત્યાં મળવા ગયા હતા.

એ વખતે ઘરની બહાર નીકળીને તેમણે પત્રકારોને જણાવ્યું : ''આ વખત રાતનો છે. આપ શા માટે મળવા આવ્યા છો તેનું કારણ હું સમજી શકું છું. મને હમણાં જ નોબેલ ઇનામ એનાયત થયાની જાણ કરતો તાર સંદેશો મળ્યો છે. પણ મને ખેદ છે કે હમણાં હું આપ લોકોને નહિ મળી શકું, કેમ કે હમણાં મારાં બાળકોને હું સુવડાવી રહી છું. આ એમનો સૂઈ જવાનો સમય છે. નોબેલ ઇનામ મળ્યાંની ખુશી તો મનેય છે, પણ એનાથી વધારે ખુશી મને મારાં બાળકોની સાથે રહેવાની અને એમની માવજત કરવાની છે. માટે માફ કરજો. અત્યારે આપને નહિ મળી શકું.'' સંતાન પ્રત્યેનો માતૃપ્રેમ !

• • •

## મહાવિદ્વાન કૈયટ

પ્રાચીન સમયમાં થયેલા મહાવિદ્વાન કૈયટનું જીવન ઘણું સાદું, સ્વાશ્રયી અને સંયમી હતું. શાસ્ત્રોનો અભ્યાસ અને પરમાત્માનું સ્મરણ એ જ તેમની દિનચર્યા. તેમનાં પત્ની પણ સાદાં અને સ્વાવલંબી હતાં અને તે બંને જંગલમાંથી મુંજ કાપી લાવીને તેને વણીને દોરડાં બનાવતાં અને તેને વેચીને પોતાનું ગુજરાન ચલાવતાં હતાં અને જે યાતનાઓ પડતી તે સંતોષ અને હર્ષથી વેઠી લેતાં.

પણ જે પ્રદેશમાં તે રહેતા હતા તેના રાજાને આ વાત ન ગમી. તેને પોતાના રાજ્યમાં રહેતા આ તપસ્વી વિદ્વાનને મદદ કરવાનું મન થયું. એટલે તેમણે એ વિદ્વાન પાસે જઈને કહ્યું : ''આપ જેવા તપસ્વી વિદ્વાન મારા રાજ્યમાં રહીને દુઃખ વેઠે તો તો મને પાપ લાગે.''

એ સાંભળીને કૈયટની પત્નીએ કહ્યું : ''જો અમારાં રહેવાથી આપને પાપ લાગતું હોય તો અમે આપનું રાજ્ય છોડીને જતાં રહીએ.''

એ સાંભળીને તરત રાજા બોલ્યા : ''ના, એવું કરવાની જરૂર નથી. અમે તો આપને રાજ્યાશ્રય આપી મદદ કરવા ઇચ્છીએ છીએ. આપ આ રીતે જંગલમાં જાવ અને પરિશ્રમ કરો તે અમને રાજ્ય માટે શોભાસ્પદ લાગતું નથી.''

ત્યારે કૈયટની પત્નીએ કહ્યું : ''મહારાજ, તમારે તો અમને સ્વાશ્રયી જોઈને પ્રસન્ન થવું જોઈએ. તમે અમને રાજ્યાશ્રય આપીને આળસુ બનાવો તે અમને પસંદ નથી. અમે તો ઊલટા એમ ઇચ્છીએ છીએ કે અમારું સ્વાશ્રયી જીવન જોઈને તમારે પોતે પણ સ્વાશ્રયી બનવું જોઈએ. અમારી દૃષ્ટિએ તો સ્વાશ્રયી માનવી જ જગતમાં સૌથી સુખી માણસ છે, કેમ કે સુખનો આધાર બીજા કોઈના ઉપર નથી, પણ પોતાના ઉપર રહેલો છે. સ્વાશ્રય અને સંતોષથી મોટું અને સાચું બીજું કોઈ સુખ નથી. સ્વાશ્રયી વ્યક્તિ જ સાચો શહેનશાહ છે, કેમ કે તેને કોઈની પરવા અને બીક નથી હોતી.'' એ સાંભળીને મહારાજ તો આભા જ થઈ ગયા.

• • •

## ભક્ત કવિ જયદેવ

'ગીતગોવિંદ'ના ભક્ત કવિ જયદેવે નાનપણમાં તેમનાં માતાપિતા ગુમાવ્યાં હતાં. અને ભગવદ્સ્મરણ કરીને તેઓ જીવન નભાવતા. એમના પિતા ભોજદેવ એમના ગામના નિરંજન નામના બ્રાહ્મણના

કરજદાર હતા. તેણે કવિ પાસે દસ્તાવેજ ઉપર સમજાવી પટાવીને સહી કરાવી લઈ એમની મિલકત પચાવી પાડવાની યુક્તિ કરી હતી, પણ દગાકપટના પરિણામે તરત જ એ નિરંજનના ઘરમાં આગ લાગ્યાની ખબર આવી. તે વખતે જરાય દ્વેષ રાખ્યા વિના ભક્ત કવિ જયદેવ સત્વરે એની ઘરની આગ ઓલવવા દોડ્યા, પણ જેવા તે ઘરમાં પેઠા કે તરત જ ચમત્કારિક રીતે આગની જ્વાળા શાંત થઈ ગઈ. તેમની ભક્તિનો આ પ્રભાવ જોઈ એ દુષ્ટ નિરંજન તરત જ એમના પગે પડ્યો અને સહી કરેલો દસ્તાવેજ ફાડી નાંખી કવિની માફી માંગી.

ભક્ત જયદેવ સદૈવ શ્રીકૃષ્ણનાં ધ્યાન-ભજનમાં તલ્લીન રહેતા. એકવાર ભાવાવેશમાં તેમણે ચારે બાજુની પર્વતની હારમાળા નીચે વહેતી કલકલ નદી તથા તટ ઉપર કદંબ વૃક્ષની નીચે મોરલી હાથમાં લઈ ઊભેલા શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં અને તરત જ તેમના મુખમાંથી એવા તાત્પર્યવાળા ઉદ્‌ગાર નીકળ્યા કે આકાશ વાદળોથી ગોરંભાયેલું છે, વનભૂમિ તમાલતરુઓથી શ્યામ બની છે, રાતનો સમય છે અને આ કૃષ્ણ ડરપોક એકલા છે માટે હે રાધા ! તું એને ઘેર પહોંચાડ.

આ પ્રમાણે નંદની આજ્ઞાથી ચાલેલાં રાધા અને કૃષ્ણના માર્ગની પ્રત્યેક તરુકુંજમાં યમુનાના કાંઠા ઉપરની એકાંતક્રીડાઓ જય પામે છે.

બસ, અહીંથી લલિતમધુર 'ગીતગોવિંદ' આ રીતે લખાવું શરૂ થયું.

• • •

## કવિ ઈસરદાન

જામનગરના રાજદરબારમાં એકવાર યુવાન ચારણ કવિ ઈસરદાન રાજા તરફથી લાખ રૂપિયાની બક્ષિસ મળશે એવી આશાથી સરસ

ઉપમા અલંકારોથી ભરેલ કાવ્યો સંભળાવ્યે જતા હતા. કાવ્યોમાં એમણે રાજાને બીજા ઇંદ્ર અને બીજા કર્ણનું બિરુદ પણ આપ્યું. તે સાંભળીને જામનરેશની છાતી ફૂલવા માંડી અને બોલી ઊઠ્યા : ''વાહ કવિ ! વાહ કવિ !''

એ નરેશ તો મોટી બક્ષિસ આપવા વિચારતા હતા, પણ દરબારમાં હાજર એમના ગુરુ પીતાંબરે એમ કરવા ના પાડતી નિશાની કરી દીધી.

એથી યુવાન ચારણ કવિ ઇસરદાન ક્રોધે ભરાયા અને એ ગુરુને ઘેર રાતના એમની હત્યા કરવાના હેતુથી પહોંચી ગયા. તે વખતે ગુરુ પીતાંબરને એમની પત્ની કહી રહેલી વાત ચારણ કવિએ સાંભળી - ''બધા લોકો તો કહે છે કે તમને ચારણ કવિની ઈર્ષા થઈ અને તેથી તમે લાખ રૂપિયાની બક્ષિસ આપતાં રાજાને અટકાવ્યા અને સાત જોડા મારવા કહ્યું. એના જવાબમાં ગુરુ પીતાંબરે કહ્યું : ''તારું કહેવું બરાબર છે. ઇસરદાનની કવિતા મને કેવી લાગી તે તને કહું કે ? ઓહોહો, આવો કવિ તો સેંકડો વર્ષે પેદા થાય છે. અરે, કવિતા તો એની સમક્ષ નર્તન કરી રહી હતી. જાણે એની જીભ ઉપર સરસ્વતી બિરાજેલી છે. પણ આવો ઉત્તમ કવિ ક્યાં પડ્યો છે ? ઈશ્વરે આપેલી સુંદર અને ઉત્તમ બક્ષિસનો થોડાં કીમતી કપડાં કે જમીન યા ધન મેળવવા માટે દુર્વ્યય કરવો ઠીક ગણાય ? આટલી પ્રશંસા, ખુશામત અને બિરદાવલિ ભગવાન માટે કરાય તો એ કવિ ન્યાલ થઈ જાય ન્યાલ અને ભગવાન પ્રસન્ન થઈ જાય. ભગવાને શું આવી ઉત્તમ કવિત્વ શક્તિ પાંચ-પચાસ ગામના માલિકને ખુશામત કરી ખુશ કરવા માટે આપી છે ? બસ, આ વિચાર આવ્યાથી જ મેં જામનરેશને બક્ષિસ આપવાના નકારમાં માથું હલાવ્યું હતું.''

આ સાંભળીને ગુરુ પીતાંબરની હત્યા કરવા ગયેલ ચારણ કવિ ઈસરદાન એ ગુરુના ચરણમાં નમી પડ્યા અને પછી એ ભક્ત કવિ ઈસરદાનમાં પલટાઈ ગયા.

• • •

## શાયર મિરઝા ગાલિબ

જાણીતા લોકપ્રિય શાયર મિરઝા ગાલિબ કેરી ખાવાના ઘણા શોખીન હતા અને તે કરજ કરીને પણ કેરી ખાતા હતા.

એકવાર તેમને ઘેર દિલ્હી – આગ્રાના શાયરોની મહેફિલ જામી હતી ત્યારે એક શાયરે બારી બહાર જોયું તો રસ્તા ઉપર એક ગધેડું કેરીની છાલ બાજુએ રાખીને તેને બદલે પાસે પડેલું બીજું બધું ખાઈ રહ્યું હતું. એ દૃશ્ય મિરઝા ગાલિબને બતાવીને એ શાયરે તેમને કહ્યું : ''જુઓ મિરઝા સાહેબ, ગધેડાં પણ કેરી ખાતાં નથી.''

એના જવાબમાં શાયર ગાલિબે કહ્યું : ''હા, જનાબ, તમારી વાત તદ્દન સાચી છે. માત્ર ગધેડાંઓ જ કેરી ખાતાં નથી.''

એ સાંભળી હાજર રહેલા બધા શાયરો હસી પડ્યા અને ટીકા કરનાર પેલો શાયર તો છોભીલો પડી ગયો.

• • •

## કવિ ભૂષણ

હિંદી ભાષાના જાણીતા કવિ ભૂષણ જ્યારે નાના બાળક હતા ત્યારે ભણવામાં તેમને રુચિ ન હતી. તેમના મોટા ભાઈ ચિંતામણિ બાદશાહ ઔરંગઝેબના દરબારના રાજ્યકવિ તરીકે હતા અને કવિ તરીકે એમની કીર્તિ રાજ્યદરબારની બહાર પણ સારી ફેલાયેલી હતી

ત્યારે ભૂષણ ઘરમાં રહી નિરર્થકપણે દિવસો પસાર કરતા હતા.

એવામાં એમની ભાભીએ એમને કડવાં વેણ કહ્યાં. એ સાંભળતાં જ ભૂષણ તો ઘર છોડીને સીધા કુમાઉ રાજાના દરબારમાં ગયા અને પોતાની રચેલી સુંદર કવિતા સંભળાવીને એ રાજાને પ્રસન્ન કરી દીધા. એટલે રાજાએ એને ઇનામ પેટે એક લાખ મુદ્રા આપીને કહ્યું : ''મારા જેવો દાનવીર પૃથ્વીમાં બીજો કોઈ નહિ નજરે પડે.''

રાજાની આવી ગર્વભરી વાણી સાંભળીને કવિ ભૂષણે સાફ સાફ કહી દીધું : ''તમારા જેવા દાનવીર તો પૃથ્વીમાં અનેક છે, પણ તમે એવો યાચક નહિ જોયો હોય કે જે અભિમાન ભરેલી વાણીથી આપેલી એક લાખ મુદ્રાઓને ઋણ સમજીને ન સ્વીકારી હોય અને ઘૃણા દર્શાવી હોય.''

આમ કહીને કવિ ભૂષણ રાજદરબારમાંથી એક લાખ મુદ્રાઓનો અસ્વીકાર કરી જતા રહ્યા.

• • •

## બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય

ભારતમાં આઝાદી સંગ્રામટાણે ક્રાંતિકારક ગણાયેલું લોકપ્રિય રાષ્ટ્રગીત 'વંદેમાતરમ્' ઈ.સ. ૧૮૭૭ના ડિસેમ્બરની તા. ૩૦ના રોજ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે પોતાની લખવા ધારેલી 'આનંદમઠ' નામની નવલકથા માટે લખ્યું હતું. એ વખતે તેઓ 'બંગદર્શન' નામક સામયિક પ્રગટ કરતા હતા અને એક વખત એના એક અંકમાં થોડી જગ્યા ખાલી રહેતા કમ્પોઝિટરે એ ગીત એ ખાલી જગ્યામાં છાપવા ઇચ્છેલું. એ વખતે બંકિમચંદ્રે ઉદ્‌ગાર કાઢ્યા હતા : ''આ ગીત ખાલી જગ્યા પૂરવા માટે છાપવા જેવું તને લાગે છે ? પણ યાદ રાખજે કે આજે નહિ તો આગામી દિવસોમાં આ ગીત દેશનો ક્રાંતિમંત્ર બની રહેશે અને મોટા

મોટા નેતાઓ જાહેરમાં હોંશે હોંશે આ ગીત ગાશે.''

આ ગીત કવિવર ટાગોરને એટલું બધું પ્રિય હતું કે ઈ.સ. ૧૮૯૬માં કલકત્તા ખાતે ભરાયેલ કૉંગ્રેસ અધિવેશનમાં તેમણે જાતે સ્વરબદ્ધ કરીને રજૂ કર્યું હતું અને એ ઈ.સ. ૧૯૦૪માં એમના કંઠે એ ધ્વનિમુદ્રિત કરી લેવાયું હતું. સંગીતમાર્તંડ પંડિત ઓમકારનાથ ઠાકુર એ ગીત દસેક વિવિધ રાગોમાં ગાતા. ઈ.સ. ૧૯૪૭માં દેશ આઝાદ થયા પછીની લોકસભાની પહેલી બેઠકમાં ખાસ નિમંત્રણથી એમણે એ ગીત બુલંદ કંઠે ગાયું હતું.

મહર્ષિ અરવિંદ ઘોષે બંકિમચંદ્રને 'ઋષિ' કહ્યા છે. જે ઓરડામાં એ ગીત લખાયું હતું તેને આજે મ્યુઝિયમરૂપે સાચવી રાખવામાં આવ્યો છે. તેમાં એ ગીત તાંબાની તખ્તી ઉપર કંડારીને આરસની પીઠિકા ઉપર ગોઠવાયું છે.

અંગ્રેજી ભાષા ઉપર ગજબનો કાબૂ ધરાવનાર એમણે માતૃભાષાની ભક્તિને કારણે પોતાનું સઘળું લેખનકાર્ય બંગાળીમાં જ કર્યું છે.

પ્રસિદ્ધ ક્રાંતિવીરાંગના માદામ કામા 'વંદેમાતરમ્' શબ્દ એટલો બધો ચાહતાં હતાં કે તેમણે પોતાના ઘરઆંગણે હૅટ, સાડી, ફ્રોક વગેરે સર્વે ઉપર એ દેવનાગરી લિપિમાં અંકિત કરેલો હતો.

• • •

## મહાકવિ નિરાલાજી

હિંદીના મહાકવિ નિરાલાજી એકવાર એક કવિ સંમેલનના સંચાલકનું કાર્ય સંભાળી રહ્યા હતા. તેમાં ત્યારે ભારતના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુને મુખ્ય મહેમાન તરીકે કવિઓની સાથે મંચ ઉપર બેસાડવામાં આવ્યા હતા.

એ જોઈને મહાકવિ નિરાલાજીએ ટકોર કરી : ''આ સાહિત્ય-કારોના મંચ ઉપર બિનસાહિત્યકારની હાજરી ગેરવાજબી લાગે છે.'' એ સાંભળીને સમજદાર પંડિત નહેરુ પણ તરત જ મંચ ઉપરથી સડસડાટ નીચે ઊતરી ગયા અને પ્રેક્ષકોના સમુદાયમાં બેસી ગયા.

છેલ્લે તેમણે પોતાના વક્તવ્યમાં પોતાનું વાજબી સ્થાન બતાવી દેવા બદલ નિરાલાજીને અભિનંદન આપ્યાં અને પોતાની ભૂલ બદલ ક્ષમા પણ યાચી.

• • •

## કાકાસાહેબ કાલેલકર

'સવાઈ ગુજરાતી' ગણાતા જાણીતા સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકર એક ઉત્સવટાણે બેલગામમાં 'સ્વામી વિવેકાનંદનું યુગકાર્ય' વિષય ઉપર બોલતાં કહેલું : ''વિવેકાનંદે અમેરિકામાં જઈને વેદાંતનો જ્યારે બૉંબ ફેંક્યો ત્યારે ભારત જાગ્રત થયું.''

એકવાર એમના પિતાજીને કોઈકે એમની વાંધાજનક પ્રવૃત્તિ માટે ફરિયાદ કરી ત્યારે એમના પિતાજીએ ઉદ્ગાર કાઢ્યા હતા : ''દત્તુ, મારી વાત સાંભળતો આવ્યો છે. આટલો મોટો થયો, બી.એ. પાસ થયો, પુસ્તકો લખવા લાગ્યો, ભાષણો આપવા લાગ્યો, છતાં પણ સાંજે ફરવા જાય છે ત્યારે આજે પણ મને કહીને જાય છે. મન દઈને અમારી સેવા કરે છે. મારા બીજા પુત્રોએ મને જેટલો નિરાશ કર્યો છે તેવું એણે કર્યું નથી. એ પરીક્ષામાં કદી નાપાસ થયો નથી. એ નકામો તો નથી કે નથી એ બિનજવાબદાર. એ જે કામ કરે છે એ ખરાબ છે એવું તો આપ પણ નહિ કહો. પછી હું એને શા માટે રોકું ? આપણે આપણા વખતના આદર્શો પ્રમાણે કામ કર્યું. આ નવી પેઢીના લોકો છે. એ એમના આદર્શો પ્રમાણે આગળ ચાલશે. આપણે આપણા આદર્શો એમના ઉપર લાદીએ

એ ઉચિત પણ નથી, સારું પણ નથી. મને એટલો વિશ્વાસ છે કે એને હાથે કોઈનું ખરાબ કામ થશે નહિ. એ કોઈ અનુચિત કામ પણ કરશે નહિ.'' આવો હતો પિતાનો પુત્ર ઉપર વિશ્વાસ.

• • •

## ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ

ઈ.સ. ૧૮૩૫માં સુરત ખાતે જન્મેલા અને ઈ.સ. ૧૯૧૧માં નિધન પામેલા 'ગુજરાતી' નામના સાપ્તાહિકના સ્થાપક અને તંત્રી શ્રી ઇચ્છારામ સૂર્યરામ દેસાઈને તેમની આર્થિક કટોકટીટાણે એમના એક મિત્ર શ્યામજી શાસ્ત્રીએ કરી આપેલ 'કથાસરિતસાગર' આદિ સંસ્કૃત પુસ્તકોનાં ભાષાંતરોના પ્રકાશનમાં ઘણા મદદરૂપ થઈ પડેલાં, એ મિત્ર એમનાં એ પ્રકાશનો ઇચ્છારામના નામે ચડાવીને યાત્રાએ ગયેલા અને ત્યાં અચાનક નિધન પામ્યા, એ પછી એ મિત્ર પત્ની પણ ગુજરી ગયાં. એટલે તેમનાં સગાં એ મિત્રની મિલકત માટે હક્ક કરવા લાગ્યાં.

એ મિત્રનાં ભાષાંતરનાં વિવિધ પુસ્તકો સારાં એવાં ખપેલાં હતાં અને તેની સારી આવક થયેલી. એ વખતે ઇચ્છારામને નાણાંની ઘણી તંગી હતી અને તેથી એ મિત્રનાં પુસ્તકોની ખપતથી થયેલી આવક એ પોતે રાખી લેત તો તેમને કોઈ પૂછે તેમ ન હતું, પણ એમ ન કરતાં તેમણે પુત્રવિહોણા એ સદ્‌ગત મિત્રના ભત્રીજાને બોલાવી એ બધી આવક સોંપી દીધી અને સત્યનીતિના માર્ગે ચાલ્યા. એ પછી એમની આર્થિક સ્થિતિ સુધરતી ગઈ.

• • •

# કવિ કુવેમ્પુ

જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત કરનાર જાણીતા લબ્ધપ્રતિષ્ઠ કન્નડ કવિ કુવેમ્પુ ઉર્ફે કે. વી. પુરપ્પાને એકવાર એક યુવકે તેમનું શ્રેષ્ઠ સર્જન 'રામાયણ દર્શનમ્' ખૂબ મોંઘું રૂ.૫૦/- ની કિંમતનું હોવાની ફરિયાદ કરી.

ત્યારે કવિએ એ ફરિયાદનું તથ્ય સ્વીકાર્યું, પણ તે જ વખતે તેમની નજર એ યુવકે પહેરેલા ચકચકતા મોંઘા બૂટ ઉપર પડી. તેમણે તેની કિંમત પૂછી, જવાબમાં તે યુવાને ગર્વથી તેની કિંમત રૂ.૧૨૦/- હોવાનું જણાવ્યું.

એ સાંભળીને કવિએ હસતાં હસતાં જણાવ્યું : "તમે પગ નીચે મૂકવાની વસ્તુના સહેલાઈથી રૂ.૧૨૦/- ચૂકવી દીધા, પણ જે વસ્તુ માથે ચડાવવા લાયક અને હૈયામાં સંઘરવા લાયક છે તેની માત્ર રૂ.૫૦/- ની કિંમત તમને વધારે લાગે છે અને તે ચૂકવવા માટે તમે ખચકાવ છો. આ શું બરાબર છે ?"

એ સાંભળીને યુવાનનું માથું શરમથી નમી ગયું.

• • •

# ચાંપશી ઉદેશી

ઈ.સ. ૧૯૨૨માં 'નવચેતન' માસિક શરૂ કર્યા પછી અનેકવાર વિવિધ પ્રકારની મુશ્કેલીઓ આવ્યા છતાં તેના તંત્રી શ્રી ચાંપશી વિ. ઉદેશી પોતાની નિયમિતતા, ઉત્કૃષ્ટતા અને સિદ્ધાંતમાંથી છેવટ સુધી જરાય ડગ્યા ન હતા. તે વખતે અને ત્યાર બાદ શરૂ થયેલાં ઘણાં ગુજરાતી સામયિકોનું પ્રકાશન બંધ થઈ ગયું છે, પણ આજેય 'નવચેતન'નું પ્રકાશન એના આદ્યતંત્રીના માનસપુત્ર મુકુંદભાઈ શાહના પુરુષાર્થથી

ચાલુ જ રહ્યું છે.

ઈ.સ. ૧૯૪૩-૪૪માં એના આદ્યતંત્રી શ્રી ચાંપશીભાઈએ વડોદરામાં નાટક ભજવનાર નાટક કંપનીને 'નવી રોશની' નામક નાટક લખી આપેલું હતું. એ પેટે મહેનતાણાની થોડી રકમ એમને અગાઉથી આપવામાં આવેલી અને બાકીની પછીથી આપવાની હતી. એ સંજોગોમાં રજૂઆતની ઉતાવળ કે અન્ય ખામીને લીધે એ નાટક નિષ્ફળ ગયું. એટલે નાટક કંપનીએ બીજા કોઈ લેખકનું નાટક ભજવવા માંડ્યું અને તે જોવા આવવા માટે નાટક કંપનીના માલિકે તેમને નિમંત્રણ આપ્યું હતું.

એના આધારે એક દિવસે રાતે ચાંપશીભાઈ તો તે નાટક જોવા માટે ગયા, પણ ત્યારે નાટક કંપનીના માલિકે માની લીધું કે તેઓ પોતાના નાટકની બાકી લહેણી રકમની ઉઘરાણી કરવા આવ્યા છે. આથી તેમણે તો બધાની હાજરીમાં તેમનો ઊધડો લીધો અને ભારે અપમાન કર્યું. એ જોઈ ચાંપશીભાઈ તો સ્તબ્ધ જ થઈ ગયા. પોતે તો નિમંત્રણ મળ્યાથી નાટક જ જોવા ગયા હતા ત્યારે કોઈ વાંક ગુના વિના આવી અવમાનના થયા છતાં તેમણે ધીરજ રાખીને શાંતિથી તેઓ નાટક જોયા વિના જ પાછા ફર્યા.

આ કિસ્સામાં વડોદરાના એક વકીલ મિત્રે તેમને કાયદેસર લડી લઈ બાકીની રકમ મેળવવાની સલાહ આપી અને પોતે એમાં મદદરૂપ થવાનીય ઑફર કરેલી, પણ નાટક કંપનીના માલિકની મુશ્કેલીઓ પ્રત્યેની સહાનુભૂતિને લીધે તેમણે એમ કરવાની ચોખ્ખી ના પાડી દીધી.

તેમની સતત સુદીર્ઘ સમયની સાત્ત્વિક સાહિત્યસેવા બદલ તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થાય એવું સૂચન જાહેરમાં કરવા માટે એક સાહિત્યકારે તેમની અનુમતિ માંગી ત્યારે તેમણે નિસ્પૃહભાવે

જવાબ આપ્યો હતો : ''મારા વાચકોના હૃદયમાં મારે માટે જે ભાવ અને ચાહના છે તે જ મારે માટે રણજિતરામ સુવર્ણચંદ્રક સમાન છે. મને એવા જુદા માનની ખેવના નથી અને તે અંગેની કામગીરી જે રીતે થાય છે તે જોતાં મને એની ઇચ્છા પણ નથી.'' કેવી નિસ્પૃહતા અને નિર્મળ નિખાલસતા !

• • •

# કવિ પ્રદીપજી

ભારતીય ચલચિત્ર જગતના જાણીતા લોકપ્રિય રાષ્ટ્રીય કવિ 'પ્રદીપજી'નું મૂળ નામ તો રામચંદ્ર દ્વિવેદી છે. મધ્યપ્રદેશના વડનગર ગામમાં જન્મેલા આ કવિએ ખુદ ૧૯૩૧થી સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લેવા માંડેલો અને તેથી શરૂથી રાષ્ટ્રીય ભાવનાવાળા આ કવિએ ૧૯૪૨માં 'કિસ્મત' બોલપટમાં -

**આજ હિમાલય કી ચોટી સે ફિર હમને લલકારા હૈ,**
**દૂર હટો અયિ દુનિયાવાલોં હિંદુસ્તાન હમારા હૈ.**

- જેવું લોકપ્રિય રાષ્ટ્રીયગીત લખેલું. કવિનું અતિશય પ્રસિદ્ધ થયેલું 'ચલ ચલ રે નવજવાન' ગીત તો આઝાદીસંગ્રામના અવસરે કૂચગીત તરીકે વાનરસેનામાં અને પ્રભાતફેરીઓમાં અતિશય ગવાતું હતું. ખુદ ઇંદિરા ગાંધી ત્યારે એ ગીત પ્રભાતફેરીમાં ગાતાં હતાં, વળી, 'જાગૃતિ' બોલપટનું એમનું ગાંધીજીને બિરદાવતું -

**દે દી હમેં આઝાદી બિના ખડગ, બિના ઢાલ,**
**સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ.**

- ગીત બેહદ લોકપ્રિયતા પામ્યું હતું.

૧૯૬૨ના ચીની યુદ્ધમાં શહીદ થયેલ આપણા વીર જવાંમર્દોને

બિરદાવતું અને શ્રદ્ધાંજલિ આપતું -

**અયિ મેરે વતન કે લોગોં જરા આંખ મેં ભર લો પાની,**
**જો શહીદ હુએ હૈ ઉનકી જરા યાદ કરો કુરબાની.**

- ગીત સાંભળીને તો પંડિત જવાહરલાલ નહેરુ પણ રડી પડ્યા હતા. એ ગીત ઘણા ફિલ્મ કંપનીવાળા મોં માંગી રકમ આપી ખરીદવા ઈચ્છતા હતા, પણ રાષ્ટ્રપ્રેમી પ્રદીપજીએ એને વેચવા માટે ઈન્કાર કરીને એની બધી આવક ચીની યુદ્ધમાં માર્યા ગયેલ શહીદ જવાંમર્દોનાં કુટુંબના લાભાર્થે વાપરવાની શરતે *'HMV'* કંપનીને વિના મૂલ્યે આપી દીધી હતી. ડઝનબંધ પુસ્તકો લખીનેય જે કામ ન થાય તેવું ઉમદા રાષ્ટ્રપ્રેમનું સેવાકાર્ય આ કવિએ ગીતો લખીને કર્યું છે.

તેમની સફળતાનું રહસ્ય જણાવતાં તેમણે કહ્યું છે - ''લખવું, ગાવું અને ધૂનની જાણકારી - આ ત્રણ ચીજો ઉપરનું મારું પ્રભુત્વ જ મારી સફળતાનું કારણ છે, ખરું કહીએ તો ફિલ્મ - ગીત લેખકનું કામ એક સુથાર જેવું છે. નિર્માતારૂપી ગ્રાહકની ઈચ્છા મુજબ એને ગીત નામનું ફર્નિચર બનાવવું પડે છે જે ગ્રાહકના દીવાનખાના યાને ફિલ્મમાં સારી રીતે બંધ બેસતું થઈ શકે છે. એ ઘડવાની કલા મને સુપેરે આવડે છે. એ જ મારી સફળતાનું રહસ્ય છે. જ્યાં સુધી કોઈ વાત કે ભાવ મારા હૃદયને વિવશ ન કરતા ત્યાં સુધી હું કાંઈ પણ નથી લખતો. જ્યારે કોઈ ઘટના મારા હૃદયને મર્મસ્પર્શી થાય છે ત્યારે જ હું ગીત લખું છું.''

• • •

## કવિ દોલતરામ કૃ. પંડ્યા

ગુજરાતના જાણીતા સાહિત્યકાર અને 'ઇંદ્રજિત્‌વધ' નામક મહાકાવ્યના કવિ શ્રી દોલતરામ કૃપાશંકર પંડ્યા જ્યારે આઝાદી પૂર્વેના

લુણાવાડાના દેશી રાજ્યના દીવાન હતા ત્યારે તેમને તત્કાલીન બ્રિટિશ પોલિટિકલ એજન્ટે તેમના જીવનસૂત્ર *'Motto'* વિશે પૂછ્યું હતું. તે વખતે શરૂઆતમાં તો તેઓ કંઈ જવાબ ન આપી શકવાથી તે અંગ્રેજ અમલદારે કહ્યું : *'A life without motto is a ship without sail.'* એવામાં પોતાને વિચાર સૂઝી આવતાં દોલતરામે એ અંગ્રેજ અમલદારને કહ્યું : ''સાહેબ, મારો *'Motto'* એક જ છે - *'Duty is deity'* અને ત્યારથી તેમણે આજીવન એ સૂત્ર એક રૂપેરી આયનામાં કોતરાવીને પોતાના ઘરમાં લટકાવી રાખેલું.''

• • •

## કવિ નરસિંહરાવ દિવેટિયા

'આ વાદ્યને કરુણભાવ વિશેષ ભાવે' ગાનાર ગુજરાતી સાહિત્યના પંડિતયુગના સ-રસ પ્રકૃતિ કવિ અને 'મંગલ મંદિર ખોલો' ગીતના ગાયક નરસિંહરાવ ભો. દિવેટિયા જ્યારે પ્રોફેસર હતા ત્યારે એકવાર એક વિદ્યાર્થી ઉપર ખૂબ ક્રોધે ભરાઈને તેને 'ગધેડો' કહી બેઠા હતા અને તેને વર્ગબહાર કાઢી મૂક્યો હતો.

તે વિદ્યાર્થીના વર્ગબહાર ગયા પછી તેમને પોતાની ભૂલ સમજાઈ અને નજીવી બાબત ઉપર ક્રોધે ભરાઈને પોતે વિદ્યાર્થીને અન્યાય કર્યાની લાગણી થઈ આવી. એટલે તે તો એ વિદ્યાર્થીને ઘેર તરત જ ગયા અને ગદ્‌ગદ સ્વરે કહ્યું : ''ભાઈ, હું તો તારી માફી માંગવા આવ્યો છું. તું સાચો હતો અને હું ખોટો હતો એટલે તને 'ગધેડો' કહેવા બદલ ક્ષમા યાચું છું.'' આવા 'વજ્રાદપિ કઠોરાણિ, મૃદુનિ કુસુમાદપિ' જેવા પોતાના પ્રોફેસરને જોઈને તે વિદ્યાર્થી તો ગળગળો થઈ ગયો.

• • •

# રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ

ગુજરાતી ધંધાદારી રંગભૂમિના યશસ્વી નાટ્યકાર સદ્‌ગત રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટને તેમના સફળ નીવડેલા 'સૂર્યકુમારી' નાટક દરમ્યાન કોઈકે તેમને પૂછ્યું હતું : ''તમને પ્રેરણા ક્યાંથી મળે છે ?''

જવાબમાં તેમણે કહેલું : ''કલ્યાણકારી વિચારોથી. એવા વિચાર કરવાથી મન શુદ્ધ થાય છે અને શુદ્ધ મન જ સર્જનની જન્મભૂમિ બને છે.''

તરસ્યાને પાણી પાવું એ તેમનો જીવનમંત્ર હતો. 'તારણહાર' નાટક માટે તેમણે એક જ રાતમાં ૨૪ જેટલાં સ-રસ ગીતો લખીને વિક્રમ સર્જ્યો હતો.

એક પ્રસંગે એક નાટ્યકંપનીના માલિકે એમને કહ્યું : ''એક નવા લેખક પાસેથી મેં માત્ર સો રૂપિયા આપીને નાટકની ખરીદી કરી છે. એમાં ગીતો લખીને એ નાટક તમારા નામે રજૂ કરો. હું તમને નવા નાટકના લેખન જેટલો જ પુરસ્કાર આપીશ !''

જવાબમાં ત્યારે સિદ્ધાંતવાદી ખેલદિલ સ્વભાવના રસકવિએ રોકડું પરખાવી દીધું. : ''માફ કરજો. કોઈ ઊગતા લેખકને અન્યાય કરવાનું પાપ કરવા મારો અંતરાત્મા ના પાડે છે.''

એકવાર સાયલાના મહારાજાએ રસકવિને કદરરૂપે હીરાજડિત સોનાની વીંટી બક્ષિસમાં આપી હતી. એ જોઈ કવિના પુરોહિત હરિભાઈએ ટકોર કરતાં કહ્યું : ''કવિ તમે તો નસીબદાર ! અમારા જેવાને આવી વીટીં કોણ આપે ?''

એ સાંભળીને રસકવિએ તરત જ એ વીંટી એ પુરોહિતને ભેટરૂપે

આપી દીધી હતી.

રસકવિનું અત્યંત સફળ નાટક 'બુદ્ધદેવ' જોઈને મહાત્મા ગાંધીજી અને લોકમાન્ય તિલક ઘણા મુગ્ધ થયા હતા. આઝાદી સંગ્રામના અરસામાં દેશભક્તિનો પ્રચાર કરનાર 'અજાત શત્રુ' અને 'સ્વદેશ સેવા' જેવાં એમનાં નાટકો ઉપર અંગ્રેજ સરકારે પ્રતિબંધ ફરમાવ્યો હતો. એમણે સત્તર વર્ષની વયે લખેલ 'બુદ્ધ દેવ' નામનું પ્રથમ નાટક ત્રણસો નાઈટ સુધી એકધારું ભજવાયું હતું.

• • •

## કવિ હરીન્દ્ર દવે

જાણીતા પત્રકાર, કવિ અને 'જન્મ ભૂમિ-પ્રવાસી'ના તંત્રી સદ્‌ગત હરીન્દ્ર દવે એકવાર બજારમાં ક્યાંક કાંઈક કામ કરાવવા ગયા હતા. એ માણસે કામ કરી આપ્યા પછી કામ બદલ મહેનતાણું આપવા માટે તેમણે વાત કરી ત્યારે તે માણસે તેમનું નામ જાણ્યા પછી કહ્યું : ''સાહેબ, મેં તમારું 'માધવ ક્યાંય નથી' પુસ્તક વાંચ્યું છે એટલે આ કામ બદલ મને મહેનતાણું મળી ગયું માનો. મારે જુદું બીજું મહેનતાણું લેવું નથી.''

એ માણસની આવી વાત સાંભળીને હરીન્દ્રભાઈએ ગદ્‌ગદ થઈ પ્રસન્નતા સાથે પોતાની એ નવલકથા એ માણસને ભેટ તરીકે આપી અને એમાં, પહેલે પાને ભેટવાક્ય સાથે લખ્યું. : ''માધવ ક્યાં નથી ?''

• • •

## વિનોબા ભાવે

એકવાર પ્રખર ગાંધીવાદી વિનોબા ભાવેએ ગીતા ઉપર વ્યાખ્યાન આપતી વખતે પ્રશ્નોત્તરીમાં સ્વધર્મ વિશે જણાવેલું : ''સ્વધર્મ એ માતા

સમાન છે. પત્ની સમાન નથી. આપણે આપણી માતાની પસંદગી કરી શકતા નથી, પણ પતિ કે પત્નીની પસંદગી કરી શકીએ છીએ. જો માછલી એમ જાણે કે દૂધ પાણી કરતાં વધુ મોંઘું છે અને જો તે પાણીને બદલે દૂધમાં રહેવાનો પ્રયાસ કરે તો તે મૃત્યુ જ પામે.''

બીજી એકવાર તેમણે કહેલું : ''જીવનમાં સાક્ષરતાનું એટલું મહત્ત્વ નથી જેટલું સાર્થકતાનું. પુસ્તકો ગોખી કાઢવાથી કોઈ વિદ્વાન ન થઈ શકે, પણ એમાં દર્શાવેલ ગુણોને જીવનમાં ઉતારે અને અમલ કરે તે જ સાચો ભણેલોગણેલો છે. પોથીઓથી કોઈ લાલ નથી. નિરર્થક પોથીઓમાં ન અટવાઈ જાવ. આપણા દેશમાં આળસનું ભારે વાતાવરણ છે, જે બેકારીને કારણે છે. ભણેલાઓને જાણે ઉદ્યોગ-મહેનત સાથે સંબંધ જ નથી. અને જ્યાં ઉદ્યોગ-મહેનત ન હોય ત્યાં સુખ ક્યાંથી હોઈ શકે ? જે ખાય પીએ છે તેણે ઉદ્યમ-ઉદ્યોગ કરવા જ જોઈએ - પછી તે ગમે તે પ્રકારના હોય.''

એમણે મૂળ ભાષામાં કુરાન વાંચવાના હેતુથી એમની પચાસ વર્ષની વયે અરબી ભાષા શીખી હતી અને એ શીખ્યા પછી કુરાનની મૂળ ૬૨૩૭ આયતોમાંથી ૧૦૬૫ આયતો પસંદ કરીને 'સહુલ કુરાન - કુરાનસાર' નામક પુસ્તક તૈયાર કર્યું. જેમ બાદશાહ ઔરંગઝેબના શાહજાદા દારાએ ભગવદ્ ગીતાનું ફારસીમાં રૂપાંતર સદીઓ પૂર્વે કરેલું તેમ વિનોબાએ કુરાનની આયતોનું સંસ્કૃતમાં જે રૂપાંતર કર્યું છે તેનો એક નમૂનો -

**दयालुः दानवान कर्ता सुरूपः सुप्रकेतनः, सर्वशक्ति : स्वतंत्रेच्छः मनोवाचामगोचरः । निष्ठा त्यागः तपश्चर्या धैर्य मद्भक्ति लक्षणम् सत्संगः क्षणिको भावः वैराग्यं च तदुद्भवम् । सत्यधीरः वदेद् वाक्यम् सत्यं शिवमनिंदनम् न्यायंरक्षेत परमन्याया त् करूणैव**

गरीयसी। अस्वादः वासना शुद्धि अस्तैयं मितसंग्रहः दानं शिवानुसंधानं नीतिशचार पालनम्॥

એક હિંદી કવિએ કહ્યા મુજબ : ''વિનોબા સમગ્ર દુનિયાને પ્રજ્વલિત કરવાની ક્ષમતા ધરાવે તેવી સર્વોદયની જ્યોતિ છે.''

તેમના બાળપણમાં તેઓ ગાગોદા નામના પોતાના વતનમાં માતા સાથે રહેતા હતા અને ત્યારે પિતાજી વડોદરામાં નોકરી કરતા હતા અને જ્યારે વડોદરાથી વતનમાં જતા ત્યારે બાળકો માટે કંઈ ને કંઈ લઈ આવતા. એકવાર તેમના પિતાજી આવ્યાનું જાણી તેઓ જાણે મીઠાઈ લઈ આવ્યાનું માની દોડતા તેમની પાસે ગયા. તે વખતે તેમના પિતાજીએ એક પૅકેટ તેમના હાથમાં આપ્યું. તે ઉઘાડીને જોયું તો તેમાંથી બે પુસ્તકો નીકળ્યાં - બાળરામાયણ અને બાળમહાભારત. એ જોઈ માતાએ કહ્યું : ''પિતાજી, તારા માટે જે લાવ્યા છે તેનાથી વધારે સારી મીઠાઈ બીજી કોઈ હોઈ જ ન શકે.'' તે વખતથી તેમને સારાં પુસ્તકોની જે લગની લાગી હતી તે જીવનભર રહેવા પામી.

• • •

## બાળસાહિત્યકાર હરીશ નાયક

ગુજરાતના જાણીતા બાળસાહિત્યકાર શ્રી હરીશ નાયકને તેમની આર્થિક ભીંસના ઈ.સ. ૧૯૭૫ના સમય દરમ્યાન એક પ્રકાશકે વિદેશી કામુક લેખનસામગ્રી આપી તે ઉપરથી રંગીલું પુસ્તક લખી આપવા લલચાવી ખૂબ મહેનતાણું આપવા જણાવ્યું હતું ત્યારે તેમણે એમ કરવાની ના પાડી હતી.

એ વખતે પ્રકાશકે કહેલું : ''જમાનાને જાણો. કમાણી તો આવું લખવામાં જ છે. તમે કહેશો તે મહેનતાણું તમને આપીશ.''

પ્રકાશકને જવાબમાં ત્યારે તેમણે સાફ સંભળાવી દીધું હતું : ''કમાણી હશે, પણ એમાં સમાજને કેટલું બધું નુકસાન થાય તે હું જાણું છું. તેથી જ મારે તે કરવું નથી. અને મારું માનો તો આવું ગંદું પ્રકાશન તમેય જિંદગીમાં કદી કરશો નહિ. મારા ઉપર અને જગત ઉપર તે રીતે મોટો ઉપકાર થશે.''

• • •

# શિક્ષણ અને સમાજ

## ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે એકવાર કહેલું : ''મારી તો ખૂબ ઇચ્છા હતી કે વધુ ભણું, પણ એ ક્યાં બન્યું ? વહેવારમાં પડ્યો એટલે જરાય સમય મળ્યો નહિ.''

આમ છતાં એમનામાં કેટલાક સદ્‌ગુણો હતા. પહેલો સદ્‌ગુણ તે વિદ્યાનુરાગ. બીજો ગુણ દયા. સર્વે જીવો ઉપર દયા. વાછરડાંને તેમની માનું દૂધ મળતું ન હતું એ જોઈને તેમણે પોતે દૂધ પીવાનું બંધ કરી દીધું હતું. તેઓ ઘોડાગાડીમાં બેસતા નહિ, કારણ કે ઘોડા પોતાનું કષ્ટ બોલીને કહી શકતા નથી. એકવાર તેમણે જોયું કે એક મજૂર કૉલેરા રોગથી પીડાતો રસ્તામાં પડેલો છે અને બાજુમાં તેનો ટોપલો પડેલો. એ જોઈને પોતે તેને ઊંચકીને ઘેર લઈ ગયેલા અને તેની સેવામાવજત કરવા લાગેલા. તેમનો ત્રીજો ગુણ સ્વતંત્રપ્રિયતા. તેઓ સંચાલકોની સાથે સહમત ન થવાથી સંસ્કૃત કૉલેજના આચાર્યનું પદ તેમણે છોડી દીધું હતું. તેમનો ચોથો ગુણ હતો લોકમત પ્રત્યે બેપરવાઈ. એક શિક્ષક ઉપર તેમને સ્નેહ હતો એટલે તેની દીકરીનાં લગ્ન પ્રસંગે કન્યાને માટે સાડી લઈને તેને ઘેર જઈ તે ભેટ આપી આવેલા. તેમનો પાંચમો ગુણ માતૃભક્તિ

અને સંકલ્પબળ. તેમની માએ કહ્યું હતું : ‘‘બેટા ઈશ્વર, જો તું આ ભાઈનાં લગ્નમાં નહિ આવે તો મને મનમાં બહુ જ દુઃખ થશે.’’ એટલે છેક કલકત્તાથી ચાલીને પોતાના વતનના ઘેર ગયેલા. એ વખતે વચમાં દામોદર નદી આવી હતી. તે વખતે ત્યાં હોડી પણ ન હતી. એટલે તે તો તરીને નદીના સામે કાંઠે ગયા હતા અને એવાં ભીનાં કપડે લગ્નની રાતે જ વીરસિંહ ગામે માની પાસે હાજર થઈ જઈ કહ્યું હતું : ‘‘મા ! હું આવી પહોંચ્યો છું.’’ આવા સદ્‌ગુણી હતા તે.

બચપણમાં એકવાર તેમણે માતા સમક્ષ ભણીગણીને તેની સેવા કરવાની તથા સરસ કપડાં દાગીના આદિ લઈ આપવાની ઇચ્છા દર્શાવી હતી ત્યારે ભાવનાશાળી તેમની માતાએ કહેલું : ‘‘બેટા ઈશ્વર, દાગીના રૂપે આપણા ગામમાં પાઠશાળા અને દવાખાનું ખોલી લોકોની સેવા કરજે. એ જ મારાં સાચાં અને સારાં દાગીનાં અને ઘરેણાં છે.’’ અને ખરેખર મોટા થયા પછી તેમણે માતાની ઇચ્છા પરિપૂર્ણ કરી હતી.

એકવાર તેમણે પોતાની માતા માટે ઠંડીની ઋતુમાં ગરમ શાલ મોકલી હતી. પછી જ્યારે તેઓ ગામ ગયા ત્યારે એ શાલ એવી ને એવી ઉપયોગ વિનાની પડેલી જોઈને તેમણે માતાને એ વિશે પૂછ્યું તો માતાએ જણાવ્યું : ‘‘દીકરા, મારા ગામના કેટલાક લોકો ઠંડીથી બચવા ગરમ શાલ કે કપડાં મેળવી શકતા નથી ત્યારે હું તે કેવી રીતે વાપરી શકું ?’’

એ જાણ્યા પછી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે કલકત્તા જઈને પોતાના ગરીબ ગામવાસીઓ માટે અસંખ્ય ગરમ શાલ મોકલી આપી અને એ ગામવાસીઓને વહેંચવામાં આવ્યા પછી જ એમની માતાએ ગરમ શાલ પોતે વાપરવા માંડી. તેમને માતા માટે એટલો બધો પૂજ્ય ભાવ હતો કે તેમને મળવા માટે જવા કાજે નોકરીમાંથી રજા ન મળતાં તેમણે રાજીનામું આપી દીધું હતું.

એક મુલાકાતમાં સ્વામી રામકૃષ્ણ પરમહંસે તેમને 'વિદ્યાસાગર'નું બિરુદ આપ્યું હતું ત્યારે તેમણે જણાવેલું : ''સ્વામીજી, સાગર તો ખારો હોય છે.'' તેના પ્રત્યુત્તરરૂપે સ્વામીજીએ કહેલું હતું : 'પણ, એ જ સાગરમાં તો મોંઘાં માણેકમોતી અને રત્નો પણ હોય છેને ?''

• • •

## પંડિત મદનમોહન માલવીયજી

બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના સ્થાપક પંડિત મદનમોહન માલવીયજી 'લીડર' નામનું અખબાર પણ ચલાવતા હતા. એ માનતા હતા : ''સીધા સરળ શબ્દોમાં વાચક સમક્ષ બધી વાત પત્રકારે નીતિનિર્ભીક બનીને રાષ્ટ્રોત્થાનની ભાવનાથી રજૂ કરવી જોઈએ. એમાં સમાજસુધારક અને સદ્‌ભાવ પરાયણતા તથા સહિષ્ણુતાની દૃષ્ટિ પણ હોવી જોઈએ.''

એકવાર એ દૈનિક બંધ કરવું પડે એવી આર્થિક કટોકટી ઊભી થઈ ત્યારે એને ચાલુ રાખવા માટે એમણે ભંડોળ ઊભું કરવા માટે લોકો સમક્ષ ઝોળી ધરવાનો નિર્ણય કર્યો. તે વખતે સૌ પ્રથમ એમણે પોતાનાં પત્ની પાસે ઝોળી ધરતાં તેમણે કહેલું : ''રખે એમ માનો કે તમારા ચાર જ પુત્રો છે. તમારો પાંચમો પુત્ર એ 'લીડર' અખબાર આજે મરણશય્યા ઉપર પડ્યો છે. એને શી રીતે મરવા દેવાય ? માટે પહેલાં તમે આપો.''

ત્યારે તરત જ પત્ની કુંદનદેવીએ પોતાનાં સઘળાં ઘરેણાં વેચીને એની કિંમત પેટે મળેલા રૂપિયા સાડા ત્રણ હજાર એ ઝોળીમાં અર્પણ કરી 'લીડર'ને ટકાવી રાખ્યું.

• • •

# દાદા ધર્માધિકારી

ચુસ્ત ગાંધીવાદી સર્વોદય વિચારક દાદા ધર્માધિકારીએ એકવાર કોઈકને કહેલું : ''કોઈનોય વિચાર ન માનો. કોઈ વિભૂતિ યા મહા-પુરુષના વિચાર માન્ય ન કરો. તમારા પોતાના વિચાર હોવા જોઈએ. કોઈ પણ સંઘ કે સંગઠનની વિચારણાને ન સ્વીકારી લો. તમારી બુદ્ધિ સદા વિચાર કરવા માટે ખુલ્લી રહેવી જોઈએ અને તે એવી વિનમ્ર બુદ્ધિ કે જેને કોઈ પણ પ્રકારનો આગ્રહ ન હોય.

મારો અનુભવ છે કે અન્નની ભૂખ પણ કદી કદી સ્નેહથી સંતોષાય છે. મારી પાસે જે હતું તે હું પ્રભુના ચરણોમાં સમર્પિત કરવા ચાહતો હતો. હું માત્ર ક્રાંતિનું બ્યૂગલ ફૂંકી શકતો હતો અને તે મેં ફૂંક્યું. જીવન નિરાપદ હોય, નિરામય હોય, મૃત્યુ પણ એટલું સુખદ અને વેદનારહિત હોય - એને જ સ્વાભાવિક સ્થિતિ માનવી જોઈએ. જગત અને જીવન મારા પ્રિય વિષય છે. સહજીવન બે વ્યક્તિઓના સંયુક્ત અને પરસ્પરાભિમુખ જીવનનું નામ છે. અર્થાત્ શરીરની સાથે મન - હૃદય પણ હોવાં જોઈએ. મનપૂર્વક જ્યાં બે વ્યક્તિ રહે ત્યાં શરીર ગૌણ બની જાય, સહજીવનમાં મૈત્રી મુખ્ય હોય.''

તેમની આત્મકથા 'મનીષી કી સ્નેહગાથા' માં લખ્યા મુજબ એક વખત તેમના વિદ્યાર્થીકાળમાં તેમણે લોકમાન્ય તિલકને રમૂજી પ્રશ્ન પૂછ્યો હતો - 'લોકમાન્ય થવા માટે શું કરવું જોઈએ ?' એના જવાબમાં લોકમાન્ય તિલકે કહ્યું હતું - ''લોકમાન્ય બનવા માટે એક જ રસ્તો છે અને તે એ કે લોકમાન્ય બનવાની આકાંક્ષા છોડી દો.''

એક પ્રસંગે તેમના વિરોધીઓએ એમની હત્યા કરવા માટે એક પહેલવાનને રોક્યો હતો. એની તેમને જાણ થતાં તેઓ તો એકવાર મોડી રાતે એ પહેલવાનને ઘેર પહોંચી ગયા અને તેને ઊંઘમાંથી ઉઠાડીને

જણાવ્યું : ''લે મને મારી નાંખ. મેં આપઘાત કર્યો છે તેવી ચિઠ્ઠી લખીને અહીં હું મારી સાથે લાવ્યો છું. એટલે તને કંઈ જ નહિ થાય.''

એ સાંભળી એ પહેલવાન તો આભો જ બની ગયો અને તેમનો તે જીવનભર મિત્ર બની ગયો.

તેઓ વર્ધામાં રહેતા હતા ત્યારે એકવાર કેટલાક કિશોરોએ રમવા - વાંચવા - વિચારવા માટે એક મંડળ જે બનાવેલ તેનું નામ પાડી આપવા તેમને વિનંતી કરી હતી ત્યારે તેમણે કહેલું : ''એ મંડળનું નામ ઘનચક્કર મંડળ રાખો. તમે બધા વહાલુડાઓ ઘનચક્કર જ છોને ?''

આની જાણ ગાંધીજીને થઈ ત્યારે તેમણે કહ્યું હતું : ''હું એ મંડળનો પ્રમુખ બનીશ, કેમ કે હું પોતે પણ એક ઘનચક્કર જ છું.'' ત્યારે ગાંધીજી પાસે તે વખતે બેઠેલા આચાર્ય કૃપલાણીએ ઉદ્‌ગાર કાઢેલા - ''અને હું પણ કાંઈ ઓછો ઘનચક્કર નથી. હું એ મંડળનો ઉપપ્રમુખ બનીશ.''

• • •

## સાને ગુરુજી

આધુનિક મહારાષ્ટ્રના સંત ગણાતા પાંડુરંગ સદાશિવ સાને ઉર્ફે સાને ગુરુજી જીવનભર અપરિણીત રહીને વિવિધ ક્ષેત્રે રાષ્ટ્રસેવામાં મંડ્યા રહ્યા હતા.

તેમણે એકવાર કંટાળી જઈને વિનોબા ભાવેને લખેલું : ''ક્યાંક ભગવાન મેળવવા માટે બેસી જવાનું મન થાય છે.'' ત્યારે તેના જવાબમાં વિનોબા ભાવેએ લખેલું : ''ક્યાં જશો ? તીર્થક્ષેત્રોનું પાવિત્ર્ય તો રહ્યું નથી અને ઈશ્વર આપણી આજુબાજુ ક્યાં નથી ? આપણી આસપાસના લોકો એ જ પરમેશ્વર એવી મારી ભાવના ન હોત તો હું

ક્યારનોય હિમાલય પહોંચી ગયો હોત.''

ઈ.સ. ૧૯૪૮ની ૧૫ ઑગસ્ટે તેમણે 'સાધના' નામનું સાપ્તાહિક શરૂ કર્યું હતું. તેના પહેલા અંકમાં આત્મનિવેદનરૂપે તેમણે લખેલું :

''સ્વરાજ્ય આવ્યું.'' ગાંધીજીએ ગયા વર્ષે કહ્યું : ''સ્વરાજ્ય આવ્યું એમ કહે છે, પણ મને તો એ દેખાતું નથી.'' ભાઈ ભાઈનાં ગળાં કાપે એ શું સ્વરાજ્ય ? સ્વરાજ્ય એટલે શું માણસાઈનો અસ્ત ? સંસ્કૃતિને તિલાંજલિ ? સ્વરાજ્યનાં મહાન સાધનો વડે આપણે સ્વાતંત્ર્યને પોષવાનું છે, વિકસાવવાનું છે. સંસ્કૃતિ સમૃદ્ધ બનાવવાની છે. એ સારુ અખંડ સાધના જોઈએ. જીવનનાં બધાં ક્ષેત્રોમાં, સર્વ પ્રકારના વ્યવહારમાં સાધકની વૃત્તિથી જ વર્તવાની મથામણ કરવી જોઈએ. એને જ પુરુષાર્થ કહે છે.

આપણા દેશમાં અનેક પ્રાંતો, અનેક ભાષાઓ, અનેક જાતિ - ઉપજાતિઓ, અનેક ધર્મોનો સંગમ છે. આજે જો આપણે સાચી સંસ્કૃતિ વિકસાવવા માંગતા હોઈએ તો એકબીજા સાથે હળીમળીને, એકબીજા આગળ નમતું જોખીને જ વર્તવું પડશે. વેરબુદ્ધિનો અભાવ અને વિષમતાનો નાશ એ સ્વરાજ્યનાં બે લક્ષણો છે. સ્વરાજ્યનાં આ બંને લક્ષણો આપણે સંપૂર્ણપણે સિદ્ધ કરવાં પડશે.''

વળી, ૧૯૧૮માં ગાંધીજીએ પ્રાર્થના પ્રવચનમાં કહેલું : ''આપણા શાસ્ત્રમાં કહ્યું છે કે જ્યાં અન્યાય પ્રવર્તી રહ્યો હોય ત્યાં શુદ્ધ માણસ જીવી જ ન શકે. મને દિવસે દિવસે દુનિયામાં દંભ એટલો બધો લાગતો જાય છે કે મને એમ ઘણીવાર થાય છે કે હું અહીં જીવી જ ન શકું.''

• • •

# વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇંદ્રજી

ભારતના અગ્રણી વનસ્પતિશાસ્ત્રીને ગરવા ગુજરાતી શ્રી જયકૃષ્ણ ઇંદ્રજીએ વનસ્પતિશાસ્ત્રના સંશોધનને દેશહિતનું કામ ગણ્યું હતું. તેમણે લખેલું 'વનસ્પતિશાસ્ત્ર' નામનું પોતાનું પુસ્તક પત્નીનાં ઘરેણાં વેચીને છપાવ્યું હતું. એમાં ૬૧૧ વનસ્પતિઓનું અભ્યાસપૂર્વકનું વર્ણન તેના ઉપયોગદર્શન સાથે થયેલું છે. વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ કરવાની તક આપવા બદલ પોરબંદરના મહારાજાને તેમણે એ પુસ્તક અર્પણ કર્યું છે.

કેટલાકે વધુ કમાવાની દૃષ્ટિએ એ પુસ્તક અંગ્રેજીમાં લખવા તેમને સૂચવેલું, પણ એમણે ના પાડતાં ત્યારે કહેલું : ''આ પુસ્તક અંગ્રેજીમાં છપાવું તો એની ઘણી નકલ ખપી જાય અને મને ઘણા પૈસા મળે એ હું જાણું છું, પણ હું વેપારી નથી કે માત્ર નફાનુકસાનનો જ વિચાર કરું. વિલાયતના લોકો હજારો માઈલ દૂર રહીને આપણા દેશની વનસ્પતિને ઓળખે અને આપણા પગ તળે કુટાતી વનસ્પતિને આપણા દેશવાસીઓ ન ઓળખે એ કેવું શરમાવા જેવું ? પણ આપણા દેશનો એક માણસ પણ મારું પુસ્તક રસથી વાંચશે અને લાભ ઉઠાવશે તો હું મારી મહેનત સફળ થયેલી માનીશ.'' એવી તેમની દેશભક્તિ અને વિદ્યાદૃષ્ટિ હતી.

વનસ્પતિ માટે તેઓ પોરબંદર રાજ્યનો બરડો ડુંગર ખૂંદી વળ્યા હતા. પોરબંદર રાજયની નોકરી દરમ્યાન તેમણે ત્રણ બોધપાઠ ગ્રહણ કરેલા હોવાનું જણાવ્યું છે - (૧) જાતે કામ કરવું (૨) બીજાઓ જે કામ કરે તેનું સૂક્ષ્મ અવલોકન કરવું (૩) જે કામ કરવું તે નિયમિત અને વ્યવસ્થિત પદ્ધતિસર કરવું.

• • •

# દાદા પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજી

લાખો લોકોને સ્વાધ્યાયનો રંગ લગાડનાર ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા દાદા પાંડુરંગ આઠવલેને તેમની વિદ્વત્તા જોઈને ૧૯૫૩ના અરસામાં જાપાન ખાતે યોજાયેલ વિશ્વધર્મ પરિષદ વેળાએ અમેરિકાએ પોતાની યુનિવર્સિટીમાં ભવ્ય આવાસ અને શોફર સાથેની વાતાનુકૂલ કાર સહિત મહિને રૂ. ૫૦ હજાર રૂપિયાના દરમાયાથી પ્રાચીન વિદ્યાસંસ્કૃતિ વિભાગના વડા તરીકે કામ કરવા ઑફર કરી હતી, પણ તેમણે દેશભક્તિ અને નિસ્પૃહવૃત્તિથી પ્રેરાઈને એ ઑફરનો સવિનય અસ્વીકાર કરેલો હતો.

એ જ રીતે ભારતીય વિદ્યાભવનના સ્થાપકને ગુજરાતની અસ્મિતાના હિમાયતી ડૉ. ક. મા. મુનશીએ એમને પોતાને ત્યાં સંસ્કૃત મહાવિદ્યાલયના વડા તરીકે કામ કરવા કહેણ મોકલ્યું હતું ત્યારે પણ એમણે એનો અસ્વીકાર કરેલો હતો, કેમ કે પગારદાર નોકરી કરવી એમને પસંદ નથી.

અયાચક વ્રતના દૃઢ ઉપાસક તેમણે થાણામાં તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની સ્થાપના વખતે જરૂર મુજબ એમણે પોતાનું ઘર અને પત્નીનાં ઘરેણાંય વેચી નાંખ્યાં હતાં. એ કહે છે : ‘‘હું કોઈ ફળની આશા રાખ્યા વિના ઈશ્વરનું કામ કરું છું. મારો એમાં કોઈ અંગત સ્વાર્થ કે હેતુ નથી. તો હું શા માટે કોઈ પાસે હાથ લાંબો કરું ? મારું કામ કદી અટકશે નહિ, કારણ કે એ ભગવાનનું કામ છે. દાન આપનાર અજાણતામાં પણ અહંકાર અનુભવે છે અને લેનાર દીનતા અનુભવે છે, એટલે દાન સ્વીકારતો નથી.’’ આ દૃષ્ટિએ એમના ચાહક ઉદ્યોગપતિએ સહી કરીને મોકલેલા કોરા ચેક પણ એમણે પાછા મોકલ્યા છે.

એમણે સુબોધ રીતે ‘ગીતાસાર’ તારવીને કહ્યું છે : ‘‘કામ કરતો

જા. હાક મારતો જા. મદદ તૈયાર છે. હતાશ થઈશ નહિ. પ્રયત્ન છોડીશ નહિ. જે થયું તે સારું થયું. જે થઈ રહ્યું છે તે પણ સારું થઈ રહ્યું છે. જે થવાનું છે તે પણ સારું હશે. તેં શું ખોયું છે કે રડે છે ? તું શું લઈને આવેલો જે ગુમાવ્યું છે ? તેં શું પેદા કર્યું જે નાશ પામ્યું છે ? તેં જે મેળવ્યું તે અહીં સમાજમાંથી મેળવ્યું, જે આપ્યું તે અહીં જ આપ્યું, જે આજે તારું છે તે ગઈ કાલે બીજાનું હતું અને આવતી કાલે કોઈ બીજાનું થઈ જશે. ધર્મ એટલે સંનિષ્ઠ કર્તવ્યપાલન, માનવતા અને પ્રભુ પરાયણતા.''

એમનો જીવનસંદેશો છે - *'Be good and do good'*. સારા બનો અને સારાં કાર્યો કરો.''

એક બીજા પ્રસંગે તેમણે ભૌતિકવાદી સંસ્કૃતિનું આક્રમણ નિવારવા જણાવેલું : ''લોકોને મનુષ્ય હોવાનું ગૌરવ લેતા કરી દો. આજે વ્યક્તિગત જીવનમાં માણસ 'માણસ' નથી રહ્યો. સામાજિક જીવનમાં પણ 'માણસ' નથી રહ્યો. આપણે અસલ માણસ પાછો ઊભો કરવાનો છે. એટલા માટે જ મનુષ્ય ગૌરવ દિન ઊજવવાની જરૂર છે. આવું માનવગૌરવ ભક્તિથી જ થશે. પૈસો, પદ, પ્રતિષ્ઠા, સત્તા વગેરેને બદલે માણસનું માણસ તરીકેનું મહત્ત્વ અને મૂલ્ય સ્વીકારવામાં આવે તો જ સમાજ અને દેશ તથા જગતની સઘળી સમસ્યાઓ ઉકેલી શકાશે.''

• • •

## જોગીદાસ ખુમાણ

સુપ્રસિદ્ધ બહારવટિયા જોગીદાસ ખુમાણ એકવાર એક ગામના બજારમાંથી ઘોડા ઉપર બેસીને પસાર થતા હતા. ત્યાં એક કોડભરી કન્યાએ એમનો ઘોડો ઊભો રખાવ્યો અને તેમને જણાવ્યું : ''મારે તમારી સાથે લગ્ન કરવાં છે.''

જોગીદાસ જેનું નામ, તેઓ તો આવી વાતથી દૂર રહેનારા, એટલે તેમણે તો તરત જ નજર ફેરવી લઈને ઘોડો એકદમ ઝડપથી આગળ દોડાવ્યો અને પોતાને મુકામે પહોંચી ગયા. ત્યાં જઈ તેમણે પોતાના માણસોને મોકલીને બજારમાંથી મરચાંનો અડધો શેર મસાલો મંગાવ્યો. પછી એ મુઠ્ઠી ભરી ભરીને પોતાની આંખોમાં મરચું નાંખવા માંડ્યું.

એ વખતે એમના સાગરીતોએ તેમના હાથ પકડી લઈને તેમને તેમ કરતાં અટકાવ્યા, કેમ કે એમ કરે તો આંધળા જ થઈ જાય.

માથે ફાળિયું ઓઢી મોઢું સંતાડીને આંખમાં મરચું નાંખવાથી આંખોમાં બળતરા ઊપડવા માંડી, પણ પછી સાગરીતોએ અટકાવ્યાથી એમની આંખો બચી ગઈ.

એ અંગે પૂછતાં તેમણે ત્યારે જણાવ્યું : ‘‘મને આજે રોકશો નહિ. બીજો કોઈ ઉપાય નથી. મારા નેક-ટેક ઓગળવાં બેઠાં છે. કૂતરાને મોતે મરવું પડે એવું થયું છે. આજે મારી પુત્રી સમાન એક જુવાન દીકરીએ મારી સામે વાસનાની નજરે જોયું છે. એની વાસનાનું ઝેર મને ચડી ગયું હોય તો આંખોમાંથી નિચોવી કાઢવું છે, વાસનામાંથી છૂટવું અને ચારિત્ર્યશીલ રહેવું એ તો ખરાખરીનાં ખેલ છે.’’ સ્ત્રીદાક્ષિણ્યની આવી ઉમદા ભાવના એમની હતી.

• • •

# રાજામહારાજા

## મહારાજા ભરત

જૈન આગમોમાં દર્શાવ્યા મુજબ ચક્રવર્તી મહારાજા ભરત રાજપાટના અપાર વૈભવવિલાસ વચ્ચે પણ અનાસક્ત વૈરાગી અવસ્થામાં

જ જીવન વ્યતીત કરતા હતા. એ અંગે લોકો વિસ્મય અનુભવતા હતા. એ પૈકી એક બ્રાહ્મણે એમની પાસે જઈ આ અંગેનું રહસ્ય જાણવા ઇચ્છયું ત્યારે એ મહારાજાએ કહ્યું : ''તમારે છલોછલ તેલથી ભરેલો એક વાડકો હાથમાં લઈને મારા અંતઃપુરના એક એક ખંડમાં જવાનું, દરેક રાણીને જોવાની અને પછી પાછા આવીને તે સમગ્ર અંતઃપુરની રાણીઓમાંની સુંદર રાણી કઈ તે કહેવાનું અને એ અંતઃ પુરની વિશિષ્ટતા મને જણાવવાની છે, પણ એ બધું કરતી વખતે તમારા હાથમાં રહેલ છલોછલ તેલથી ભરેલા વાડકાનું એક પણ ટીપું બહાર જમીન ઉપર ઢોળાવું ન જોઈએ. એ જો ઢોળાશે તો તમારી પાછળ ઉઘાડી તલવારે આવનાર બે સૈનિકો તમારું માથું ધડથી જુદું કરી નાંખશે. આ શરત જોકે તમને આકરી લાગશે, પણ જે અંતઃપુરમાં રાજા સિવાય કોઈનેય પ્રવેશ નથી મળતો તેમાં તમે પ્રવેશ કરી શકશો અને અતિશય સુંદર એવી રાણીઓનું દેવોનેય દુર્લભ એવાં સૌંદર્યનું દર્શન તમે કરી શકશો.''

મહારાજાની આ શરત મુજબ એ બ્રાહ્મણ તો છલોછલ તેલવાળો કટોરો હાથમાં લઈને અંતઃપુરમાં જવા નીકળ્યો અને તેની પાછળ ખુલ્લી તલવારે બે સૈનિકો પણ જવા લાગ્યા. ત્યાં જઈ આવ્યા પછી મહારાજા ભરતે તે બ્રાહ્મણને સૌથી સુંદર રાણી તથા અંતઃપુરની વિશિષ્ટતાની બાબતમાં તેને પૂછ્યું ત્યારે એ બ્રાહ્મણ બોલ્યો :

''રાજા ! આપ કઈ રાણીની વાત કરો છો ? રાણીઓ ક્યાં હતી ? કેવી હતી ? કેટલી હતી ? એ મને કંઈ દેખાયું નથી. મેં તમારું અંતઃપુર જોયું જ નથી તો તમને તેની વિશિષ્ટતા શી રીતે કહી શકું ? હું હાથમાંના તેલથી ભરેલા કટોરાને જ જોયા કરતો હતો અને એ જોતો જોતો જ અહીંથી ગયો અને પાછો આવ્યો. વચમાંનું કંઈ જ મને જોવાજાણવા મળ્યું નથી. મેં તો તેલથી ભરેલા કટોરામાં મારા મોતનું પ્રતિબિંબ જ

સૈનિકોની કૂચકદમના ડગલે ડગલે જોયાં કર્યું છે. અંતઃપુર, તેમાં થતું નૃત્ય, તેમાં બિરાજેલી રાણીઓની સુંદરતા આદિ કશું જ મેં નથી જોયું. મને તો મારા મોતનું તાંડવ જ દેખાતું હતું.''

તે સાંભળી રાજા ભરતે કહ્યું : ''બ્રાહ્મણદેવ, આ જ મારા અનાસક્ત વૈરાગી જીવનનું રહસ્ય છે. આટલાં રાજવૈભવ અને મોજીલા વાતાવરણમાં અમને સતત મૃત્યુનું સ્મરણ થયા કરતું હોવાથી આ વૈભવી જીવનમાંના વાસનાના કાદવ કીચડ મને સ્પર્શતા નથી અને તેની વચ્ચેય જલકમલની જેમ અલિપ્ત રહી સિંહાસને બેઠા છતાં કમળ જેવું જીવન નિર્લેપ ભાવે જીવી શકું છું અને કર્તવ્યો બજાવી રહું છું. આ બધી માયા મારામાં વિકાર પેદા કરી શકતી નથી અને આત્માનું અનુસંધાન રાખી દિવ્યતા ધારી શકું છું.''

એ જાણી વિપ્ર સંતુષ્ટ થઈ ગયો.

• • •

## સમ્રાટ નેપોલિયન

ફ્રાંસના સમ્રાટ નેપોલિયન બોનાપાર્ટ એકવાર પોતાની પત્ની સાથે સાંજના ટહેલવા નીકળ્યા હતા. એ વખતે તેઓ બંને એક સાંકડી ગલીમાં આવી ગયાં. એ ગલીની સામી બાજુથી એક કઠિયારો માથા ઉપર લાકડીનો ભારો લઈને આવતો હતો.

કઠિયારો નેપોલિયનને ઓળખતો ન હતો. અને એ તો એની ધૂનમાં ચાલ્યો આવતો હતો. એને આવતો જોઈને સમ્રાટ નેપોલિયને રસ્તાની એક બાજુએ ખસી જઈને એને જવાનો રસ્તો આપ્યો. તથા પોતાની પત્નીને પણ એમ કરવા ઈશારો કર્યો.

નેપોલિયનના ઈશારા મુજબ પત્ની તો રસ્તાની એક બાજુએ

ખસી ગઈ, પણ તેના રોફીલા અને ઘમંડી સ્વભાવને એ પસંદ ન પડ્યું. તેથી એણે નેપોલિયનનો આવું કરવા બદલ ઊઘડો લીધો.

ત્યારે પત્નીની વાત તરફ નારાજી દર્શાવીને નેપોલિયને કહ્યું : ‘‘તને શ્રમના મહત્ત્વની જરાય સમજ નથી. તેથી તું સત્તા અને વૈભવ સમક્ષ શ્રમને તુચ્છ સમજે છે, પણ ધ્યાનમાં રાખ કે શ્રમનો મહિમા સમ્રાટના મહિમા કરતાં ઘણો વધારે મહત્ત્વનો છે.’’

બીજા એક પ્રસંગે તેના મિત્રોએ તેને પૂછ્યું : ‘‘તમારા કયા પૂર્વજોનો તમે ગર્વ લઈ શકો ?’’ તેના જવાબમાં તેણે જરાય શરમાયા વગર કહ્યું : ‘‘હું જ પૂર્વ જ છું અને મારા વારસદારો એમના પૂર્વજ તરીકે મારે માટે ગર્વ કરશે.’’

એકવાર પુસ્તકાલયમાં ઊંચી જગ્યાએ રખાયેલ એક પુસ્તક લેવા માટે એમનાથી પહોંચાતું ન હોવાથી ત્યાંથી પસાર થતાં એમના લશ્કરી સેનાપતિએ કહ્યું : ‘‘સમ્રાટ, હું આપનાથી ઊંચો છું. આપને મદદ કરી પુસ્તક ઉતારી આપું?’’

ત્યારે ઝીણી કડક નજરે જોઈ નેપોલિયને કહેલું - ‘‘તમારો આભાર સેનાપતિ ! તમે મને મદદ કરી શકો છો, પણ એક વાત સમજી લો ! તમે મારાથી ઊંચા નથી, પણ લાંબા છો.’’

• • •

## સમ્રાટ સિકંદર

એકવાર સમ્રાટ સિકંદર હિંદુસ્તાન જીતવાનો વિચાર પડતો મૂકીને પોતાના સૈન્ય સાથે પોતાના વતન તરફ પાછો ફરી રહ્યો હતો ત્યારે તેની તબિયત એકદમ બગડવા પામી અને તે ગંભીર અસાધ્ય માંદગીમાં સપડાયો હોઈ રાજવૈદ્યોએ તેને લાચારીથી કહી દીધું હતું :

''સમ્રાટ, આપ ઘેર પહોંચી શકો એમ લાગતું નથી. આ જીવલેણ માંદગીમાંથી આપ બચો એમ લાગતું નથી, એટલે આખરી સૂચનાઓ જે આપવી હોય તે આપી દો.''

ત્યારે સિકંદરને પોતાની માતાને જલદી મળવાની ઇચ્છા હોવાથી તેણે રાજવૈદ્યોને વિનંતી કરી : ''મારી માતાને મળી શકું એટલો જીવનસમય મને ગમે તે હિસાબે મળે એમ કરો, વૈદ્યરાજ ! એના બદલામાં આપને મારું અડધું સામ્રાજ્ય આપવા તૈયાર છું.''

પણ જવાબમાં રાજવૈદ્યોએ લાચારી દર્શાવી ત્યારે સિકંદરે નિરાશ થઈને કહ્યું : ''અરે ! એમ છે. ત્યારે જે સામ્રાજ્ય મને મારું જીવન થોડું પણ લંબાવી આપવામાં મદદરૂપ ન થઈ શકે તો તેનો શો અર્થ અને તેનું શું મહત્ત્વ ? થોડા શ્વાસો પણ જે સામ્રાજ્ય ન અપાવી શકે તે જીતવા માટે જીવનના કેટલા બધા શ્વાસ મેં ખર્ચ્યા. એ તો ખોટનું કામ જ કર્યું ગણાય.'' એટલું કહેતામાં તો તેની આંખ કાયમ માટે મીંચાઈ ગઈ.

• • •

## રાજા ચોથા હેન્રી

ફ્રાંસના રાજા, ચોથા હેન્રીનો એક પ્રસંગ નોંધપાત્ર છે. એકવાર તેઓ અંગરક્ષકો સાથે ક્યાંક જઈ રહ્યા હતા. જ્યાં જ્યાં તેમની સવારી જતી હતી ત્યાં ત્યાં લોકો તેમને ઝૂકી ઝૂકીને નમસ્કાર કરતા હતા અને તેમનો જય જયકાર બોલાવતા હતા.

દરમ્યાન એક જગ્યાએ થોડા ભિખારી રાજાની સવારી જોવાની ઉત્સુકતામાં ઊભા હતા. રાજાનું આગમન થતાં જ તેઓ દૂર ખસી ગયા, પણ એક ભિખારી ત્યાં જ પોતાની જગ્યાએ ઊભો રહ્યો. એણે પોતાની ટોપી ઉતારીને રાજાને માન આપ્યું. એના જવાબરૂપે રાજાએ પણ તેનું

અભિવાદન કર્યું.

એ જોઈ રાજાને એક અંગરક્ષકે પૂછ્યું : ''મહારાજ ! ભિખારીએ આપને ઝૂકીને પ્રણામ કર્યા અને આપે પણ તે જ રીતે તેના પ્રત્યે આદર દર્શાવ્યો, પણ ક્યાં આપ અને ક્યાં તે ભિખારી.''

રાજાએ જવાબમાં ધીરા સાદે જણાવ્યું : ''આપણા રાજ્યમાં હજુય ગરીબી રહી છે એ આપણું દુર્ભાગ્ય છે અને વળી ભીખ પણ તેમને માંગવી પડે છે, પણ અભિવાદન કરવું અને જવાબરૂપે એ કરનાર પ્રત્યે પણ આદર દર્શાવવો, એ તો શિષ્ટાચાર છે અને રાજાએ ઓછામાં ઓછું એક ભિખારી જેટલી સભ્યતા તો દાખવવી જ જોઈએને ?'' રાજાના જવાબથી અંગરક્ષકો સડક જ થઈ ગયા.

• • •

## રાજા જેમ્સ

ઇંગ્લૅંડના રાજા જેમ્સ પોતાના રાજ્યનો ખજાનો ભરવા માટે મોટે ભાગે ખિતાબો અને ઇલ્કાબો વેચ્યા કરતો હતો. તે માનતો હતો કે આવા ઇલ્કાબોથી કોઈ વ્યક્તિ મહાન ન બની શકે, પણ તે તો સદ્‌ગુણોથી જ મહાન થઈ શકે છે. આમ છતાં, પોતાના રાજ્યની વ્યક્તિના અહમ્‌ને પોષવા માટે તે ઇલ્કાબોનું વેચાણ કરતો હતો.

એકવાર તેના દરબારમાં એક માણસે આવીને વિનંતી કરી : ''હે રાજા, મને ખિતાબ જોઈએ છે. મને તમે સજ્જનનો ઇલ્કાબ આપીને સાચા અર્થમાં સજ્જન બનાવી દો.''

રાજા જેમ્સ તો આ સાંભળીને ચકિત થઈ ગયો. તેણે કહ્યું : ''ભાઈ, તને ઉત્તમ વર્ષાસન આપી શકું, ઇનામ આપી શકું, ડ્યૂક કે લૉર્ડનો ખિતાબ આપી શકું, પરંતુ તને સજ્જન બનાવવાની મારી શક્તિ

નથી. એક્સેલન્સીના સર્વોચ્ચ ઇલ્કાબથી તને નવાજી શકું, પણ સજ્જનતા મારાથી તને આપી ન શકાય. સજ્જન બનવું હોય તો કોઈ સંતનો સત્સંગ કર. સંતના સાચા સત્સંગ સિવાય જગતમાં સજ્જન બની શકાય નહિ. એ માટે સમર્થ વ્યક્તિ માત્ર સંત જ છે.''

• • •

## સમ્રાટ ફ્રેડરિક

સમ્રાટ ફ્રેડરિક એકવાર સાંજે પોતાની રાજધાનીની બહાર ફરવા નીકળ્યા હતા. તે વખતે એક વૃદ્ધ માણસનો તેને ધક્કો લાગી ગયો, કેમ કે તે રસ્તો સાંકડો હતો અને વળી અંધકાર પણ ત્યારે હતો. પણ ત્યારે રાજા ફ્રેડરિકે ધક્કો લાગતા તે વૃદ્ધને ક્રોધથી પૂછ્યું : ''તમે કોણ છો ?''

જવાબમાં પેલા વૃદ્ધે કહ્યું : ''હું સમ્રાટ છું.''

ફ્રેડરિકને તો નવાઈ લાગી અને તે બોલી ઊઠ્યા : ''તમે સમ્રાટ છો ? કયા દેશ ઉપર તમારું રાજ્ય છે ?''

પેલા વૃદ્ધે શાંતિથી કહ્યું : ''સ્વયં ઉપર. સ્વયં ઉપર જેનું રાજ્ય છે તે જ ખરો સમ્રાટ છે.''

• • •

## સમ્રાટ અશોક

કલિંગના યુદ્ધમાં સમ્રાટ અશોકની જીત થઈ હતી, પણ એમાં થયેલ ભયંકર તારાજી તથા પારાવાર નરસંહાર થયાથી એ સમ્રાટનું અંતર વલોવાઈ અને અકળાઈ ગયેલું. તેમને થયેલો અપાર પસ્તાવો ભૂલવા માટે તેઓ રોજ નગરના બ્રાહ્મણોને દાન આપવા માંડ્યા હતા. એ વખતે તે નગરના બધા બ્રાહ્મણો દાન લઈ ગયા, પણ એક ગરીબ બ્રાહ્મણ દાન લેવા માટે આવ્યો ન હતો.

તેથી સમ્રાટે તે બ્રાહ્મણને બોલાવીને દાન લેવા ન આવવા માટેનું કારણ તેને પૂછ્યું ત્યારે એ બ્રાહ્મણે નીડરતાથી કહ્યું : ''સમ્રાટ, દાન તો એનું થઈ શકે કે જે સંપત્તિ-ધન મેળવવા માટે તમે જાતે પરસેવો પાડ્યો હોય. તમે હાલ જે દાન આપી રહ્યા છો તે તો રાજની સંપત્તિ અને પ્રજાના પરસેવાનો ખજાનો છે. એમાંથી તમે આપો કે ન આપો, એનો કશો અર્થ નથી. તમે જાતે પરિશ્રમ કરીને પરસેવો પાડીને મેળવેલા ધનનું દાન કરો તો તે તમારું દાન કહેવાય. અને તમે સાચા દાનેશ્વરી ગણાવ.''

બ્રાહ્મણની આવી નિર્ભીક સાફ વાતથી સમ્રાટની આંખ ઊઘડી ગઈ અને તેમણે પંદર દિવસ સુધી નહેર ખોદવાના કામમાં જોડાઈને શ્રમ કર્યો અને તે પેટે પંદર સોનામહોર મેળવી.

એ પછીથી તે સોનામહોર લઈને તેઓ પેલા ગરીબ બ્રાહ્મણ પાસે ગયા અને દાન આપવાની ઇચ્છા દર્શાવી ત્યારે એ બ્રાહ્મણે તેમાંથી જરૂર જેટલું દાન ખુશીથી સ્વીકાર્યું.

• • •

## રાજા બિંબિસાર

રાજા બિંબિસારના રાજ્ય અમલ દરમ્યાન રાજ્યમાં દૈવયોગે એક યા અન્ય કારણે અવારનવાર આગની ઘટનાઓ બહુ જ બનવાને કારણે ત્રાસી જઈને રાજાએ આદેશ બહાર પાડ્યો હતો - ''હવે જેને ત્યાં આગ લાગે તેને નગરની બહાર કાઢવામાં આવશે અને તેણે સ્મશાનમાં રહેવું પડશે.''

આદેશ બહાર પડ્યા પછી કર્મસંયોગે રાજા બિંબિસારના રાજમહેલમાં જ અચાનક આગ લાગી. લોકો તો આભા બની ગયા અને રાજા શું કરે છે તે જોવાને આતુર બન્યા.

પણ રાજા બિંબિસાર જેવા કઠોર હતા તેવા જ ચુસ્ત ન્યાયપ્રિય પણ હતા. તેમણે તો કહ્યું : ''ભલે હું રાજા રહ્યો, પણ આદેશ મનેય લાગુ પડે છે. હું કાયદાનો રખેવાળ જ જો કાયદાનો ભંગ કરું તો કેવો દાખલો બેસે ?''

આમ કહીને તેઓ રાજધાની કુશાગ્રપુર અને રાજમહેલ છોડીને નગર બહાર જઈ સ્મશાનમાં રહેવા જતા રહ્યા અને ત્યાં જ રહેવા લાગ્યા. રૈયતના ઘણા પ્રતિષ્ઠિત લોકો અને સત્તાધીશ અધિકારીઓ તેમ જ દરબારીઓ તેમને સમજાવવા ગયા પણ રાજાએ તેમનું કહેવું જરાય ન માન્યું અને કહ્યું : ''હું રાજા થઈને આદેશનો ભંગ કરું તો દુનિયા અને ઇતિહાસ મને સ્વેચ્છાચારી કહી કલંક ચોંટાડશે. રાજા કાયદાથી ઉપર ન હોઈ શકે.''

આ રીતે રાજા બિંબિસાર તો ત્યાં જ સ્મશાનમાં રહેવા લાગ્યા. તેથી રાજધાનીના લોકો પણ પાટનગર છોડી સ્મશાનમાં રાજા સાથે રહેવા માટે જઈ પહોંચ્યા. આમ, પાટનગર ખાલી થઈ ગયું અને સ્મશાન સ્થળે નવું નગર વસી ગયું. એનું નામ 'રાજગૃહ' પાડ્યું.

બિહારમાં આજેય પટણા જિલ્લામાં આ 'રાજગૃહ' નામનું નગર અસ્તિત્વ ધરાવે છે અને 'રાજગીર'ના નામે ઓળખાય છે.

• • •

## શહેનશાહ અકબર

શહેનશાહ અકબરે એકવાર બીરબલને ન્યાય અને સોનામહોર વચ્ચેની તેની પસંદગી વિશે પૂછ્યું તો બીરબલે પોતાની પસંદગી સોનામહોરની હોવાનું જ્યારે જણાવ્યું ત્યારે બાદશાહે તેને 'હલકા ચારિત્ર્ય' નો કહ્યો.

એ વખતે બાદશાહની ઇચ્છાથી સ્પષ્ટતા કરતાં બીરબલે જણાવ્યું : ''જહાંપનાહ ! જેની પાસે જે ચીજની અછત હોય તે ચીજ માંગે છે. તમારા રાજ્યમાં ન્યાય તો દરેકને બરાબર અને ભારોભાર મળે છે. એટલે મને ન્યાયની અછત નથી, પણ અવારનવાર પૈસાની અછત રહે છે. તેથી સોનામહોર ઉપર મારી પસંદગી હોય તે સ્વાભાવિક જ છે.''

બીરબલનો આવો ચતુર જવાબ સાંભળીને પ્રસન્ન થયેલા સમ્રાટ અકબરે તેને બક્ષિસરૂપે એક હજાર સોનામહોર આપી.

• • •

## બાદશાહ ઔરંગઝેબ

ધર્માંધ બાદશાહ ઔરંગઝેબે એકવાર ચિત્રકૂટમાં આવેલા બાલાજી મંદિરને તોડવા માટે સૈનિકોને હુકમ આપ્યો હતો. એ મુજબ તોડવાની તૈયારી કરવા માંડતા સૈનિકોને એકદમ ઝાડા થઈ ગયા અને તે બધા માંદા પડી ગયા. એટલે તે બધા ગભરાઈ ગયા અને તેમણે બાદશાહને મંદિરના પૂજારીની સલાહ લેવા જણાવ્યું. એ મુજબ ઔરંગઝેબે પૂજારીને સલાહ આપવા જણાવ્યું. તો તેણે એ મંદિર ન તોડવા જણાવ્યું. તદનુસાર ઔરંગઝેબે એ મંદિર તોડવાનો પોતાનો હુકમ પાછો ખેંચ્યો. એ પછી તરત જ સૈનિકોને થવા માંડેલા ઝાડા બંધ થઈ ગયા. આ ચમત્કારથી પ્રભાવિત થઈને દિલ્હી ગયા બાદ ઔરંગઝેબે એ મંદિરને બક્ષિસરૂપે કેટલાંક ગામ આપ્યાં હતાં.

• • •

# બાદશાહ હારૂન અલ રશીદ

ઈરાનના બાદશાહ હારૂન અલ રશીદને પોતાની ધનસંપત્તિ અને સત્તાનો બહુ અહંકાર હતો અને તેથી તે પોતાના દીવાનનું પણ અપમાન કરતો.

એમને મળવા માટે એકવાર અબુ શકીક નામના મુસ્લિમ સંત આવ્યા. તેમણે બાદશાહને તેની ધનસંપત્તિ વિશે પૂછ્યું ત્યારે તેના જવાબમાં એ ઘમંડી બાદશાહે કહ્યું : ''એ એટલી બધી બેસુમાર છે કે તેની મને ખુદનેય ખબર નથી. તમારીય કલ્પના બહારની એ બાબત છે.''

ત્યારે સંતે પૂછ્યું : ''ધારો કે તમે સહરાના પ્રચંડ ભીષણ રણમાં ભૂલા પડ્યા હો અને ખૂબ તરસ લાગી હોય, પણ પીવાના પાણીનું એક પણ ટીપું નથી અને પાણી વિના તરફડીને મરવા જેવી તમારી તેવી સ્થિતિમાં કોઈ પાણીનો પ્યાલો આપે તો તમે તેનું શું આપશો ?''

બાદશાહે કહ્યું : ''અરે, ત્યારે હું તેને મારું અડધું રાજ્ય આપી દઉં.''

પછી એ સૂફી સંતે બીજો સવાલ પૂછ્યો : ''બાદશાહ, ધારો કે તમે ખૂબ બીમાર પડ્યા હો અને બચવાની જરાય આશા ન હોય. દુનિયાના બધા હોશિયાર તબીબોએ કરેલા ઈલાજો પણ નિષ્ફળ ગયા હોય ત્યારે કોઈ દવાની પડીકી આપે અને તેનાથી તમે સાજા થઈ જાવ તો તે પડીકી આપનારને તમે શું આપો ?''

તરત બાદશાહ બોલી ઊઠ્યા : ''અરે, આ રીતે જાન બચાવનારને તો અડધું રાજ્ય બક્ષિસમાં આપી દઉં.''

એ સાંભળીને સૂફી સંત બોલ્યા : ''બાદશાહ ! તારા મહાન

સામ્રાજ્યની તમામ દોલતની કિંમત પાણીના એક પ્યાલા અને દવાની એક પડીકી જેટલી જ છે, તો પછી તે માટે આટલું બધું અભિમાન શા માટે રાખવું ?''

સંતનો મર્મ બાદશાહ તરત સમજી ગયા અને સંતના ચરણોમાં ઝૂકી પડ્યા.

• • •

## રાજા ભોજ

ધારાનગરીના રાજા ભોજ મહાદાની હતા. તે વિદ્વાનોને વગર માગ્યે લાખો સુવર્ણમુદ્રાઓ દાનમાં આપતા અને ગરીબોને મોં માંગ્યું દાન આપીને તેમને સંતુષ્ટ કરતા હતા.

દાનનો આવો ઉદાર પ્રવાહ જોઈને રાજા ભોજનો પ્રધાન રોહલ ચિંતામાં પડી ગયો. એને રાજ્યના ખજાનાનું તળિયું દેખાવા માંડ્યું, પણ રાજાને તે સ્પષ્ટ રીતે મોઢામોઢ કહેવાની તેનામાં હિંમત ન હતી. એટલે તેણે રાજાના શયનખંડની ભીંત ઉપર લખ્યું :

'आपदार्थे धनं रक्षेत्।' ભાવાર્થ - સંકટ સમય માટે ધનનો સંગ્રહ કરો.

બીજે દિવસે પ્રધાને પોતાના વાક્યની નીચે રાજા ભોજે લખેલું સૂત્ર વાંચ્યું -

'भाग्य भोज इव चापदः ?' ભાવાર્થ - ભાગ્યશાળી પુરુષોને વળી સંકટ કેવું ?

રાજા ભોજના આ સૂત્રની નીચે પ્રધાને તેના જવાબરૂપે લખ્યું : 'दैव ही कुप्यते कदापि।' ભાવાર્થ - કદાચ ભાગ્ય વીફરે.

એની આગળ રાજા ભોજે લખ્યું :

'संचितोऽपि विनश्यति।' ભાવાર્થ - તો તો સંઘરેલ અને બચાવેલું હોય તે પણ નાશ પામે.

આ વાંચી પ્રધાન તો રાજા ભોજની વિદ્વત્તા, ઉદારતા અને દૃઢસંકલ્પબળ જોઈને મુગ્ધ થઈ ગયો અને તેણે રાજાની ક્ષમા માંગી.

એક બીજા પ્રસંગે વિદ્યાવ્યાસંગી એવા તેમના દરબારમાં નીમેલા રાજકવિને એક દરબારીએ એક સવારે રાજા ભોજને પ્રસન્ન કરવા માટે એક સરસ કવિતા સંભળાવવા કહ્યું ત્યારે રાજકવિએ એક શીઘ્રકવિતા સંભળાવી .

**ફૂલ તો ગુલાબકા, દૂધ તો બસ ગાયકા,**
**રાજા તો બસ ભોજરાજા ઔર રાજા કાયકા ?**

દરબારીઓએ એ સાંભળીને જયજયકાર કર્યો, પણ ભોજરાજાના ચહેરા ઉપર પ્રસન્નતા ન પ્રગટી. એ તો ઊંડા વિચારમાં પડી ગયા.

એટલે કવિએ ખસિયાણા પડીને પૂછ્યું : ''મહારાજ, આપને કવિતા ન ગમી ?''

જવાબમાં રાજાએ કહ્યું : 'કવિતા તો સરસ છે કવિ ! પણ એમાં સચ્ચાઈ નથી. શબ્દ છે, પણ સુવાસ નથી. આમ કેમ થાય છે તે સમજાતું નથી.''

કવિએ કહ્યું : ''મહારાજ ! ક્ષમા કરજો, પણ મારી આ કવિતા દરબારી બંધન હેઠળ છે. એને જો એકવાર મુક્તિ મળે તો એમાં આપ ઇચ્છો એવી સચ્ચાઈ અને સુવાસ બેય આપોઆપ આવી જશે.''

ત્યારે ભોજરાજાએ કહ્યું : ''તો પછી કવિ, અમને બંધનમુક્ત

કવિતા સંભળાવો.''

કવિએ કહ્યું : ''ભલે મહારાજ ! જેવી આપની ઈચ્છા, સાંભળો ત્યારે -

**''ફૂલ તો કપાસકા, દૂધ તો બસ ગાયકા,**
**રાજા તો બસ મેઘરાજા, ભોજરાજ કાયકા ?''**

એ સાંભળીને દરબારીઓ તો બધા સ્તબ્ધ થઈ ગયા, પણ મહારાજા ભોજે પ્રસન્ન થઈ પોતાના ગળાનો કીમતી હાર કવિને પહેરાવી દીધો હતો !

• • •

# રાજવી એભલવાળા

ગુજરાતના ભાવનગર જિલ્લાના તળાજાના રાજવી એભલવાળાનાં માતા કામબાઈ રોજ સૂર્યપૂજામાં પ્રાર્થતા : ''હે જીવતા જાગતા દેવ ! તમારી જેમ બીજાના ભલા કાજે આ અમારો દેહ વપરાય તેવી રૂડી ભાવના અમારા હૃદયમાં ઉગાડજો.''

ધનસંપત્તિ, આરોગ્ય કે દીર્ધાયુને બદલે આવું યાચવા બદલ આશ્ચર્ય દર્શાવી પુત્ર રાજવી એભલવાળાએ પૂછ્યું ત્યારે માતાએ કહ્યું : ''દીકરા, એ બધું માંગવું ખોટું છે. જીવતર તો પારકા માટે કામ આવે તે જ કામનું. ઈશ્વરે આપણને જીવતર સુખસાહ્યબી ભોગવવા માટે નહિ, પણ બીજાનું કલ્યાણ થાય એવાં કામ કરવા માટે આપ્યું છે.''

આવી ઉમદા ભાવના ધરાવનાર માતાના પુત્ર રાજવી એભલવાળાના રાજ્યમાં એકવાર ગરીબ કાયસ્થો પોતાની લગ્ન લાયક કન્યાઓની લગ્નવિધિ માટે લોભી અને હઠીલા બ્રાહ્મણ પુરોહિતો મોટી દક્ષિણા માંગવાથી મૂંઝવણમાં મુકાઈ ગયા હતા અને કન્યાઓનો

લગ્નકાળ વીતી જતો હતો ત્યારે માતાએ રાજવીપુત્રને શિખામણ આપેલી : ''દીકરા, જીવતરમાં ભલાઈ કરવાનો આવો અવસર તને ફરી નહિ મળે. ધન ધર્મ કાજે ઈશ્વરે આપ્યું છે. તું તારા રાજ્યમાંથી કન્યાદાન કર અને આ કુંવારી કન્યાઓની આશિષ લે. ભલાઈ આચરવાની આ ની રૂડી તક ફરી નહિ આવે. દીકરા, એમની દુઆ લઈ લે. તું તારા જ હાથે કુંવારી કન્યાઓનું કન્યાદાન કર. કન્યાદાન જેવું એકેય બીજું રૂડું પુણ્ય નથી.''

માતાની શિખામણ મુજબ અવિચારી અને લાલચુ વ્યસની બ્રાહ્મણ પુરોહિતોને પડતા મૂકી રાજવી એભલવાળા કાશ્મીરથી પુરોહિતોને બોલાવી કાયસ્થોની એક હજાર કુંવારી કન્યાઓનાં લગ્ન આટોપીને માતાને પગે લાગ્યા ત્યારે માતાએ કહ્યું : ''દીકરા, ધન ધર્મ કાજે છે. તેં આજે કન્યાદાન જેવું મોટું પુણ્યદાન કરી પરોપકાર દ્વારા મારી આબરૂ વધારી છે. તારા જેવા દીકરાની મા થવા બદલ મને ગર્વ થાય છે.''

• • •

## મહારાજા ભગવતસિંહજી

આઝાદી પહેલાંના ગુજરાતમાં આવેલા દેશી રાજ્ય ગોંડલના પ્રગતિશીલ મહારાજા ભગવતસિંહજી પોતાના રાજ્યના ખેડૂતોને સોનાનાં ઝાડ માનતા અને ખેતીવિકાસ માટે તેમણે ખેડૂતોને બધી સગવડ આપી હતી. તથા તેમના ઉપર કોઈ કરવેરા નાંખ્યા ન હતા. એટલે ત્યારે ગોંડલ રાજ્ય જેટલા સુખી ખેડૂતો ભારતમાં ક્યાંય ન હતા. વિદેશ પ્રવાસ દરમ્યાન પણ તેઓ સાદાઈથી રહેતા હતા. તેમનું સર્વોત્તમ કામ તો તેમનો ૨૬ વર્ષની જહેમત બાદ અઢી લાખ શબ્દો ધરાવતો ભગવદ્ ગોમંડળ કોશ ગણાય. એ કોશ માટે નવો શબ્દ

લાવનારને ખુદ મહારાજા ઇનામ આપતા હતા. એ કોશ બદલ ખુદ ગાંધીજીએ તેમને અભિનંદન આપ્યા હતા.

બ્રિટિશ રાજ્ય દરમ્યાન અંગ્રેજો સાથે મૈત્રીભાવ રાખવા છતાં તેઓ પોતાનું સ્વમાન જાળવતા હતા. એક પ્રસંગે તત્કાલીન વાઇસરૉય, લૉર્ડ લિન્લિથગો પોતાનો હોદ્દો છોડી ઇંગ્લૅન્ડ જતા અગાઉ ભારતનાં દેશી રાજ્યોની મુલાકાતે નજરાણા લેવાના હેતુથી જનાર હતા ત્યારે તેમણે રાજકોટ રેસિડેન્ટ અધિકારી મારફતે રાજા ભગવતસિંહજીને તેમના રાજ્યની હદમાંથી તેમની સ્પેશિયલ ટ્રેનને કોઈ ખર્ચ લીધા વિના જવા દેવા અને બીજી સવલતો આપવા કહેવડાવ્યું હતું.

તેના જવાબમાં તેમણે નીડરતાથી લખ્યું હતું : ''આપ ગોંડલ રેલવે ઉપરથી પસાર થવાના છો એ જાણી અમે ખુશ થયા છીએ. ચાર્જ-ખર્ચ બાબતમાં જણાવવાનું કે નેક નામદાર પોતાના જ ખર્ચે મુસાફરીએ નીકળ્યા હો તો અમે કાંઈ ચાર્જ લઈશું નહિ, પણ બ્રિટિશ હિંદના ખર્ચે નીકળ્યા હો તો ગોંડલ રેલવે પૂરો ચાર્જ લેશે.'' કેવી આદર્શ નીડરતા !

• • •

## મહારાજા સયાજીરાવ ગાયકવાડ

આઝાદી પૂર્વેના વડોદરા દેશી રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડ એકવાર તેમની વડોદરા કૉલેજના પ્રાધ્યાપક તરીકે કામ કરતા અરવિંદ ઘોષ સાથે વહેલી સવારના ઘોડેસવારી કરતાં કરતાં ફરવા નીકળ્યા હતા. શિયાળાની સવાર હતી અને ધુમ્મસ છવાયેલું હતું. એ બંને માર્ગ ઉપરથી પસાર થતા હતા ત્યારે રસ્તાની એક તરફથી એક ગરીબ બાઈનો અવાજ આવ્યો : ''ભાઈ, ટોપલો ચડાવશો ?'' ઘોડાની લાદથી ભરાઈને પૂરેપૂરો લદાયેલો એ ટોપલો એ બાઈ એકલે હાથે પોતાને માથે મૂકી શકે તેમ ન હતી. એટલે એણે એ બંનેને વિનંતી કરી

હતી, પણ એને ખબર ન હતી કે એ કોને તે વિનંતી કરી રહી છે, પરંતુ બાઈની વિનંતી સાંભળીને શ્રીમંત મહારાજા સયાજીરાવ પોતે ઘોડા ઉપરથી નીચે ઊતર્યા અને એમણે એ ભારે ટોપલો બાઈના માથા ઉપર ચડાવી આપ્યો.

એ જોઈને સાથે રહેલા અરવિંદ ઘોષ હસી પડ્યા. એટલે મહારાજાને નવાઈ સાથે દુ:ખ પણ થયું. તેમણે તેથી એ રીતે હસવાનું કારણ પૂછ્યું ત્યારે જવાબમાં અરવિંદ ઘોષે જણાવ્યું હતું : ''મને હસવું એટલા માટે આવે છે કે મહારાજા સયાજીરાવ જેવા શ્રીમંત સરકાર ગરીબ બાઈનો ભાર ચડાવે કે ઉતારે ?''

મહારાજા એ ટકોર સમજી ગયા. એટલે પછી એ ગરીબ બાઈને વડોદરા રાજ્ય સરકાર તરફથી કાયમી વર્ષાસન બાંધી આપવામાં આવ્યું અને એ ગરીબ બાઈનો ભાર કાયમ માટે ઊતરી ગયો.

બીજી એકવાર જ્યારે રાજા પંચમ જ્યોર્જ ભારતની મુલાકાતે આવ્યા હતા ત્યારે દિલ્હીમાં દરબાર ભરવામાં આવ્યો હતો. આઝાદી પહેલાંની આ ઘટનામાં ત્યારે ત્યાં ભારતના બધા દેશીરાજ્યના રાજાઓ અને ગવર્નરો હાજર રહ્યા હતા. મહારાજા સયાજીરાવ પણ તે દરબારમાં ગયા હતા. ત્યાં ગોઠવણ એવી હતી કે જે રાજા કે ગવર્નર પંચમ જ્યોર્જને મુજરો કરવા જાય તેને એક કમાનમાંથી નીચા નમીને જવું પડે. સયાજીરાવ એ કમાન પાસે પહોંચ્યા, પોતાની તલવાર કાઢી અને એ કમાન કાપીને પછી નીચા નમ્યા વિના રાજા જ્યોર્જ સુધી પહોંચી ગયા. ત્યાં જઈને તેમણે નીચા નમીને મુજરો કર્યા વિના માત્ર માથું નમાવીને નમસ્કાર જ કર્યા. તેમની આ ખુમારીથી ઘણો ઊહાપોહ મચી ગયેલો અને તેમને ગાદી ઉપરથી ઉઠાડી મૂકવાની પણ પેરવી થઈ હતી, પણ પ્રજાપ્રિય મહારાજાને જરાય આંચ ન આવવા પામી.

• • •

# મહારાજા કૃષ્ણકુમારસિંહ

ઈ.સ. ૧૯૩૮માં ભાવનગરમાં શિક્ષણસંસ્થા 'શિશુવિહાર' સાથે વ્યાયામશાળા અને ક્રીડાંગણની સ્થાપના માનભાઈ ભટ્ટે કરેલી ત્યારે તેમના ઉપર રાજ્યની પડતર જમીન ગેરકાયદેસર પચાવી પાડવાની ફરિયાદ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહ સમક્ષ થઈ હતી. તેથી મહારાજાએ તેમને પોતાના મહેલ ઉપર બોલાવીને ફોજદાર પિતાના દીકરા હોવા છતાં આવું ગેરકાયદેસર કરવા બદલ તેમની ખબર લેવા માંડી હતી.

ત્યારે જવાબમાં માનભાઈએ કહેલું : "અમે તો રાજ્યના કેળવણી આપવાના કામ માટે આ જમીન લીધી છે. ત્યાં રાજ્યની રૈયતનાં બાળકોને રમાડીએ અને ભણાવીએ છીએ તથા બાળઘડતરનું કામ કરીએ છીએ. આ તો રાજ્યનું કામ છે અને રાજ્યને બદલે અમે તે કરીએ છીએ."

આ વાતની ખાતરી કરવા માટે સંસ્થાની મુલાકાતે ઠરાવેલા દિવસે મહારાજા ગયા. તે વખતે એ સંસ્થાએ યોજેલ કાર્યક્રમ બાદ મહારાજા બોલવા ઊભા થયા ત્યારે લોકો તો માનતા હતા કે કાયદાના ભંગ બદલ મહારાજા જરૂર સજા કે દંડ ફરમાવશે, પણ એનાથી ઊલટી રીતે મહારાજાએ કહ્યું : "માનશંકર અને તેમના સાથીદારોએ જે કામગીરી અહીં કરી બતાવી છે તેથી મને આનંદ થયો છે. રાજ્યની પડતર જમીનનો આવો સરસ ઉપયોગ થયેલો જોઈને આ જમીન રાજ્ય સંસ્થાને દાનમાં આપે છે અને એને વધુ જમીન જોઈતી હોય તો તે પણ આપવા રાજ્ય તૈયાર છે."

આમ દંડ કે સજાને બદલે દાન આપી સેવાકાર્યની કદર થયેલી જોઈને એકત્રિત થયેલ સભાજનો તો આભા જ બની ગયા.

• • •

# રાજા રણજિતસિંહ

મહારાજા રણજિતસિંહની એકવાર સવારી તેમના પાટનગરમાં નીકળી હતી અને ફરી રહી હતી. સવારીમાં રાજા હાથી ઉપર બેઠા હતા અને આસપાસ રહેલા તેમના અંગરક્ષકો તેમના રક્ષણરૂપે કોઈને તેમની પાસે આવવા દેતા ન હતા.

એવામાં એક વૃદ્ધ સ્ત્રી વારંવાર તેમની પાસે આવવા મથી રહી હતી. તેના હાથમાં લોઢાની તાવી હતી. તેને અંગરક્ષકો વારંવાર રોકતા હતા, છતાં તે ફરી ફરીને તેમની પાસે પહોંચવા યત્ન કરતી હતી. એ જોઈને રાજા રણજિતસિંહે અંગરક્ષકોને પૂછ્યું તો તેમણે કહ્યું કે ''એ વૃદ્ધા તો પાગલ જેવી છે અને તમને પારસમણિ સમજી પોતાની લોઢાની તાવીને તમારા શરીરને સ્પર્શ કરી તેને સોનામાં પલટાવવા ઇચ્છે છે. જવા દો રાજાસાહેબ ! એની વાત. એ તો પાગલ છે.''

રાજા રણજિતસિંહ થોડીવાર વિચારમાં પડ્યા અને પછી તેમણે દીવાનને બોલાવીને કહ્યું : ''એ વૃદ્ધ સ્ત્રી પાસેથી એની લોઢાની તાવી લઈને એના બદલામાં એને સોનાની તાવી મારા તરફથી બક્ષિસરૂપે આપો. એની શ્રદ્ધાનો આદર કરવો જોઈએ.''

મહારાજાની આજ્ઞા મુજબ દીવાને તે વૃદ્ધ સ્ત્રીને લોઢાની તાવી લઈને સોનાની તાવી આપી અને તે સ્ત્રી તો નાચવા માંડી અને રાજાના ગુણગાન ગાવા લાગી.

• • •

# વિજ્ઞાન - આયુર્વેદ

## આલ્બર્ટ આઈન્સ્ટાઈન

મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન ખૂબ સાદા, સરળ અને નમ્ર હતા. એકવાર તેમને બેલ્જિયમની મહારાણીએ બ્રસેલ્સ આવવાનું નિમંત્રણ આપ્યું હતું. એ મુજબ આઈન્સ્ટાઈન તો પોતાના હરહંમેશના સાદા પોશાકમાં બેલ્જિયમના પાટનગર બ્રસેલ્સ જવા માટે નીકળ્યા.

તેમના આગમન ટાણે બ્રસેલ્સ સ્ટેશન ઘણું શણગારવામાં આવેલું અને તેમને સત્કારવા રાજ્યના ઉચ્ચ અમલદારો બની ઠનીને સ્ટેશન ઉપર હાજર હતા.

એવામાં ગાડી આવી પહોંચી અને અધિકારીઓ તો આઈન્સ્ટાઈનને શોધવા આમતેમ આંટા મારવા લાગ્યા, પણ આઈન્સ્ટાઈન તો ગાડીમાંથી ઊતરીને પોતાની બૅગ લઈને સ્ટેશનની બહાર નીકળી ગયા અને રાજમહેલ ઉપર પહોંચી ગયા.

આઈન્સ્ટાઈનને એકલા આવેલા જોઈને મહારાણી તો અચંબામાં પડી ગઈ અને છોભીલી પડી એ મહાન વૈજ્ઞાનિકની ક્ષમા યાચવા લાગી.

ત્યારે આઈન્સ્ટાઈને હસીને કહ્યું : ‘‘ખેર, એમ થયું હોય કે અમલદારોએ ખૂબ સુંદર અને કીમતી પોશાક સાથેના મોટા માણસ તરીકે મારી કલ્પના કરી હોય અને તેવો માણસ શોધતા હોય, પણ મને જરાય માઠું લાગ્યું નથી. મને ચાલવાનું ઘણું ગમે છે. એટલે હું તો અહીં આવી ગયો. એમાં ક્ષમા યાચવાની જરૂર શી ?’’

બીજા એક પ્રસંગે તેમને સામાન્ય માણસ અને એમની વચ્ચેના તફાવતની બાબતમાં કોઈકે પૂછ્યું તો તેમણે કહ્યું : ‘‘તમે જો સામાન્ય

માણસને ઘાસની ગંજીમાં પડેલી સોય શોધવાનું કહો તો તે એક સોય જડ્યા પછી આગળ શોધ નહિ કર, ત્યારે હું તો એમ નહિ કરું પણ એક સોય મળ્યા પછી પણ ઘાસની ગંજીને ફંફોળતો રહી શક્ય તેટલી વધારે સોય શોધવાનું ચાલુ રાખું અને એ શોધી પણ આપું.''

એકવાર તેમની વર્ષગાંઠના દિવસે લોકો તેમને અભિનંદન આપવા માટે મળવા આવ્યા હતા ત્યારે તેમણે સારાં કપડાં પહેરવાને બદલે થીંગડાંવાળું પાટલૂન પહેર્યું હતું. એ જોઈ એમની પત્નીએ તેમને ઠપકો આપ્યો ત્યારે તેમણે કહેલું : ''માણસ વિદ્યાથી શોભે છે, કપડાંથી નહિ. લોકો મને મળવા આવ્યા છે, મારાં કપડાંને નહિ. એમ હોત તો તેઓ મારી પાસે બેસવાને બદલે સરસ કપડાંથી ભરેલા મારાં કપડાંના કબાટ પાસે જ બેઠા હોત.''

એકવાર અમેરિકાના સૌથી મોટા ધનાઢ્ય નેલ્સન રૉકફેલરને તેમના દેશના આ મહાન વૈજ્ઞાનિકના જીવનની સાદાઈની વાત જાણીને તેમને મદદરૂપ થવાની ઈચ્છા થઈ. એમણે જાણેલું કે એ વૈજ્ઞાનિક સાધારણ નાના ઘરમાં રહે છે અને પોતાની પાસે માત્ર પાંચ જોડ જ કપડાં રાખે છે. તેથી તેમણે એમનું જીવન સુખ શાંતિમય બને એ દૃષ્ટિએ કુલ ૪૫૦૦૦ ડૉલરનો ચેક એમને પ્રશંસાપત્ર સાથે મોકલી આપ્યો.

એ ચેક અને પત્ર મળ્યે આઈન્સ્ટાઈને એ પત્ર તો ફાડી નાંખ્યો, પણ જે ચેક હતો તે રાખી મૂક્યો અને તેનો ઉપયોગ 'બુકમાર્ક' તરીકે કરવા માંડ્યો. એમણે એ ચેક કદીય વટાવ્યો જ નહિ.

• • •

# થોમસ આલ્વા એડિસન

મહાન વૈજ્ઞાનિક થોમસ આલ્વા ઍડિસનને વિદ્યાર્થી જીવન દરમ્યાન નિશાળમાં તેના શિક્ષકો વારંવાર મૂર્ખ અને ભેજાંગેપ કહેતા હતા. એના સહાધ્યાયીઓ પણ તેની મજાક કરતા હતા. એ એની સ્લેટમાં ચિત્રો દોર્યાં કરતો અને બધાને અઘરા સવાલો પૂછ્યા કરતો હતો. તેથી એનાથી બીજા વિદ્યાર્થીઓ દૂર ભાગતા હતા, પણ એની દૃષ્ટિ સૂક્ષ્મ અને તીવ્ર હતી. એમાંથી કોઈ ચીજ છટકી શકતી ન હતી.

એકવાર એના શિક્ષકે એને મૂર્ખ કહ્યાથી ઘેર જઈ તેણે માતાને રડીને ફરિયાદ કરી. એટલે માતાએ નિશાળે જઈને શિક્ષકને સંભળાવી દીધું : ''મારા પુત્રની શક્તિમાં મને વિશ્વાસ છે. તેનામાં તમારા અને તમારા હેડમાસ્તર કરતાં વધારે બુદ્ધિ છે. તમને ભવિષ્યમાં કોઈ યાદ નહિ કરે, પણ મારા પુત્રને તેના કામથી દુનિયા આખી યાદ કરશે.'' એ પછી માએ ઍડિસનને નિશાળે મોકલવો બંધ કર્યો, પણ એની વાત સાચી પડી. આજે ઍડિસનને એની વૈજ્ઞાનિક સિદ્ધિ બદલ આખું જગત યાદ કરે છે.

• • •

એ વિદ્યાભ્યાસ દરમ્યાન વિદ્યાર્થી તરીકે નિષ્ફળ ગયા હતા. એમને ગણિતના સાદા દાખલા પણ આવડતા ન હતા. એટલે એનાથી કંટાળીને એના શિક્ષકે એને ઘેર ચિઠ્ઠી લખી હતી - ''આ વિદ્યાર્થી ભણી શકે તેમ નથી એને ઉઠાડી લો.'' એ ચિઠ્ઠી વાંચીને તેને પોતાને ખૂબ આઘાત લાગ્યો હતો અને એણે ભણવાનો દૃઢ નિશ્ચય કર્યો. એણે સખ્ત મહેનત કરી અને તે ખૂબ ભણ્યા. છેવટે આગળ ઉપર એમણે અવનવી વૈજ્ઞાનિક શોધો પણ કરી.

અબ્રાહમ લિંકન પણ જીવનની શરૂઆતની કારકિર્દીમાં સ્ટોરકીપર હતા. અને એ કામમાંય તે નિષ્ફળ ગયેલા. પછી તેમણે સર્વેયર તરીકે કામ શરૂ કરેલું. એમાંય તેમને સફળતા ન મળી, પણ એમણે પુરુષાર્થ ન છોડ્યો. તેઓ વિચારતા ન હતા કે હું નિષ્ફળ ગયો છું કે પડી ગયો છું, પણ જરા લપસી જ ગયો છું. આમ, વિચારીને તેઓ 'કરતા જાળ કરોળિયો ભોંય પડી પછડાય' ની જેમ ફરી ફરીને પુરુષાર્થ કરવા મંડી જતા અને છેવટે ટોચ ઉપર પહોંચી અનન્ય સફળતા પામ્યા. આ રીતે નિષ્ફળતા એ આશીર્વાદ છે કે અભિશાપ છે, તેનો આધાર વ્યક્તિ ઉપર રહેલો છે.

• • •

## સર આઈઝેક ન્યુટન

જગ પ્રસિદ્ધ વિજ્ઞાની સર આઈઝેક ન્યુટને એક મહત્ત્વના પ્રકલ્પ (પ્રોજેક્ટ) ઉપર વર્ષો સુધી કામ કરી ખૂબ જહેમતને અંતે થોકબંધ કાગળોમાં લખાણ અને ગણતરીઓ કરેલી હતી અને ટેબલ ઉપર તે બધાં મૂક્યાં હતાં.

એવામાં તેના પાળેલા ડાયમંડ નામના કૂતરાએ ટેબલ ઉપરની સળગતી મીણબત્તી પાડી નાંખતાં તે બધાં જ કીમતી લખાણના કાગળો બળીને ખાખ થઈ ગયા અને તેની વર્ષોની મહેનત ઘડીભરમાં એળે ગઈ.

પણ ત્યારે એ મહાન વિજ્ઞાનીએ ધૈર્ય અને ખંત સંયમપૂર્વક માત્ર એટલા જ ઉદ્‌ગાર કાઢ્યા : ''અરે, વહાલા ડાયમંડ ! તેં જે નુકસાન કર્યું છે તેનું તને ભાન છે ખરું ?''

આટલું કહી તેઓ પછી જરાય સમય ગુમાવ્યા વિના ફરીથી કાગળો લઈને એ જ પ્રકલ્પની ગણતરીઓ કરવા મંડી પડ્યા અને ખંત,

ધીરજ, પુરુષાર્થ તથા આત્મસંયમથી તેઓ ધાર્યું કાર્ય પાર પાડીને સફળતા મેળવીને જ રહ્યા.

• • •

## ડૉ. હોમી ભાભા

વિશ્વ વિખ્યાત ભારતીય વિજ્ઞાની ડૉ. હોમી ભાભા વિજ્ઞાનપ્રેમી હોવા ઉપરાંત તરુપ્રેમી પણ હતા. એકવાર તેમની દોરવણી હેઠળ 'તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રીસર્ચ' મકાન માટે પાયા ખોદાતા હતા ત્યારે પોતે ખુદ તે જગ્યા જોવા ગયા હતા અને ત્યાં સરસ લીલાછમ વીસેક તરુઓ જોઈને તેઓ બોલી ઊઠ્યા : ''જરા થોભો, જ્યાં આપણે મકાન બાંધીએ છીએ તે જગ્યામાં તો સરસ લીલાછમ ૨૦-૨૫ તરુઓ ઊભાં છે, તે બધાં ઘણી શીળી છાયા આપે તેવાં હજુ લાગે છે. એનો કંઈ નાશ ન કરાય.'' આમ, કહી તેમણે જર્મનીમાં તોતિંગ ઘટાદાર વૃક્ષો મૂળથી ખસેડવાની પ્રક્રિયા જોઈ હતી તે મુજબ તેમણે એ વૃક્ષોને મૂળથી ખસેડીને સ્થળાંતર કરાવ્યું હતું.

બીજા એક પ્રસંગે મુંબઈના વૈભવી પેડર રોડ ઉપરથી તેઓ મોટરમાં ઝડપભેર પસાર થતા હતા ત્યારે તેમણે મોટરમાંથી રસ્તા ઉપરના એક લીલાછમ ઝાડ ઉપર કુહાડીના ઘા પડતા જોયા અને એને કપાતું જોઈને તેઓ બહુ જ વ્યથિત થઈ ગયા. જાણે એમને ખુદને કોઈ કુહાડીના ઘા મારતું ન હોય એવી વેદના તેઓ અનુભવી રહ્યા.

પછી ઑફિસમાં પહોંચી તેમણે તરત જ મુંબઈ મહાનગર પાલિકાના વડાને ફોન કરીને જણાવ્યું : ''પેડર રોડ ઉપર હાલ અમુક સ્થળે એક વૃક્ષ કપાઈ રહ્યું છે તે તાબડતોબ બંધ કરાવો. તે વૃક્ષ હું આખું ખરીદી લઉં છું. મારા માણસો આવીને તેને મુંબઈમાંથી કાઢીને લઈ જશે.''

પછી તરત જ તેમણે તેમના માણસોને ક્રેઈન આદિ સાધનો સાથે ત્યાં મોકલીને તે વૃક્ષ ધરમૂળથી જુદું કરીને મંગાવી લીધું અને તેને પોતાની ટ્રોમ્બે ઑફિસના પ્રાંગણમાં ફરી રોપાવ્યું. આમ તેમની છત્રછાયા હેઠળ એ વૃક્ષને નવજીવન મળવા પામ્યું.

• • •

## પ્રો. ત્રિભુવનદાસ ગજ્જર

ઈ.સ. ૧૮૯૦માં વડોદરામાં 'કલાભવન' સંસ્થા જેમની સૂચના સલાહથી મહારાજા ગાયકવાડે સ્થાપી હતી તે વિખ્યાત વૈજ્ઞાનિક પ્રો. ત્રિભુવનદાસ ગજ્જર સમગ્ર પશ્ચિમ ભારતમાં ટેક્નિકલ શિક્ષણનો પાયો નાંખવામાં નિમિત્ત બનવાનું ગૌરવ હાંસલ કરી જાય છે. એ સંસ્થાના તેઓ જ પહેલા આચાર્ય થયેલા હતા. તેઓ માતૃભાષામાં શિક્ષણ આપવામાં માનતા હોવાથી એમણે મહારાજા ગાયકવાડ પાસે ગુજરાતીમાં પુસ્તકો તૈયાર કરવા માટેની 'જ્ઞાનમંજૂષા' અને 'લઘુમંજૂષા'ની પુસ્તક પ્રકાશનશ્રેણી પણ શરૂ કરાવી હતી. એના આધારે એમણે જુદા જુદા વિદ્વાનો પાસે પુસ્તકો અને 'પારિભાષિક જ્ઞાનકોશ' તૈયાર કરાવ્યા. વળી, 'રંગરહસ્ય' નામક ઔદ્યોગિક કેળવણીનું માસિક પણ તેમણે શરૂ કરાવેલું. તેઓ માનતા હતા કે પારિભાષિક શબ્દો જ્યાંથી મળે ત્યાંથી એટલે કે અંગ્રેજી, જર્મન, ફારસી અને સ્કેન્ડી નેવીઅન આદિ ભાષાઓમાંથી લાવવા જોઈએ.

મુંબઈમાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે આયોડિન ક્લોરિનના સંમિશ્રણવાળી દવા શોધી કાઢી, પણ પ્રજાહિત ખાતર તેને 'પેટન્ટ' તરીકે મંજૂર કરાવી લાખો રૂપિયા કમાવાની તક તેમણે મહાન વિજ્ઞાની સર જગદીશચંદ્ર બોઝની જેમ જતી કરી, એવી તો તેમની જનસેવાની ઉચ્ચ ભાવના હતી, એટલે તેમણે જાહેર કરેલું - 'આ શોધ ઉપર

જનસમગ્રની માલિકી છે અને જેને બનાવવી કે વેચવી હોય તેને તે માટેની છૂટ છે.'

તેમનો સંકલ્પ હતો - મારું જ્ઞાન સામાન્ય જન માટે ઉપયોગી થાય. વળી, તેમનો જીવનભરનો મુદ્રાલેખ હતો. - ''અન્યને સારુ જીવનસમર્પણ કરવું.'' તેમણે મુંબઈમાં 'વનિતા વિશ્રામ' નામની શિક્ષણસંસ્થા ઘરની બહેનોના દાગીના વેચીને શરૂ કરાવી હતી. મુંબઈમાં કોટ વિસ્તારમાંની રાણી વિક્ટોરિયાની પ્રતિમા ઉપર કોઈ દુષ્ટે ડામર જેવો રંગ લગાડલો અને તે કોઈનાથી પણ દૂર થઈ શક્યો ન હતો તે તેમણે બાહોશીથી દૂર કરી આપેલો.

• • •

## ડૉ. હાનિમાન

હોમિયોપથીના શોધક ડૉ. હાનિમાનની કબર ઉપર તેમનો જીવનમંત્ર કોતરાયેલો જોવા મળે છે. - ''હું પશુ માફક જીવ્યો નથી કે સૂઈ રહ્યો નથી. જગતને કાંઈ ને કાંઈ ઉપયોગી બનીને સ્વર્ગ સિધાવ્યો છું - તમે પ્રેરણા લેશો.''

• • •

## વૈદ્યરાજ ઝંડુ ભટ્ટ

ઝંડુ ફાર્મસીના સ્થાપક ઝંડુ ભટ્ટનું મૂળ નામ કરુણાશંકર હતું, પણ નાનપણમાં એમના માથે વાળના મોટા ઝુંડનો જથ્થો હોવાથી તેમની માતા સૂરજકુંવર તેમને લાડમાં ઝંડુના હુલામણા નામે બોલાવતાં હતાં. પાછળથી મૂળ નામ ભુલાઈ ગયું અને હુલામણું નામ પ્રચલિત થઈ ગયું. તેઓ ભારતીય ઔષધ પદ્ધતિના હિમાયતી હતા અને જામનગરની બહાર નદીકિનારે પોતાની વાડીમાં ઔષધો બનાવવાનું કામ મોટા પાયે

કરતા હતા. એ સેવાભાવી અને પ્રજાવત્સલ વૈદ્યરાજના માનસ વિશે જામનરેશે કહ્યું છે : ''ભટ્ટ, તમે ખરા છો. માણસની ચડતીમાં તેનાથી દૂર રહો છો અને પડતીમાં પાસે આવો છો. ખરા દયાળુ છો અને મદદગાર બનો છો.'' ઈ.સ. ૧૮૮૮માં ભાવનગર રાજ્યના દીવાન સર પ્રભાશંકર પટ્ટણીની માંદગીટાણે તેમની માવજત માટે તેમને ખાસ તેડાવ્યા હતા.

એકવાર તેઓ જસદણના આલા ખાચરના કુટુંબની એક જુવાનજોધ દીકરીની દવા કરવા અઢી માસ જસદણમાં રહ્યા હતા. એ યુવતીનું દર્દ અસાધ્ય હતું અને મટવું મુશ્કેલ હતું. છતાં તેઓ મટાડવા માટે પુરુષાર્થ કરતા હતા. અઢી માસ બાદ એ યુવતી મૃત્યુ પામી અને એમને જશ ન મળ્યો. છતાં પોતાનો ધંધો છોડીને વૈદ્યરાજ ત્યાં રહ્યા હોવાથી આલા ખાચરે તેમને ફી પેટે રૂપિયા બે હજાર આપવા માંડ્યા ત્યારે વૈદ્યરાજે તે લેવાની ના પાડતાં કહ્યું હતું : ''જો બહેન સાજી થઈ ગઈ હોત તો આપ જે આપત તે લેત, પણ બહેન તો મરી ગઈ છે. હું કયા મોઢે ફી લઉં ? તમે મને કસાઈ સમજો છો ? એક તો ઘરમાંથી માણસ ગયું છે અને હું પૈસા લઉં ? મારો નિયમ છે કે જો દરદી મારા હાથે સાજો ન થાય તો એની પાસેથી પૈસો ન લેવો. પછી તે પૈસાદાર હોય કે ગરીબ, રાજા હોય કે મજૂર.''

• • •

# રાજકારણ

## વિન્સ્ટન ચર્ચિલ

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાનના બ્રિટનના વિખ્યાત વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલના જાહેરવ્યાખ્યાન વખતે એકવાર સભાખંડ શ્રોતાઓથી

ખીચોખીચ ભરેલો જોઈને એક મહિલા શ્રોતાએ તેમને પૂછ્યું : ''આટલા બધા શ્રોતાઓ જોઈને તમને અભિમાન નથી થતું. ?''

જવાબમાં ત્યારે ચર્ચિલે કહ્યું હતું : ''હા, વાત તો અહંકાર થાય તેવી છે, પણ આવે વખતે હું વિચારું છું કે મારા ભાષણને બદલે જો મને જાહેરમાં ફાંસીએ લટકાવવામાં આવે તો આનાથી બમણી લોકમેદની ઊભરાય.''

બીજા એક પ્રસંગે તેમને રાજદ્વારી મુત્સદ્દીમાં આવશ્યક લક્ષણો અંગે પૂછવામાં આવતાં તેમણે કહેલું : ''રાજદ્વારી મુત્સદ્દીમાં કઈ ઘટના કાલે બનશે, કઈ આવતે અઠવાડિયે, કઈ આવતે મહિને અને કઈ આવતા વર્ષે બનશે તેની ભવિષ્યવાણી કરવાની ક્ષમતા હોવી જોઈએ અને પછી એ જો ન બને તો તે કેમ ન બની તે સમજાવવાની આવડત પણ હોવી જોઈએ.

• • •

## વિલિયમ ગ્લેડસ્ટન

જ્યારે બ્રિટનના નાણાપ્રધાન તરીકે વિલિયમ ગ્લૅડસ્ટન હતા ત્યારે તેઓ એકવાર અર્થશાસ્ત્રના વિદ્વાન વિલિયમ ફેરાડેના વ્યાખ્યાનમાં ગયા હતા.

વ્યાખ્યાન પત્યા પછી નાણાપ્રધાને એ વિદ્વાનને કહ્યું : ''તમારું ભાષણ હતું તો ઘણું કીમતી, પણ મારે મન તેની ઊપજ કંઈ જ નથી, કેમ કે તમારા કીમતી શબ્દો ઉપર કરવેરો નાંખી શકાતો નથી. એટલે તેની અમારે મન શી ઊપજ ?''

• • •

# અબ્રાહમ લિંકન

અમેરિકન પ્રમુખ અબ્રાહમ લિંકનને એકવાર પોતાના બૂટ પૉલિશ કરતા જોઈને આશ્ચર્ય પામીને એક રાજદૂતે તેમને ધીરેથી પૂછ્યું : ''પ્રમુખશ્રી, આપ આપના બૂટ જાતે પૉલિશ કરો છો ?''

જવાબમાં હસતાં હસતાં અબ્રાહમ લિંકને કહ્યું : ''હા, પણ ત્યારે તમે કોના બૂટ પૉલિશ કરો છો ?''

આ સાંભળીને બિચારો રાજદૂત તો છોભીલો પડી ગયો.

બીજા એક પ્રસંગે તેમણે કહ્યું હતું : ''ધર્મ બાબતમાં મારો ખ્યાલ એવો છે કે જ્યારે મારાથી કોઈ સારું કામ થાય છે ત્યારે ઊંડે ઊંડે મને સંતોષની લાગણી થાય છે અને જ્યારે મારાથી કોઈ ખોટું કામ થઈ જાય છે ત્યારે મને પીડા થાય છે.''

અમેરિકાના આંતરવિગ્રહ દરમ્યાન તેઓ જ્યારે સત્તા ઉપર હતા ત્યારે તેમના ઉપર કેટલાક માણસોએ જૂઠી વાતો દ્વારા દોષારોપણ કરતા તેનો રદિયો આપવા કેટલાક ઉચ્ચ અધિકારીઓએ તેમને આગ્રહ કર્યો અને વર્તમાનપત્રો દ્વારા બચાવ કરવા જણાવ્યું ત્યારે જવાબમાં તેમણે કહેલું : ''જો હું મારા વિશે થતી દરેક ટીકા વાંચવા બેસું અને પાછો જો એ દરેકનો જવાબ પણ આપવા બેસું તો મારે મારી ઑફિસ બીજા કામકાજ માટે બંધ જ કરી દેવી પડે.

દેશ માટે મને જે ઉત્તમ લાગે છે તે ઉત્તમ રીતે કરવા હું પ્રયત્ન કરી રહ્યો છું અને અંત સુધી કરતો રહેવાનો છું. જો હું સાચો હોઈશ અને અંતે સાચો ઠરીશ તો મારા વિરોધીની ટીકાનો કોઈ અર્થ રહેશે નહિ, પરંતુ જો હું ખોટો હોઈશ અને અંતે ખોટો ઠરીશ તો દસ ફિરસ્તાઓ પણ આવીને મારી તરફેણમાં સાક્ષી આપશે કે હું સાચો હતો, તોપણ કંઈ

વળશે નહિ.'' લોકસેવા માટેનો આવો તેમનો આદર્શ હતો.

• • •

તેઓ અમેરિકાના પ્રમુખ ન હતા ત્યારે એકવાર એક હોટલમાં ચા પીવા ગયા હતા. એ હોટલમાં કામ કરતા એક હબસી નોકરે તેમની સારી ખાતર બરદાસ્ત કરી. એટલે બહાર નીકળતી વખતે લિંકને તેને સારી બક્ષિસ આપી તથા હૅટ ઉતારીને તેનો આભાર માન્યો.

તેમને એ વખતે પેલા હબસી નોકરે કહ્યું : ''સાહેબ, તમે કોઈ મહાન માણસ લાગો છો ?''

જવાબમાં લિંકને કહ્યું : ''ના રે, હું તો એક સામાન્ય નાગરિક છું.''

એ સાંભળી પેલા હબસીએ કહ્યું : ''તમે સામાન્ય હશો તો તમે મહાન માણસ ચોક્કસ થવાના.''

ત્યારે લિંકને કહ્યું : ''તેં તો કમાલ કરી ભાઈ, તું તો મારું ભવિષ્ય ભાખવા લાગી ગયો.''

જવાબમાં હબસી નોકરે કહ્યું : ''ના સાહેબ, એવું નથી. આ હોટલમાં છેલ્લાં અઢાર વર્ષથી હું નોકરી કરું છું. સરસ સેવા આપું છું, પરંતુ આજ સુધી 'યુનિગ્રો' 'કાળિયા' 'ડેમફૂલ' જેવા શબ્દો સિવાય બીજું કશું સાંભળ્યું નથી. તમે પહેલા ગોરા સજ્જન છો કે જેમણે મારી સાથે આટલી સરસ વાત કરી અને મારો આભાર પણ માન્યો.'' આવું બોલતાં બોલતાં તો એ હબસીનું દિલ ભરાઈ ગયું.

• • •

આંતરવિગ્રહ પછી જ્યારે તેઓ સત્તા ઉપર આવ્યા ત્યારે તેમને મૂંઝવનાર નેતાઓની પ્રશંસા એક સભાના વ્યાખ્યાનમાં તેમણે કરી હતી

ત્યારે ત્યાં ક્રોધે ભરાઈને એક બાઈએ તેમને પૂછ્યું : ‘‘તમે દુશ્મનને નષ્ટ કરવાને બદલે તેમનાં વખાણ કરો છો ? તમે કેવા માણસ છો ?’’

ત્યારે ઠંડે કલેજે તેમણે કહેલું : ‘‘કેમ વારુ, દુશ્મનોને વખાણ દ્વારા મિત્ર બનાવીને હું તેમને નષ્ટ કરતો નથી ?’’

એકવાર તેમને કોઈકે પૂછ્યું : ‘‘તમારે દસ મિનિટ બોલવા માટે કેટલી તૈયારી કરવી પડે ?’’ તેમણે કહેલું : ‘‘બે દિવસની’’ ‘‘જો અડધો કલાક બોલવું હોય તો ?’’ ‘‘એક દિવસની !’’ ‘‘જો એક કલાક બોલવું હોય તો ?’’ જવાબ મળ્યો : ‘‘અડધો કલાક જોઈએ.’’ આખરે એણે પૂછ્યું : ‘‘જો તમારે બે કલાક બોલવું હોય તો તૈયારી માટે કેટલો સમય જોઈએ ?’’ લિંકને કહ્યું : ‘‘બિલકુલ નહિ. હમણાં જ બોલી શકું !’’ પ્રશ્ન પૂછનાર જ્યારે લિંકન સામે આશ્ચર્યથી જોઈ રહ્યો ત્યારે તેને સમજાવતાં લિંકને કહ્યું : ‘‘બે કલાકમાં તો મારે જે કંઈ કહેવાનું હોય તે ક્યાંક ને ક્યાંક આવી જ જાય, પણ માત્ર દસ જ મિનિટ બોલવાનું હોય તો મારે મહત્ત્વના મુદ્દા સાવચેતીપૂર્વક તારવી લેવા પડે. ઓછો સમય હોય ત્યારે બિનજરૂરી વાતોમાં તે બગાડવો ન જોઈએ.’’

• • •

## પ્રમુખ રૂઝવેલ્ટ

અમેરિકાના લોકપ્રિય પ્રમુખ ફ્રેંકલિન રૂઝવેલ્ટે એકવાર પોતાના સચિવને પત્ર લખાવીને ટાઇપ કરવા આપ્યો હતો. એ ટાઇપ થઈને આવ્યા પછી તેમણે નીચે સહી કરીને તેમાં બેત્રણ વાક્યો પોતાના હસ્તાક્ષરમાં લખીને સચિવને તે પાછો આપ્યો. એટલે સચિવે તેને ફરીથી ટાઇપ કરીને તેમને આપ્યો.

તે જોઈ રૂઝવેલ્ટે સચિવને કહ્યું : ‘‘જુઓ મિત્ર ! તમારી સમજ-

ફેર થઈ છે. આ પત્ર ફરીથી ટાઈપ કરવાની જરૂર જ ન હતી. મારા હાથના થોડા પણ લખાણથી પત્રની શોભા ઓર વધવા પામે છે. વળી, મારા હસ્તાક્ષરનું લખાણ જોઈને તે પત્ર મેળવનાર વ્યક્તિ એવું અનુભવે છે કે આ પત્ર પ્રમુખનો કેવળ ઔપચારિક પત્ર નથી, પણ તે ઉષ્માપૂર્ણ પ્રેમથી નીતરતો છે. આ કારણથી હું દરેક પત્રમાં બેચાર વાક્યો મારા પોતાના અક્ષરોમાં લખું છું. એથી પત્ર શુષ્ક થતો નથી.'' આવી હતી તેમની દીર્ઘદૃષ્ટિ !

બીજા એક પ્રસંગે ન્યૂયોર્કમાં એક નીગ્રો રેલવે સ્ટેશનથી કોઈક હોટલની શોધમાં હાથમાં બે મોટી બૅગ લઈને જતો હતો અને હાંફતો હતો. તે વખતે તે નીગ્રોથી અજાણ્યા એવા તેમણે પાછળથી આવી તેને ખભે હાથ મૂકી બે બે બૅગનું ભારે વજન એકલા ઉપાડવા કરતાં પોતાની મદદ લેવા સૂચવ્યું અને એ માટે વિનંતી પણ કરી, કેમ કે તેઓ પોતે તે જ રસ્તે જઈ રહ્યા હતા.

આમ છતાં, એ નીગ્રોએ એમની વિનંતી ન સ્વીકારી ત્યારે તેમણે તેની અનિચ્છા છતાં તેના હાથમાંથી એક બૅગ લઈ લીધી અને એની સાથે આનંદપ્રમોદની વાતો કરતાં કરતાં તેને હોટલ સુધી મૂકી આવ્યા.

પાછળથી જ્યારે તે નીગ્રોને જાણ થઈ કે એને આ રીતે મદદ કરનાર તો અમેરિકાના સર્વોચ્ચ સત્તાધીશ પ્રમુખ રૂઝવેલ્ટ હતા ત્યારે તે તો તેમના સૌજન્ય અને પરગજુપણાથી ચકિત જ થઈ ગયેલો.

• • •

## મહાઅમાત્ય ચાણક્ય

ચંદ્રગુપ્ત મૌર્યના મહાઅમાત્ય ચાણક્યને એકવાર બીજા રાજ્યના કેટલાક અમાત્યોનું પ્રતિનિધિમંડળ મળવા આવ્યું હતું. એ વખતે લાંબી

વાટાઘાટો રાતના મોડે સુધી ચાલતી હતી.

એ વાટાઘાટો રાતના ચાલતી હતી તે દરમ્યાન મહાઅમાત્ય ચાણક્યના કોઈ સ્વજન તેમને અચાનક અંગત કામ માટે મળવા આવ્યા. એ વખતે ચાણક્યે રાજ્યની વાટાઘાટો બંધ કરી એ સ્વજનને મળવા બોલાવ્યા અને ત્યારે રાજ્યના ખર્ચે બળતા દીવાઓ બુઝાવી દઈને પોતાની અંગત મીણબત્તી પેટાવીને પછી જ એ વાતચીત શરૂ કરી.

એ જોઈ નવાઈ પામીને એ પ્રતિનિધિમંડળે તેમ કરવાનું કારણ પૂછ્યું ત્યારે ચાણક્યે જણાવ્યું : ‘‘દીવડાઓમાં તેલ રાજ્યનું બળે છે અને મીણબત્તી મારા ઘરની છે. તમે રાજ્યના મહેમાનો છો, એટલે તમારી સાથેની ગુફ્તેગોમાં રાજ્યના દીવડા બળે એ બરાબર ગણાય, પણ મારા સ્વજન સાથેની મુલાકાત વખતે તો મારે મારા ઘરની જ મીણબત્તી વાપરવી જોઈએને ?’’ કેવી ઉત્તમ નીતિમત્તા !

કિશોર ચાણક્ય જ્યારે એકવાર પોતાની માતાના ખોળામાં સૂતેલો ત્યારે માતાએ તે મહાન વિદ્વાન અને ભાગ્યશાળી થનાર હોવાના કારણમાં કહ્યું : ‘‘હું કલ્પનાથી ઉપર થઈને વાત કરું છું. તારા આ પ્રથમ મોટા દાંતમાં એક સૂક્ષ્મ ચંદ્રનું નિશાન છે. જેના દાંતમાં આવું સૂક્ષ્મ નિશાન હોય તે જ મહાવિદ્વાન થઈને સૂર્યચંદ્રની જેમ અમર બની જાય, પણ તે તેની માતાને બહુ કષ્ટરૂપ હોય છે.’’

ગળગળા સાદે માતાએ કહેલા આ શબ્દોથી કિશોર ચાણક્ય વીંધાઈ ગયો અને બહાર જઈ તેણે એ દાંત કાઢી નાંખીને માતાને આપ્યો.

એ જોઈ કમકમી ઊઠેલી માતાએ તેને આવું ગાંડપણ કરવા બદલ ઠપકો આપ્યો ત્યારે માતાની છાતીએ વળગીને કિશોર ચાણક્યે કહ્યું : ‘‘બા, તું મારી જનેતા છે. મારો ભાગ્યોદય અને અમરતા મારે મારી

માતાના પ્રેમને ભોગે નથી જોઈતાં. એ જો મને માતાને કષ્ટ દેવાથી મળતાં હોય તો મને એ કાંઈ જ નથી ખપતું. મારી માતાની આંખોના અંબરમાંથી પરમ પ્રેમ, મમતા અને સ્નેહની વર્ષા થાય છે. જેના સ્નેહમાં સુખના સાગર છલકાય છે, જેના ચરણોમાં મારું સ્વર્ગ રહેલું છે એવી જનેતાના સુખ ખાતર હું સર્વ કાંઈ તજી શકું છું, મારી મા - તેં કહ્યું છે મા, કે જેની જનેતા અસત્ય બોલે છે તેનાં સંતાન પણ અસત્ય બોલે છે. એટલે તારી જેમ હું પણ અસત્ય બોલતો નથી.''

• • •

## માદામ ભિખાઈજી કામા

ભારતનો ત્રિરંગો રાષ્ટ્રધ્વજ સર્વપ્રથમ લહેરાવનાર ક્રાંતિકાર પારસી મહિલા માદામ ભિખાઈજી કામાએ ઈ.સ. ૧૯૦૭માં ૧૮ ઑગસ્ટના રોજ જર્મનીમાં હેરસિંગરના પ્રમુખપદે ભરાયેલ દેશવિદેશના એક હજાર પ્રતિનિધિઓની સમાજવાદી પરિષદમાં હાજરી આપેલી અને રાષ્ટ્રીય ભારતીય કૉંગ્રેસનીય પહેલાં તે પરિષદમાં તેમણે ભારત માટે સંપૂર્ણ સ્વાતંત્ર્યનો આવો ઠરાવ મૂક્યો હતો અને તે પસાર થયો હતો : ''ભારતમાં અંગ્રેજ રાજ્ય શાસનનું ચાલુ રહેવું એ વિનાશક અને ભારતના સર્વોત્તમ હિત માટે ખૂબ જ હાનિકારક છે. એ ત્રસ્ત દેશમાં વસતી, સમગ્ર માનવજાતની ૧/૫ જેટલી પ્રજાને ગુલામીમાંથી મુક્ત કરવાના કાર્યમાં દુનિયાના તમામ ભાગના સ્વાતંત્ર્યપ્રેમીઓએ સહકાર આપવો જોઈએ.''

આ ઠરાવ મૂકતી વખતે તેમણે પોતાની સાડીમાંથી તૈયાર કરેલો ભારતનો રાષ્ટ્રધ્વજ સૌ પ્રથમ વાર ફરકાવ્યો હતો અને ત્યારે બધાએ 'ભારત અમર રહો' ના પોકારો પાડ્યા હતા.

તેમણે પોતાનો ઉદ્દેશ બર લાવવા 'વંદેમાતરમ્' નામનું અખબાર

પણ કાઢ્યું હતું. એટલું જ નહિ પણ પોતાનાં ઘર, ઘરની ચીજો, હૅટ તથા સાડીઓ ઉપર પણ 'વંદેમાતરમ્' શબ્દ નાગરી લિપિમાં છપાયેલો રાખતાં હતાં.

તેમણે ત્યારે હાકલ કરી હતી : ''હિંદીઓ સ્વમાન બતાવો અને કામ કરવા મંડી પડો. સભાઓ બોલાવવાના અને ઠરાવો કરવાના દિવસો હવે વહી ગયા છે. મૂંગું છતાં સંગીન કાર્ય કરો. જુલમ જહાંગીરી બરદાસ્ત કરી લેવી એ પાપ છે.'' જાણીતા ઉદ્યોગપતિ શ્રી. કે. આર. કામા સાથે તેમનાં લગ્ન થયાં હતાં. આ નારીરત્નનું ભારતમાં કોઈ જ સ્મારક નથી, પણ પેરિસના કબ્રસ્તાનમાં તેમનું જે સ્મારક છે તેના ઉપર તેમના જીવનના નિચોડરૂપ તેમનો ભાવનામંત્ર અંકિત છે - ''જુલમશાહીનો પ્રતિકાર કરવો એ ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવા બરાબર છે.''

• • •

## નેતાજી સુભાષચંદ્ર બોઝ

દેશભક્ત નેતાજી સુભાષચંદ્ર બોઝ અભ્યાસકાળમાં ઘણા તેજસ્વી હતા. નાનપણથી જ તેમનામાં દેશભક્તિનાં બીજ હતાં ત્યારથી જ તેમણે દેશસેવા કરવાનો સંકલ્પ કરેલો હતો.

એટલે એમણે આઈ.સી.એસ.ની તત્કાલીન ઉચ્ચ સનંદી પરીક્ષા વિશેષ યોગ્યતાની સાથે પસાર કર્યા બાદ જ્યારે તત્કાલીન અંગ્રેજ સરકારે તેમને ડેપ્યુટી કમિશનરની મોટા દરમાયાની ઉચ્ચ સરકારી જગ્યા આપવાની ઑફર કરી ત્યારે એમણે એ પદ નકારતાં કહ્યું : ''મેં આઈ.સી.એસ.ની પરીક્ષા ભલે ચોથા નંબરે રહી પાસ કરી, પણ એ પરીક્ષા ઉચ્ચ સરકારી નોકરી મેળવવા માટે મેં આપી ન હતી. મારો સંકલ્પ તો મારી માતૃભૂમિ ભારતમાતાની સેવા કરવાનો છે અને તે જ

હું કરવાનો છું.'' કેવી ઉત્કટ દેશભક્તિ !

• • •

## ડૉ. રાજેન્દ્રપ્રસાદ

ડૉ. રાજેન્દ્રપ્રસાદ ભારતના રાષ્ટ્રપ્રમુખ હતા ત્યારે એકવાર ૨૬ જાન્યુઆરીના પ્રજાસત્તાક દિન નિમિત્તે સરકારી કાર્યક્રમ મુજબ તેમને રાષ્ટ્રધ્વજવંદન માટે જવાનું હતું. એ દિવસોમાં એમની પાસે રહેતાં એમનાં ફોઈ ગંભીર માંદગીમાં પટકાયાં બાદ રાષ્ટ્રધ્વજવંદનના સમયની થોડી વાર પહેલાં જ અચાનક દુઃખદ નિધન પામ્યાં.

પણ નિયત સમય થયે ધ્વજવંદન માટે તેમને લેવા માટે શાહી બગી તો એમના નિવાસસ્થાને આવી ઊભી ત્યારે થોડીવાર મૂંઝવણ અનુભવ્યા પછી તેઓ દૃઢ મને અડગ નિશ્ચય કરી, બગીમાં બેસી પ્રજાસત્તાક દિનના એ કાર્યક્રમમાં ગયા અને નિયત કાર્યક્રમ પાર પાડી પાછા આવીને તેમણે શાંતિથી એમનાં ફોઈના મૃતદેહને ઉદ્વિગ્ન મને અગ્નિસંસ્કાર કર્યા. કેવી કર્તવ્યનિષ્ઠા !

• • •

## મોરારજીભાઈ દેસાઈ

ગુજરાતના વલસાડ જિલ્લાના ભદેલી ગામમાં તા. ૨૯ ફેબ્રુઆરી, ૧૮૯૬માં જન્મેલા રાજદ્વારી આગેવાન અને ભારતના માજી વડાપ્રધાન, મોરારજીભાઈ દેસાઈ ગાંધીવાદી આદર્શમાં માનતા હતા. તેઓ જ્યારે ભરૂચ ખાતે નાયબ કલેક્ટર અને મૅજિસ્ટ્રેટના હોદ્દા ઉપર હતા ત્યારે તેમને એક કેસ ચલાવવાનો આવેલો. એમાંના બે પક્ષ પૈકીના એક પક્ષે પોતાની તરફેણમાં ચુકાદો આપવા માટે તેમને મોટી રકમની ઑફર કરી હતી ત્યારે તેમણે સ્પષ્ટ ના પાડી. એ વખતે એ પક્ષના મોવડીએ કહ્યું

હતું : ''સાહેબ, તક ન ગુમાવો. આટલી મોટી રકમ આપનાર તમને કોઈ નહિ મળે. માટે તક ન ગુમાવો અને લઈ લો રકમ તથા મારું કામ કરી આપો.''

તેના જવાબમાં ત્યારે મોરારજીભાઈએ કહેલું હતું : 'ભાઈ, મને આટલી રકમ આપનાર તો તમારા જેવા ઘણા મળશે, પણ મારી જેમ ના પાડનાર તમને કોઈ નહિ મળે.''

બીજી એકવાર એક પત્રકારને તેમણે મુલાકાતમાં કહેલું : ''જીવનભર મારી એક જ મહત્ત્વાકાંક્ષા રહી છે કે હું સત્યને જાણવાનો પ્રયત્ન કરું અને તેનું આચરણ કરું. બસ, મને જીવનમાં આ જ એક કામ કરવા યોગ્ય લાગે છે. બીજું બધું તો ગૌણ અને મહત્ત્વહીન છે. હું રાજકારણમાં કોઈ ખાસ કાર્ય કરવા માટે આવ્યો ન હતો. રાજકારણમાં પડવાની મારી કોઈ નિશ્ચિત યોજના ન હતી. દેશની સેવા કરવાના ધ્યેયથી હું રાજકારણમાં આવ્યો હતો અને દેશને માટે જે કાંઈ કરવું જોઈએ તે મેં કર્યું. ગાંધીજીના સિદ્ધાંત - આદર્શો કંઈ એટલા સહેલા નથી કે જેથી દરેક વ્યક્તિ એને અમલમાં મૂકી શકે.'' તેમની આત્મકથા 'મારું જીવનવૃત્તાંત'માં તેમણે લખ્યું છે - ''ઈશ્વરના નિયમો પ્રમાણે જે થાય છે એને ટાળી શકાતું નથી, પણ એ માણસનાં કર્મો પ્રમાણે જ બને છે. અને તેથી પોતાનાં કર્મોથી એ આનંદથી ભોગવવું જોઈએ. એમાંથી છટકવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. ગમે તેવા કપરા પ્રસંગમાં પણ માણસ ઈશ્વરશ્રદ્ધા વડે શાંત અને પ્રસન્ન રહી શકે. એથી કપરા સંજોગો માણસને શક્તિ આપે છે અને એમાંથી જીવન સમૃદ્ધ બને છે. બીજાને ઉપયોગી થવાને માટે પણ વધારે પ્રેરણા મળે છે.'' આવી હતી તેમની ઈશ્વરશ્રદ્ધા. હાલ અમેરિકાની રોયેસ્ટર યુનિવર્સિટીમાં નિષ્ણાત પ્રાધ્યાપક તરીકે પંકાયેલ ડૉ. અશોક શાહે વર્ષો પૂર્વે અમેરિકા જવા માટે આર્થિક સહાય માટે તત્કાલીન નાણાપ્રધાન મોરારજીભાઈ દેસાઈને તરંગ તુક્કા

તરીકે એક પત્ર લખ્યો હતો.

પણ અચાનક જ એ તરંગી કાગળના જવાબમાં મોરારજીભાઈએ તેમને રૂપિયા પંદર હજારનો ચેક મોકલીને લખ્યું હતું : ''હું ભારતનો નાણાપ્રધાન છું. એટલે જનતાના પૈસાનો રખેવાળ છું. એ પૈસામાંથી તમને એક પણ પાઈ આપી શકું તેમ નથી, પણ મારી અંગત બચતમાંથી તમને આ પૈસા મોકલ્યા છે.''

એ સહાયથી અશોક શાહ અમેરિકા જઈ શક્યા, પણ પાછળથી વર્ષો બાદ એ કરજ પાછું વાળવા માટે એ જ્યારે મોરારજીભાઈ પાસે ગયા ત્યારે એમણે કહેલું : ''જો ભાઈ, આ પૈસા મારે પાછા નથી જોઈતા. તારા સંકટ વખતે મેં તને યથાશક્તિ મદદ કરી હતી તેવી જ રીતે તું કોઈ બીજા સંકટગ્રસ્ત યુવાનને આર્થિક મદદ કરજે, એટલે હું એમ માની લઈશ કે મને મારા પૈસા મળી ગયા છે.''

• • •

## સર પ્રભાશંકર પટ્ટણી

આઝાદી પૂર્વેના ભાવનગર રાજ્યના દીવાન સર પ્રભાશંકર પટ્ટણીના પૌત્ર મહેશનાં લગ્નપ્રસંગે એક સજ્જને એમને સ્વજનની રૂએ પત્ર લખીને પોતાની નબળી આર્થિક સ્થિતિ જણાવી રૂપિયા સોની મદદ મોકલવા વિનંતી કરી હતી. વળી, સાથે સાથે જણાવ્યું હતું : ''આપણા સંબંધના નાતે મહેશનાં લગ્નપ્રસંગે પોતે ચાંદલાના રૂપિયા પાંચ મોકલવા માંગે છે, પણ સ્થિતિ ન હોવાથી મોકલી શકતા નથી તો તે ચાંદલાના પાંચ રૂપિયા કાપીને રૂ. ૯૫/- ની મદદ તરત મોકલશો.''

પત્ર વાંચીને દીવાન પ્રભાશંકરે જવાબ લખ્યો – ''તમારી ઇચ્છા મુજબ ચાંદલાના રૂપિયા પાંચ કાપી લીધા છે, પણ મારે ત્યાં પૌત્રનાં

લગ્ન છે, તે મોટી વાત હોવાથી હું તમારા ચાંદલાથી બમણું કરી પાછું મોકલું છું. તો તે સ્વીકારી લેશો. એ દૃષ્ટિએ રૂ. ૧૦૫/- મોકલ્યા છે.''

એકવાર તેઓ ઘરમાં એમના દીકરા અનંતરાય સાથે બેસીને અગત્યનું કામ કરી રહ્યા હતા ત્યારે એક જ્ઞાતિજન તેમને મળવા આવ્યા અને તેમણે તેમનો આકરા શબ્દોમાં ઊધડો લઈ કહ્યું : ''તમે જ્ઞાતિજનોનું કંઈ જ હિત કરતા નથી.'' આવી આકરી વાતો સાંભળીનેય તેઓ શાંત રહ્યા અને જ્યારે તેમણે એમના આગમનનો હેતુ આર્થિક સહાય બાબતનો હોવાનો જાણ્યું ત્યારે તેમણે એ જ્ઞાતિજનને આર્થિક મદદ કરીને વિદાય કર્યા.

આમ અસહ્ય અપમાનનાં વેણ શાંત ચિત્તે સાંભળવાનું કારણ એમના દીકરાએ પૂછ્યું ત્યારે તેમણે કહેલું : ''આપણો માળી લંગડો લંગડો ચાલતો આવે છે અને અદબ રાખતો નથી. તેમ આવેલ આ જ્ઞાતિજન મનથી લંગડો છે અને એ અદબ રાખી શકતો નથી. એ એક પ્રકારનો રોગ છે. રોગની માવજત કરવાની હોય, એના ઉપર ક્રોધ ન થાય. એ રોગનો ચેપ આપણને ન લાગે તેની સાવચેતી રાખવાની. એવા લોકોની મુશ્કેલી દૂર કરીને જ એનો ઉપચાર કરી શકાય. કોઈ શરીરે અપંગ હોય તેમ કોઈ મનથી અપંગ હોય.''

એકવાર તેઓ રાજ્યમાં ક્યાંક તપાસ માટે કોઈકની સાથે ગયા હતા ત્યારે રસ્તામાં કોઈ પાગલ જેવા માણસે એમને બૂમ પાડીને કહ્યું : 'એય પટ્ટણી, જરા મારી સામે તો જો. હું ચીંથરેહાલ કપડાંમાં ફરું છું અને તું ઊજળાં કપડાં પહેરીને લહેર કરે છે. હું તારી પ્રજા છું. મને કંઈક આપ. તારી ફરજ છે મને સુખી કરવાની.''

એમ કહીને પેલા માણસે હાથ ધર્યો. પટ્ટણી સાહેબે એને બસો રૂપિયા આપતાં કહ્યું : ''લે ભાઈ, અત્યારે આટલા લે. વધુ જરૂર પડે તો

જણાવજે.''

પેલો માણસ એમના પગમાં પડ્યો. આ જોઈ સર પટ્ટણી સાથે હતા તે સજ્જને અચરજ પામીને પૂછ્યું : ''આવી તોછડાઈભરી રીતે બોલાવનારને તમે પૈસા કેમ આપ્યા ?''

ત્યારે જવાબમાં તેમણે કહેલું : ''મને ઘણા માનથી બોલાવે છે, પણ આ રીતે બોલાવનાર અને મારી ફરજનું ભાન કરાવનાર આજે મળ્યો. એના બોલમાં મને એના પ્રેમની ઝાંખી થઈ તેથી મેં પૈસા આપ્યા.''

બીજી એકવાર તેઓ ઇંગ્લૅંડના પ્રવાસે ગયા હતા ત્યારે તેમના ઉતારાની બારીમાંથી મધરાતે તેમણે રસ્તા ઉપર એક સ્ત્રીને કશાય ભય વગર ઝટપટ ઝટપટ પસાર થતી જોઈ. એ દૃશ્ય બતાવીને તેમણે પોતાની પત્નીને કહ્યું હતું : '' જે પ્રજાની સ્ત્રીઓ આટલી નિર્ભય હોય તે પ્રજાને કોઈ ગુલામ ન બનાવી શકે. *Britania rules the waves. Britons shall never be slaves.* ભાવાર્થ - બ્રિટન દરિયાપાર પણ હકૂમત ધરાવે છે. બ્રિટિશરો કદી ગુલામ નહિ થાય.

• • •

## સરદારપુત્રી મણિબહેન પટેલ

સરદાર વલ્લભભાઈ પટેલનાં સુપુત્રી મણિબહેનને એકવાર એમને રહેઠાણે મૂકવા માટે કાર્યક્રમના અંતે બે બહેનો ટૅક્સી કરીને ગયાં હતાં. તેમને ઘેર પહોંચાડી પાછા ફરતી વખતે ટૅક્સી ડ્રાઇવરને જ્યારે એમના નામની જાણ થઈ ત્યારે તે ડ્રાઇવર ટૅક્સીમાંથી નીચે ઊતર્યો અને મણિબહેન જે રસ્તેથી ગયાં હતાં તેની ધૂળ તેણે પોતાને માથે ચડાવી.

આવા ભક્તિભાવના કારણરૂપે તેણે પછી જણાવ્યું : ''બહેન, તમે રામાયણ વાંચ્યું છે ? તેમાં આવે છે કે હનુમાનજીએ લંકા બાળી,

પણ પૂરી બળી નહિ, કારણ કે લંકામાં એક વિભીષણ પુણ્યાત્મા હતા. અને એમના પુણ્યપ્રતાપે લંકા બચી ગઈ. આ હમણાં ગયાં તે માજીના પ્રતાપે હાલમાં હુલ્લડટાણે દિલ્હી સુરક્ષિત છે. નહિતર અહીં તો લંકાથીય બદતર થઈ ગયું છે.''

• • •

# તત્ત્વજ્ઞાન

## તત્ત્વજ્ઞાની પ્લેટો

મહાન તત્ત્વજ્ઞાની પ્લેટોની કિશોરાવસ્થામાં તેની વિરુદ્ધ તેના પાડોશીઓએ ફરિયાદ કરી હતી કે તે ઘરમાં રહેતો નથી અને બહાર રખડ્યા કરે છે અને ચોરી કરે છે. એટલે તેને ન્યાયાધીશ પાસે પકડીને લઈ જવામાં આવ્યો હતો ત્યારે તેણે ન્યાયાધીશ સમક્ષ જણાવ્યું હતું : ''બાલ્યાવસ્થામાં જ મેં માતાપિતાની છત્રછાયા ગુમાવી દીધી અને ગામડાંઓમાં સગાંસંબંધીના સહારે હું મોટો થયો છું. મને પછી લાગ્યું કે મારે મારા પગ ઉપર ઊભા રહેવું જોઈએ, કેમ કે પરાવલંબી વ્યક્તિ જીવનમાં કશું જ પ્રાપ્ત કરી શકતી નથી. એટલે હું એથેન્સ નગરમાં આવ્યો. જેથી મારો વિદ્યાભ્યાસ પણ થઈ શકે અને જીવનનિર્વાહ પણ ચાલી શકે. હું ઘરની બહાર રહું છું, પણ રખડતો નથી. હું સ્વમાનભેર મારી આજીવિકા કમાઉં છું. આખો દિવસ મારો વિદ્યાભ્યાસમાં જાય છે અને રાત્રે અનાજ દળવાની ઘંટી ફેરવવા ચાર ઠેકાણે જાઉં છું. વહેલી સવારે પાતાળ કૂવામાંથી પાણી ખેંચી શ્રીમંતોના બગીચાઓમાં પાણી પાઈને વિદ્યાભ્યાસનો ખર્ચ કાઢી મારો જીવનનિર્વાહ ચલાવું છું. આથી વિશેષ મારે કંઈ જ કહેવું નથી. મારે તો મારા જીવનમાં જ્ઞાનની જ્યોત પ્રજ્વલિત કરવી છે અને તે માટે પુરુષાર્થ કરીને રહું છું, સાહેબ.''

આમ કહી તેણે ન્યાયાધીશને નતમસ્તકે વંદન કર્યા. તેની આ નમ્રવાણી સાંભળીને ન્યાયાધીશની આંખો અશ્રુભીની થઈ અને તે બોલ્યા : ‘‘તેં તો જાતમહેનત કરી તારી જીવનવાટ અજવાળી છે, પણ તારા પાડોશીઓએ અતિ નિંદનીય કાર્ય કર્યું છે. ઊલટું, તને શિષ્યવૃત્તિ આપી તારી વિદ્યાની આરાધના માટે તું તારો બધો જ સમય વાપરે તેવી વ્યવસ્થા કરવાને બદલે તેઓ તારા ઉપર કીચડ ઉછાળે છે. તારે આ કુમળી વયે વૈતરું કરી ભણવું પડે એ સમાજનું કલંક છે અને હું પણ એ કલંકનો ભાગીદાર છું કે હું આ અંગે બેદરકાર રહ્યો. એ મારો અપરાધ છે. મારા એ અપરાધના પ્રાયશ્ચિત્ત તરીકે આજથી હું તારા વિદ્યાભ્યાસની અને જીવનનિર્વાહની બધી જ જવાબદારી ઉપાડી લઉં છું. હવે તારે તારું સમગ્ર ધ્યાન વિદ્યાભ્યાસમાં જ પરોવવાનું છે. તારા જેવા વિદ્યાર્થીઓ તો ગ્રીસનું ગૌરવ છે.’’

અને ખરેખર આખરે પ્લેટો જગતના ગૌરવરૂપ સાબિત થયા. તેમણે નવયુવાનોને જોઈને એકવાર ફરિયાદરૂપે કહેલું : ‘‘આપણા યુવાનોનું શું થવા બેઠું છે ? તેઓ પોતાના વડીલોને માન આપતા નથી. તેઓ રસ્તે અને ચૌટેચકલે તોફાન કરે છે, બળવો કરે છે, દુનિયા ઊથલાવવા નીકળ્યા છે. એમનામાં નથી વિવેક, નથી ચારિત્ર્ય. એમનું અને આપણું હવે શું થશે ?’’

• • •

## સોક્રેટિસ

એકવાર સોક્રેટિસને સુંદર વસ્તુઓની દુકાનમાં તેના શિષ્યો લઈ ગયા. સોક્રેટિસે દુકાનની વસ્તુઓ બહુ જ રસપૂર્વક જોઈ અને તેની કલાકારીગરીની પ્રશંસા પણ કરી. એક શિષ્યે તેમને પૂછ્યું : ‘‘આમાંની કોઈ સરસ ચીજ લેવાની અને તેને પોતાની પાસે રાખવાની તમને ઈચ્છા

નથી થતી ?''

જવાબમાં સોક્રેટિસે કહ્યું : ''ના, આ બધી વસ્તુઓ જોઈને મને ખૂબ આનંદ થાય છે. આપણા દેશના કલાકારો અને કારીગરો માટે મને અતિશય માન થાય છે, પરંતુ તેમાંની કોઈ ચીજની મારે જરૂર નથી. હું તેને શા માટે લઉં ? એમ તો આપણા દેશમાં દવાઓ પણ બહુ જ સારી અને ઉપયોગી બને છે, પણ મારે તેની જરૂર ન હોય તો એવી દવા મારે શા માટે ખરીદવી જોઈએ ?''

બીજા એક પ્રસંગે તેના ક્રાંતિકારી વિચારોથી તેના દેશના રાજાએ તેને મૃત્યુદંડની સજા ફરમાવી હતી. તેને ઝેર આપવા માટે જંગલમાંથી જડીબુટ્ટીઓ મંગાવવામાં આવી હતી અને તેને લસોટવાનું કામ નોકરો કરી રહ્યા હતા. સોક્રેટિસ માટે પ્રેમ અને આદર ધરાવનાર તે નોકરો તેનું જીવન લંબાય તે માટે લસોટવાનું કામ મંદ ગતિથી કરી રહ્યા હતા. એ જોઈ ખુદ સોક્રેટિસે તેમની પાસે જઈને કહ્યું : ''અરે ભાઈઓ, તમારો લસોટવાનો વેગ ઘણો મંદ અને ધીમો છે. હું તો મૃત્યુને ભેટવા તૈયાર થઈ ગયો છું. તમે નમાલા છો, પણ હું હૃષ્ટપુષ્ટ છું.એટલે, ચાલો, તમે ખસી જાવ અહીંથી, હું જ મારી જાતે એ ઘસી લઈશ.''

અને એ મહાજ્ઞાની પુરુષે પોતાની જાતે જ પોતાને પીવા માટે ઝેરનો કટોરો તૈયાર કર્યો. આમ, તે મૃત્યુને જીતી ગયો.

તેમણે કહ્યું છે કે ''ગ્રંથાલય એ પૂજા કરવાનું સ્થાન નથી, પણ નવા વિચારને જન્મ આપનાર પ્રસૂતિગૃહ છે.''

એકવાર કોઈકે તેમને માનવને માટેનું ઉત્તમ જીવનધ્યેય વિશે પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમણે કહેલું : ''મારી માન્યતા મુજબ પોતાની આવડત કેળવી પોતાની ફરજ અદા કરે તો જ ઈશ્વરના સાંનિધ્યમાં છે અને તે જ શ્રેષ્ઠ માણસ છે. તમે મને સો વાર મારો કે એકવાર મારો,

પણ હું જ્ઞાનનું તત્ત્વ અને તત્ત્વના જ્ઞાનની વાત તો કર્યા જ કરીશ, કારણ કે આત્મચિકિત્સા વિનાનું જીવન કે જ્ઞાન નિરર્થક છે.''

લોકો એમને એથેન્સ નગરની હરતીફરતી યુનિવર્સિટી કહેતા હતા.

• • •

## ડાયોજિનિસ

ફિલસૂફ ડાયોજિનિસ ઓછામાં ઓછી જીવન જરૂરિયાતોથી જીવન ચલાવતો અને માત્ર તુંબડા સિવાય તે પોતાની પાસે કશું ન રાખતો. તેણે આ રીતે બધી જ વસ્તુઓ ઉપરનું અવલંબન તજી દીધું હતું. એ મસ્ત ફકીરની જેમ મસ્તીથી પોતાનું જીવન વ્યતીત કરતા.

એક દિવસ તેણે એક કૂતરાને નદીમાં પાણી પીતાં જોયો અને તરત જ તે વિચારમાં પડી ગયા. એમને થયું આ કૂતરાને પાણી પીવા માટે તુંબડાની પણ જરૂર પડતી નથી. એની જેમ હું પણ મારા ખોબામાં લઈને પાણી પી શકું. મારે તુંબડાનું અવલંબન પણ શા માટે રાખી એના આશિયાળા બનવું જોઈએ ?

તરત જ તેણે તુંબડું ફેંકી દીધું અને તુંબડા વગર ખોબે ખોબે પાણી પીવાનું અપનાવ્યું.

એકવાર એની મસ્ત જીવનની વાત જાણી વિશ્વવિજેતા સિકંદર એને શોધતાં શોધતાં મળવા ગયો. એના જીવનથી એ ઘણો પ્રભાવિત થયો. એણે ડાયોજિનિસને કહ્યું : ''મારી પાસે કંઈક માંગો. તમે જે માંગો તે આપવા હું તૈયાર છું.''

તે વખતે ડાયોજિનિસ ઉઘાડા મેદાનમાં સૂર્યના તડકામાં લાંબા થઈને સૂતા હતા અને સૂર્યસ્નાનનો લહાવો લેતા હતા.

એણે સમ્રાટ સિકંદરની વાત સાંભળીને હસીને કહ્યું : ‘‘અરે રાજા સિકંદર, તું અત્યારે સૂર્યનો તડકો રોકીને ઊભો છે. તારી પાસે મારે કંઈ જ જોઈતું નથી, પણ તારે જો મને કશું આપવું જ હોય તો અત્યારે સહેજ ખસી જા અને સૂર્યનો તડકો આવવા દે. બસ, બીજું કશું મારે જોઈતું નથી.’’

બીજા એક પ્રસંગે એ દાળરોટી ખાઈ રહ્યા હતા ત્યારે રાજ્યાશ્રય મેળવી, ધનવાન બની ગયેલા બીજા એક વિદ્વાનમિત્ર અરિસ્ટિ પણ તેમને મળવા આવ્યા. એણે મુશ્કેલીઓ વેઠતા ડાયોજિનિસને સલાહરૂપે કહ્યું : ‘‘ભાઈ, રાજાની ખુશામત કરતા શીખી જા તો તારે દાળરોટી ખાવાની જરૂર નહિ રહે. અને અમનચમનમાં રહી શકશે.’’

પણ ખુમારીવાળા એ તત્ત્વજ્ઞાનીએ તેને જવાબમાં સંભળાવ્યું : ‘‘ભાઈ, એના કરતાં તું જ દાળરોટી ઉપર જીવતા શીખી જા તો તારે રાજાની કદમબોસી અને હાજી હાની ખુશામત કરવાની જરૂર નહિ રહે.’’

• • •

## તત્ત્વજ્ઞાની પેરિક્લિસ

પ્રસિદ્ધ તત્ત્વજ્ઞાની પેરિક્લિસને ઘેર એક દિવસ ખરા બપોરે એક તુંડમિજાજી માણસ આવ્યો અને આવતા વેંત જ કશાય કારણ વિના તેને સાંભળી ન શકાય તેવી ગંદી ગાળો દેવા માંડ્યો અને તેના ચારિત્ર્ય ઉપર ભાતભાતના આક્ષેપો કરવા માંડ્યો. થોડીવાર થયા છતાં તે ક્રોધની હદ વટાવી ગયો અને ગમે તેમ મોટે અવાજે બોલવા માંડ્યો. છેવટે બોલતાં બોલતાં તે થાકી ગયો અને તેનો અવાજ ઠરડાઈને ધીમો પડી ગયો. તેનું ગળું દુઃખી ગયું અને તેનું શરીર થાકી ગયું. સાંજ પડવા આવી ત્યારે આખરે તે તેના ઘર તરફ જવા લાગ્યો.

તે વખતે પેરિક્લિસે તેના નોકરને બોલાવીને કહ્યું : ''જોને ભાઈ, પેલો માણસ મને ખૂબ ગાળો દઈને થાકી ગયો છે. હવે અંધારું થવા આવ્યું છે તો ફાનસ લઈને એ સદ્‌ગૃહસ્થને એમને રહેઠાણે મૂકી આવ.''

પેરિક્લિસના આવા વર્તાવથી ગાળો દેનાર પેલો માણસ તો સ્તબ્ધ થઈ ગયો અને તેમના ચરણમાં નમી જઈ ગદ્‌ગદ કંઠે ક્ષમા યાચવા લાગ્યો.

• • •

## દાર્શનિક જે. કૃષ્ણમૂર્તિ

વીસમી સદીના મહાન દાર્શનિક જે. કૃષ્ણમૂર્તિ તેમનાં માબાપના અગિયાર સંતાનોમાં આઠમા સંતાન હોવાથી તેમનું સ્થાન ભગવાન શ્રીકૃષ્ણની જેમ તેમનું નામ કૃષ્ણમૂર્તિ પાડવામાં આવેલું હતું.

તેમની સાડાદસ વર્ષની વયે માતા ગુજરી ગયાં અને એ પોતે પણ સતત તાવગ્રસ્ત રહ્યા કરતા. એમની જીવવાની આશા ન હતી. એ શાળાએ જઈ શકતા ન હતા. વળી, ભણવામાં કાચા અને મંદ બુદ્ધિના હોઈ શિક્ષકોનો માર ખાતા, પણ બચપણથી જ તે અંતર્મુખ, શરમાળ, દિવાસ્વપ્નોમાં રાચનાર કલ્પનાશીલ, શૂન્યમનસ્ક, કુદરતપ્રેમી અને દયાળુ હતા.

પંદર વર્ષની વયે તેમણે 'શ્રીગુરુચરણે' નામક વિશ્વવિખ્યાત પુસ્તક લખ્યું. તેમને જગદ્‌ગુરુ બનાવવાની એની બેસન્ટની ઇચ્છા હતી, પણ તેમણે સાફ ના પાડી દીધી. અને તે માટે ઈ.સ. ૧૯૧૨માં સ્થપાયેલ 'પૂર્વના તારકસંઘ'નું વિસર્જન કરી તેને મળેલાં દાન પરત કર્યાં હતાં. તેમણે કોઈ પણ સંસ્થા, સંઘ, ગુરુ, વિચારધારા, મંત્ર, જાપ, વિધિ અને સંપ્રદાયને સત્યના શત્રુ ગણાવ્યા છે.

તેમના હસ્તસ્પર્શથી રોગ મટી જાય તેવી ચમત્કાર શક્તિ હોવા છતાં તેનો ઉપયોગ તેઓ ન કરતા, કેમ કે તેઓ માનતા હતા કે ચમત્કારને અધ્યાત્મ સાથે કોઈ જ નિસ્બત નથી. તેમને હોલિવુડની ફિલ્મ કંપનીએ બુદ્ધ ભગવાનનો અભિનય કરવા અઠવાડિયે પાંચ હજાર ડૉલર આપવાની ઑફર કરેલી, પણ તે તેમણે નકારી હતી.

તેમનો જીવનસંદેશ છે - ''તમારે જ તમારા દીપ બનવાનું છે. તમે જ તમારા મિત્ર અને શત્રુ છો. પળેપળની સતત જાગૃતિ દ્વારા મનના ભૂતકાલીન સ્તરોથી મુક્ત થઈ માનવી સુખશાંતિમય જીવન જીવી શકે છે.''

ખલિલ જિબ્રાન તેમને 'સાક્ષાત્ પ્રેમનો અવતાર' માનતા તો જ્યોર્જ બર્નાર્ડ શૉ તેમને 'સુંદર માનવી' ગણતા.

• • •

# વેપાર - ઉદ્યોગ

## ઉદ્યોગપતિ એન્ડ્રુ કાર્નેગી

મહાન ઉદ્યોગપતિ એન્ડ્રુ કાર્નેગી જ્યારે સફળતાની ટોચે પહોંચ્યા ત્યારે એમને કોઈકે એમની સફળતાનું રહસ્ય પૂછ્યું હતું. એના જવાબમાં તેમણે કહેલું - ''મારી સાથે હું મારા કરતાં વધુ શક્તિશાળી માણસોને રાખું છું. એમની શક્તિને લીધે હું સફળ થવા પામ્યો છું. વળી, મારા મૅનેજરોને હું મિત્ર માનું છું અને તેમના સાથસહકારની અવારનવાર કદર કરતો રહું છું. તેથી જ મારી કંપનીમાં કામ કરનારમાંથી ચાળીસ જણા લાખોપતિ બની શક્યા છે.''

• • •

# પુરુષાર્થી મેકડોનાલ્ડ

ધનવાન તરીકે વિશ્વમાં નામાંકિત બનેલ મેકડોનાલ્ડ વર્ષો પહેલાં ગરીબ હતો. એની પાસે સાધન સામગ્રી પણ ન હતી, પણ એ ધાર્મિક વૃત્તિનો હોવાથી એને એક સાધ્વી સાથે ઓળખાણ હતી. તે એને મળ્યો. સાધ્વીએ તેને ત્યારે કહ્યું : ''તું તારી ગરીબી અને ઉછેર-બચપણ બધું ભૂલી જા. તું તારામાં શ્રદ્ધા રાખ, ઈશ્વરમાં આસ્થા રાખ અને તું શું કરી શકે એમ છે તેનો વિચાર કર.''

આવી પ્રેરણાથી તેને લાગ્યું કે પોતાને પીઝા બનાવવાનું ફાવશે. એટલે તેણે પીઝાની દુકાન શરૂ કરી. લોકોને એના પીઝા બહુ જ ભાવ્યા અને એની દુકાને લોકોનાં ટોળાં ઊભરાવાં લાગ્યાં. ત્યારે એણે વધુ દુકાનો શરૂ કરી, છતાંય લોકો ઊભરાવા લાગ્યા ત્યારે એણે બહુ રાહ જોતાં ગ્રાહકોની દૃષ્ટિએ સમયમર્યાદા બાંધી જાહેર કર્યું કે પીઝા ખાવા આવનાર ગ્રાહકને ત્રીસ મિનિટમાં પીઝા ન મળે તો એની પાસેથી પીઝાની કિંમત નહિ લેવાય. આ રીતે તે પોતાના વ્યવસાયમાં નવીનતા લાવતો ગયો અને ધનવાન તરીકે વિશ્વમાં પ્રખ્યાત થઈ ગયો.

વર્ષો વીત્યે એને સલાહ આપનાર સાધ્વી યાદ આવી અને શોધ આદરી એ તેને મળવા ગયો. સાધ્વીએ ત્યારે તેને બોધ આપતાં કહ્યું : ''તને જન્મ આપનાર અને આગળ વધારનાર ભગવાનને ભૂલતો નહિ અને શાંત ચિત્તે કંઈ પણ કરતાં પહેલાં જાતને સવાલ પૂછજે કે હું જે કરું છું તે બરાબર અને કાયદેસર છે ? આમ કરવાથી સંબંધો ગાઢ થાય છે કે તૂટે છે ? જે હું કરું છું તે શુભ કાર્ય છે કે અશુભ ? એનાથી સમાજને લાભ છે કે ગેરલાભ ? મારા કામથી મારી પત્ની અને મારાં બાળકો રાજી થશે કે નારાજ થશે ? આવું સતત વિચારતો રહેજે. ઈશ્વર તને નવા અને સારા વિચારો આપ્યા કરશે અને તું જરૂર આગળ વધી શકશે.''

આનો અમલ કરવાથી મેકડોનાલ્ડનું જીવન યશસ્વી અને ઉજ્જ્વળ બન્યું.

• • •

## વિલિયમ કેડબરી

વિલિયમ કેડબરી એમના પિતાના પાંચમા સંતાન હતા. બસો - અઢીસો વર્ષ પહેલાંના ઇંગ્લૅંડમાં તેઓ ઈંડાં, પાંઉ, કૉફી, કોકો વગેરે વેચીને જેમતેમ કરીને ગુજરાન ચલાવતા હતા. મા આસપાસ બધાંનું કામ કરતી અને બધાંની સગવડ સાચવતી. વિલિયમને પણ નાનપણથી મહેનત કરવાની ટેવ હતી.

એકવાર તેણે દૂધમાં કોકો નાંખ્યો અને વરસતા બરફ નીચે દાટી દીધો. બીજે દિવસે તે સખત ચોકલેટ બની ગઈ. એ દૂધ મીઠું હતું અને કોકો એમાં હતો. એટલે એનો સ્વાદ સરસ લાગ્યો. એણે એને ચોકલેટ નામ આપ્યું. વિલિયમ પણ કોકો વગેરે વેચવા જતો. એના પિતાએ એના મિત્રને ત્યાં એને નોકરીમાં રખાવ્યો. એમાંથી વિલિયમને ઘણું શીખવા મળ્યું. એવામાં એની માતા થોડા પાઉંડ મૂકી અવસાન પામી.

એ પછી વિલિયમ તથા એના ભાઈએ માતા જે પાઉંડ મૂકી ગયેલી તેમાંથી એક ભંગાર કારખાનું લીધું. બંને ભાઈઓ સવારના ચાનાસ્તો કરીને જાય અને આખો દિવસ કારખાનામાં ભૂખ્યા પેટે કામ કરે અને રાત્રે મોડા ઘેર જાય. એ અરસામાં તત્કાલીન વડાપ્રધાન ગ્લેડસ્ટને કોકો ઉપરનો કર ઘણો ઓછો કર્યો. એટલે વિલિયમને કારખાનામાંથી સારો નફો થવા લાગ્યો.

એ પછી તો એનાં ઘણાં કારખાનાં થયાં. એ કેડબરી ચોકલેટ એવી બનાવતા કે અમેરિકા, ફ્રાન્સ આદિ બધા દેશોમાં એની ખપત અને

ખ્યાતિ વધી ગઈ. એટલે એણે પોતાના કામદારો માટે નવા આવાસો બનાવ્યા અને હૉસ્પિટલ પણ સ્થાપી. બાગબગીચા પણ તેણે તેમના આનંદપ્રમોદ માટે બનાવ્યા. અને સહકારી સંસ્થાઓ સ્થાપી જીવનજરૂરી ચીજો સસ્તી અને સુલભ બનાવી.

વિલિયમ ગરીબ હતો પણ તે હિંમત ન હાર્યો અને તેણે દૃઢ સંકલ્પ કરી સખત જહેમત કરી તેથી આખા જગતમાં 'કેડબરી ચોકલેટ'ના ઉત્પાદક તરીકે જાણીતો બનવા પામ્યો. નિરાશ, રાબેતા મુજબનું કામ કરી જીવન જીવનાર, કંઈક કરવાની ઈચ્છાવાળા પણ રસ્તો ન મેળવી શકે તેવા તેમ જ જહેમત અને સંકલ્પ કરી જગતને નવો માર્ગ બતાવી નવીન ચીલો પાડનાર એવા ચાર પ્રકારના માણસો જગતમાં જે છે તેમાં વિલિયમ કેડબરી ચોથા વિરલ પ્રકારના માનવોમાં સ્થાન પામે છે.

• • •

# કલા

## કલાકાર માઇકલ એન્જલો

જગપ્રસિદ્ધ કલાકાર માઈકલ એન્જલોએ એકવાર ફરતાં ફરતાં કોઈક ખ્રિસ્તી દેવળ પાસે સંચાલકોએ નકામો સમજીને નાંખી દીધેલો નકામો મોટો પથ્થર જોયો. એની કલાદૃષ્ટિને એ ઢંગધડા વિનાના પથ્થરમાં માતા મેરી અને સંતાન ઈસુની પ્રતિમા દેખાઈ. એટલે સંચાલકો પાસેથી એ પથ્થર એણે માંગી લીધો અને સંચાલકોએ ખુશીથી તે આપી દીધો.

પછી એ કલાકારે હથોડી અને છીણીની મદદથી માતા મેરી અને સંતાન ઈસુની સુંદર પ્રતિમા કંડારી, એ જોઈને લોકો ઘણા મુગ્ધ થયા

અને તેને શાબાશી આપવા લાગ્યા.

તે વખતે તેણે કહ્યું : ‘‘મેં કોઈ વિશિષ્ટ સિદ્ધિ બતાવી નથી. એ પ્રતિમાની આસપાસ પથ્થરના જે નકામા ભાગ-ટુકડા વળગેલા હતા તેને જ મેં તો હથોડી અને છીણીની મદદથી દૂર કર્યા છે. આ પ્રતિમાઓ તો તે શિલામાં હાજર હતી જ. મેં તે નથી બનાવી - મેં તો ફક્ત તેની આસપાસના પથ્થરના નકામા ટુકડા જે હતા તે દૂર કરવાનું જ કામ કર્યું છે.’’ એ પથ્થરે મને કહેલું : ‘‘કોઈ મારી સામે જોતુંય નથી. મને તું લઈ જા અને મારી અંદર રહેલાં માતા મેરી અને મહાન શિશુને પ્રગટ કર. એ સાંભળીને મેં તો એની ઇચ્છા અને સૂચના મુજબ કામ જ કર્યું છે.’’ કેવી આર્ષ દૃષ્ટિ અને નમ્રતા !

કોઈકે તેમને એકવાર પૂછ્યું : ‘‘તમે એકાંત જીવન કેમ પસંદ કરો છો ?’’

એના જવાબમાં તેમણે કહેલું : ‘‘કલા કે ઉત્તમ કલા એ દ્વેષીલી પ્રિયતમા છે. તે મનુષ્ય પાસે અનન્ય - એકનિષ્ઠ પ્રેમની સતત, ક્ષણે ક્ષણની અપેક્ષા રાખે છે. કલાકાર બનવું હોય કે કલાની ઉપાસના કરવી હોય તેવાએ એકાંતમાં સરી જવું પડે છે. નિષ્ઠાથી લક્ષ્યને પ્રાપ્ત કરવા મંડી પડનારને છેવટે સફળતા આપમેળે જ મળી જાય છે. લક્ષ્યપ્રાપ્તિ એકાગ્રતા અને એકાંત માંગે છે.’’

• • •

## પંડિત ઓમકારનાથ ઠાકુર

ગુજરાતના ગૌરવરૂપ વિશ્વવિખ્યાત સંગીતકાર સંગીતમાર્તંડ પંડિત ઓમકારનાથ ઠાકુર શિસ્ત અને નિયમપાલનના ખૂબ આગ્રહી હતા.

તેઓ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં સંગીત વિભાગના વડા

હતા ત્યારે તેમનો નિયમ હતો કે એમના સંગીત મહાવિદ્યાલયમાંના મોટા પ્રાર્થનાભવનમાં સામૂહિક પ્રાર્થના બરાબર છ વાગ્યે કરવી અને ત્યારે પોતે હાજર રહેવું. એકવાર કોઈ કારણસર તેઓ બહાર ગયા હતા અને ત્યાંથી પાછા ફર્યા ત્યારે ઘડિયાળમાં છ વાગવામાં ૨-૩ મિનિટ જ બાકી હતી. એટલે તેઓ તરત જ ગાડીમાંથી ઊતરીને પ્રાર્થના ભવનમાં પહોંચી ગયા અને મંચ ઉપર ઝડપથી જઈ પહોંચ્યા. એવામાં પ્રાર્થનાની ઘંટડી વાગી અને તરત જ તેમણે પ્રાર્થનાની શરૂઆતનો 'સા' ધ્વનિ આલાપ્યો.

એકવાર તેમના ગુરુવર્ય પંડિત વિષ્ણુદિગંબરની જયંતી નિમિત્તે કોઈ દબદબાપૂર્વકનો કાર્યક્રમ તેમણે યોજ્યો હતો. એ માટે અતિથિવિશેષ તરીકે કોઈ મહાનુભાવને નિમંત્રણ પણ આપેલું. એ વખતે કાર્યક્રમનો નિયત સમય થવા છતાં એ મહાનુભાવ ન આવ્યાથી લોકો મૂંઝાઈ રહ્યા હતા, પણ તેમણે તો નિયમિત રીતે સમય થયે કાર્યક્રમ અતિથિવિશેષની ગેરહાજરીમાં શરૂ કરી દીધો. એ પછી થોડા સમય બાદ એ મહાનુભાવ આવ્યા ત્યારે ચાલુ થયેલ સમારંભનો પહેલો કાર્યક્રમ પૂરો થયા પછી જ એમને હૉલમાં પ્રવેશ અપાયો.

એવી જ રીતે તેઓ સુરતમાં હતા ત્યારે એકવાર અનાવૃષ્ટિની આફતટાણે મેઘરાજાને રીઝવવા સુરતના કિલ્લાના મેદાનમાં 'સ્વરયજ્ઞ' યોજ્યો હતો. એ સમયસર શરૂ થવાની તૈયારી હતી અને પંડિત ઓમકારનાથજી એમના આસન ઉપર બિરાજી ગયા હતા.

એવામાં કોઈ કાર્યકરે આવીને કહ્યું : ''કલેકટર સાહેબ, અહીં હાજર રહેવાના છે. હજી આવ્યા નથી તો આપણે થોડી રાહ જોઈએ.''

એ વખતે પોતાની નારાજી દર્શાવી અને સિંહગર્જના કરતા હોય તેમ જાહેર કર્યું . ''આજે હું કલેકટર સાહેબને સાંભળવા નથી આવ્યો,

પણ કલેકટર સાહેબ મને સાંભળવા આવે છે. એટલે તે જો સમયસર ન આવી શકે તો તેમને માટે આ કાર્યક્રમ થોભાવી ન શકાય.''

• • •

## ફિલ્મદિગ્દર્શક મહેબૂબખાન

જૂના વડોદરાના દેશીરાજ્યના સરાર ગામમાં જન્મેલ પ્રખ્યાત ફિલ્મદિગ્દર્શક પદ્મશ્રી મહેબૂબખાન વ્યવસ્થિત રીતે શાળા કૉલેજમાં શિક્ષણ લઈ શક્યા ન હતા. ૨૦-૨૨ વર્ષની વયે માત્ર ત્રણ રૂપિયા લઈને તે મુંબઈમાં ફિલ્મમાં કામ કરવા ગયેલા. નાની વયે અતિ કઠોર પરિશ્રમ અને સંઘર્ષ કરીને એ ટોચ ઉપર પહોંચ્યા હતા. સામ્યવાદી વિચારસરણી તરફ ઢળેલા તેમણે પોતાના મહેબૂબ પ્રોડક્ષનની મુદ્રારૂપે દાતરડા-હથોડાનું પ્રતીક અપનાવ્યું હતું. એમના ભવ્ય મહેબૂબ સ્ટુડિયોમાં પ્રવેશદ્વાર પાસે તકતીમાં સૂત્ર રૂપે લખાયું છે કે

**લા ઈલાહા ઈલ્લલા હુ મહંમદ ન રસૂલ ઈલાહી**

ભાવાર્થ - આ જગતમાં અલ્લા સિવાય બીજું કોઈ નથી.

એમણે તૈયાર કરેલ તમામ બોલપટોમાં પ્રારંભમાં એમના જીવનમંત્ર શી પંક્તિઓ આવતી -

**મુદ્દઈ લાખ બૂરા ચાહે તો ક્યા હોતા હૈ,**
**વોહી હોતા હૈ જો મંઝૂરે ખુદા હોતા હૈ.**

ભાવાર્થ - ''ગમે તેટલું કોઈ બૂરું ઇચ્છે છતાં જે ખુદાને મંજૂર હોય અને એણે જે ઇચ્છેલું હોય તે જ થાય છે. અન્ય કંઈ નહિ.''

એમણે ઈ.સ. ૧૯૪૦માં 'ઓરત' નામનું પહેલું બોલપટ, ૧૯૪૬માં 'અનમોલ ઘડી', ૧૯૫૪માં 'મધર ઇંડિયા', પછી 'અંદાઝ'

અને 'આન', જેવા 'અ' થી શરૂ થતાં નામવાળાં બોલપટો તૈયાર કર્યાં હતાં. એ પૈકી 'આન' બોલપટ તો લંડનમાં અંગ્રેજી બોલપટોનો વિક્રમ તોડીને લાંબો વખત 'રિઆલ્સ' થિયેટરમાં ચાલ્યું હતું.

• • •

## લતા મંગેશકર

જાણીતા કોકિલકંઠી સ્વરકિન્નરી પાર્શ્વગાયિકા લતા મંગેશકર ઈ.સ. ૧૯૭૪ના અરસામાં લંડન ખાતે કાર્યક્રમ આપવા ગયાં હતાં. એ વખતે પત્રકારો તેમને મળવા આવ્યા અને મુલાકાત સવારના સમયે આપવાની વિનંતી કરી.

ત્યારે જવાબમાં તેમણે સવારે પ્રાર્થનામાં પોતે રોકાયેલાં હોવાથી મુલાકાત માટે ના પાડી. એ વખતે પત્રકારોએ પૂછ્યું : ''સવારે ત્રણ કલાક પ્રાર્થનામાં રોકાયેલાં રહો છો શું ?''

પ્રત્યુત્તરરૂપે લતા મંગેશકરે કહ્યું : ''મેરા રિયાજ હી મેરી ઈબાદત હૈ.'' એટલે કે મારી સંગીતગાનની પ્રૅક્ટિસ એ જ મારી પ્રાર્થના છે. તેમની સફળતા અને સિદ્ધિ પાછળનું રહસ્ય તે આ જ.

તેમના પિતા શ્રી દીનાનાથ મરાઠી રંગમંચના સૌથી વધુ લોકપ્રિય ગાયક હતા અને એ બાળકી લતાને ગોદમાં રાખીને ગાયા કરતા હોવાથી નાનપણથી જ સંગીતના સંસ્કાર અને વાતાવરણ એમને મળ્યાં હતાં. પિતાના નિધન પછી તેમની પંદર વર્ષની વયે કુટુંબના ભરણપોષણનો ભાર તેમને માથે આવી પડતાં ઘણો જીવનસંઘર્ષ વેઠી તેમણે આજની ઉચ્ચ સિદ્ધિ મેળવી હતી. આમ છતાં તે કહે છે - ''મારાં ગીતો સાંભળતી વખતે મને બહુ મઝા નથી આવતી. કદાચ એ કારણ હશે કે હું પોતે મારી કડક ટીકાકાર બનીને સાંભળતી હોઈશ, કોઈ ગીત

સાંભળતી વખતે મને લાગે છે કે હવે આ અંતરામાં મેં પેલી ભૂલ કરી હતી. એ આવશે, એટલે જ રેડિયો-ટી.વી. ઉપર મારું ગીત આવતું હોય તો એકલી હોઉં તો હું બંધ કરી દઉં અને બીજું કોઈ હોય તો મોટેમોટેથી વાતો કરવાનું શરૂ કરી દઉં.''

• • •

## ગઝલગાયક જગજિતસિંહ

સુપ્રસિદ્ધ ગઝલગાયક જગજિતસિંહના પિતાની ઇચ્છા તેમને *I.A.S.* બનાવવાની હતી, પણ એ તો થઈ ગયા સંગીતના ઉસ્તાદ. એમણે સેનિયા ઘરાણાના ઉસ્તાદ જમાલખાન પાસે સંગીતની તાલીમ લીધેલી.

તેઓ માને છે - ''સફળતાની પહેલી શરત છે કે જે કામ તમે શરૂ કર્યું છે તે તમને આવડે છે કે નહિ અને તેમાં તમે તાલીમ લીધી છે કે નહિ. પછી તેમાં સતત કઠોર પરિશ્રમ હોય તો સફળતા મળે જ મળે. કદાચ સફળતાનું પ્રમાણ ઓછુંવત્તું હોય, સંગીતમાં ઉચ્ચ કક્ષા જાળવી રાખવા માટે સતત જહેમત અને લગની તથા આત્મનિરીક્ષણની જરૂર છે. શ્રોતાઓને વારંવાર ઠગી ન શકાય. સંગીતથી મોટી ચીજ કોઈ બીજી નથી. તે પૂજા છે, ધ્યાન છે, વિચાર છે અને બેત્રણ કલાક એમાં લીન થાવ તો ધન્ય થઈ જાવ. એનો રિયાજ ઘડિયાળ જોઈને નથી થઈ શકતો. સંગીત એ તો મૂડનો વિષય છે. હું તો હજુ સંગીતનો વિદ્યાર્થી છું.''

• • •

## ભજનગાયક અનુપ જલોટા

સુપ્રસિદ્ધ ભજનગાયક શ્રી અનુપ જલોટાએ પોતાની સાત વર્ષની વયે સંગીતની તાલીમ લેવા માંડેલી. અને એમના પિતાનું અનુમાન હતું

કે સંગીત તથા ગાયનની દુનિયામાં પુત્ર અનુપ સારી ખ્યાતિ મેળવી પોતાનું નામ 'અનુપ' સાર્થક કરશે અને એમ જ બનવા પામ્યું. એમણે દેશવિદેશમાં ઠેરઠેર ભજનસંગીતનો ડંકો વગાડી અપૂર્વ સિદ્ધિની સાથે અનેક ચંદ્રકો મેળવ્યાં છે.

તેઓ કહે છે - ''ભજનો સદીઓથી આપણે ત્યાં અસ્તિત્વ ધરાવે છે અને ભાવિમાંય રહેશે. એની ચડતીપડતી જેવું હોતું નથી. ભજન પ્રત્યે જ મારું જીવન અર્પિત થયેલું છે. મને કોઈ વાતનો અફસોસ નથી. ક્યારેક એવું લાગે છે કે જીવન કેટલું ટૂંકું છે અને કામ કેટલાં બધાં છે ! સમયનો જ અભાવ સાલે છે. ભજનની સ્થિતિ 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી છે. ભજન તો જીવનનું અંગ છે. બાળકનાં જન્મ, ઉપનયન અને લગ્ન વખતે અને છેલ્લે અંતિમ યાત્રાટાણે ભજન ગવાતાં હોય છે. આમ, ભજન સનાતન છે. અમેરિકા તથા ઇંગ્લૅંડ જેવા વિદેશોમાંય ભજન સાંભળીને તેમાં રસતરબોળ થતાં શ્રોતાઓ નજરે પડે છે.''

• • •

## શિલ્પી કાંતિભાઈ પટેલ

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર ગુજરાતના જાણીતા શિલ્પી શ્રી કાંતિભાઈ પટેલને એકવાર એક સંસ્થા તરફથી સરદાર વલ્લભભાઈની સો જેટલી પ્રતિમાઓ બનાવવાનું કામ મળેલું હતું. એ નક્કી થયા બાદ થોડા દિવસે એ સંસ્થાના એક હોદ્દેદાર એમને ઘેર મળવા આવ્યા અને કહ્યું : ''આ કામમાં મારું પણ કમિશન રાખજો.''

એ સાંભળીને એ ગાંધવાદી શિલ્પી ચોંકી ગયા અને તેમણે સ્પષ્ટ સંભળાવી દીધું : ''તમારે કમિશન ખાઈને કેટલા ગુના કરવા છે ? જે નેતાએ દેશને ખાતર સર્વસ્વનો ત્યાગ કર્યો અને ભોગ આપ્યો એના સ્મારકની આવી કદર કરવી છે ? ચાલ્યા જાવ અહીંથી.''

એ અજોડ શિલ્પી માને છે - ''કલાકાર તો પેદા થાય છે. એને ટપલાં મારીને ઘડવાની જરૂર નથી હોતી.''

• • •

# ખેલકૂદ

## રમતવીર રો

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર ફૂટબૉલ ખેલાડી રૉએ એકવાર એક પત્રકાર સમક્ષ સફળતાના રહસ્યની બાબતમાં જણાવ્યું હતું : ''સફળ થઈશું જ એવો દૃઢ વિશ્વાસ રાખવો જોઈએ. આ જ સફળતાનું રહસ્ય છે અને તે માત્ર ફૂટબૉલની રમત માટે જ સાચી વાત નથી, પણ ઉદ્યોગ, વ્યવસાય, શિક્ષણ, નોકરી કે બીજી કોઈ પણ બાબતમાં રહસ્યની આ ચાવી કામ આવી શકે છે. અને માનો કે કદાચ પહેલા પ્રયત્ને નિષ્ફળ જવાય તો બીજીવાર પ્રયત્ન કરવો જોઈએ. એક કે બે પ્રયત્નમાં જ કંઈ જિંદગી પૂરી ના થાય. એટલે હતાશ ના બનવું જોઈએ.''

• • •

## ખેલાડી ટૉમ ડેમ્પસ

ટૉમ ડેમ્પસ નામનો ફૂટબૉલનો પ્રખ્યાત ખેલાડી ફૂટબૉલની અનેક રમતો રમ્યો હતો અને તેણે ફૂટબૉલ જે હાથથી પકડાય તે જમણા હાથની આંગળીઓ ન હોવા છતાં ૬૩ ગોલ કરી અદ્‌ભુત સિદ્ધિ હાંસલ કરી હતી. વળી, તેનો એક પગ પણ અડધો હતો. અને તેથી તેણે પગ માટે ખાસ પ્રકારનો બૂટ બનાવડાવ્યો હતો. એ બૂટની ઉપયોગિતા ઓછી હતી, કેમ કે તે તો એની હિંમતથી રમતો હતો.

ન્યુ ઑરલેનમાં એકવાર રમત રમાતી હતી અને રમત પૂરી

થવાને બે મિનિટ જ બાકી હતી ત્યારે તેણે ટીમને કહ્યું : ''મને તક લેવા દો. જુઓ, હું બંને ગોલ કરીશ.'' અને ખરેખર, એણે તક લઈને બે ગોલ કર્યાં ત્યારે ત્યાં હાજર રહેલા એક પત્રકારે તેને પૂછ્યું : ''તમે અપંગ હોવા છતાં આ શ્રેષ્ઠ ગોલ કરીને ટીમને જીત અપાવ્યાથી તમને કેવી લાગણી થાય છે ?''

જવાબમાં ટૉમે કહ્યું : ''તમે શું કહ્યું ? તમે કયા શબ્દનો ઉપયોગ કર્યો ? ભાઈ, હું તો એ શબ્દથી અજાણ્યો છું. હું 'અપંગ' નથી - હું ફક્ત 'હું' છું. મજબૂત માણસો વિપરીત સંજોગોને ઘોળીને પી જાય છે. જીવનમાં ફક્ત સુખ મળતું નથી. કોઈને ફક્ત દુઃખ પણ મળતું નથી. જીવન તો સુખદુઃખનો સરવાળો છે.''

• • •

હું જ્યારે શ્વેત વસ્ત્રમાં લપેટાઈ
શાંતિથી પોઢેલ હોઉં ત્યારે રડતા નહીં
મને એ રીતે વિદાય ન આપતા
મારી અંતિમ યાત્રાએ જવા
હું શાંતિથી પોઢેલ હોઉં ત્યારે અશ્રુભીના ફૂલના હાર
મારા પર મૂકશો નહીં.
પ્રાર્થનામાં જોડાશો. મારા આત્માની શાંતિ અર્થે મને એની જરૂર છે.
તમે હાથ જોડી ઈશ્વરનો આભાર માનશો એમણે દાખવેલ દયા અર્થે
એ જ મને ગમશે.
તમને આનંદ થવો જોઈએ કે તમે જેને ચાહતા હતા
તે અંતે દુઃખ મુક્ત થયું.
દરેક હૈયાને એનું દુઃખ છે.
પણ તમે જો હિંમત ગુમાવશો તો બધું વૃથા નીવડશે.
આપણે સૌને ભોગવવાનું છે.
જેમ ધરતીને તડકો અને વર્ષાની જરૂર છે,
તેમ આપણા આત્માને સુખ, દુઃખ અને
વેદનાની જરૂર છે.
મારાં અસ્થિફૂલ વહી જશે નદીના વહેણમાં
અને તમે ઊંચે જોશો તો મેં વહાવેલાં આંસુથી
બંધાયેલું મેઘધનુ.

- રવીન્દ્રનાથ ટાગોર